Execution, *s.* બજાવવું, દેહાંત દંડ,વધ;ગળું કાપવું.
Executer, *s.* વકીલ, વસીઅતનામું બજાવનાર.
Exemplar, *s.* નમુનો, દાખલો. [ઉદાહરણ ભુત.
Exemplary, *a.* નકલ કરવા લાયક, ઉત્તમ, શ્રેષ્ઠ.
Exemplify, *v.* ઉદાહરણ–દાખલો આપવો.
Exempt, *v.* માફી આપવી, છુટકો કરવો. –ed, *a.*
Exemption, *s.* છુટકો, માફી, મુક્તિ. [મોકળું,છુટું,
Exequies, *s.* ક્રિયા, ઉત્તર કાર્ય.
Exercise, *s.* અભ્યાસ, કસરત, વહિવટ ચલાવવો; મે-
હેનત, પરિશ્રમ. 2 *v.* કામે લગાડવું, કસરત કરવી.
Exert, *v.* શ્રમ–મેહેનત કરવી; કામે લગાડવું.
Exertion, *s.* શ્રમ, પ્રયત્ન, આયાસ.
Exhalation, *s.* બાફ, બોખાર.
Exhale, *v.* શ્વાસ બાહાર કાઢવો.

Exhaust, *v.* ખાલી કરવું, ખપાવી નાખવું, થકવવું.
Exhibit,*v.*દેખાડવું,2*s.*દસ્તાવેજ. [-ed,*a.*થાકી ગયેલું.
Exhibition, *s.* પ્રદર્શન, ખેલ, મોજ; પ્રયોગ;અખ્તરો.
Exhilarate, *v.* ખુશ-આનંદી કરવું.
Exhilaration, *s.* આનંદ, ઉલ્લાસ,ઉત્સાહ; ખુશાલી.
Exhort, *v.* પ્રેરણા કરવી, બોધ કરવો.-ation, *s.* ઉપદેશ, બોધ; પ્રેરણા.
Exigency, *s.* ગરજ, તંગી; અડચણ, વિપત્તિ, કષ્ટ.
Exile, *v.* દેશ નિકાળ-તડીપાર કરવું. 2 *s.* દેશનિ-[કાલ, તડીપાર.
Exist, *v.* હોવું, થવું, જીવવું.
Existence, *s.* અસ્તિત્વ, સ્થિતિ, વિદ્યમાનતા, ટકાવ,
Existent, *a.* વિદ્યમાન, હયાત, મોજુદ.
Exit, *v.* જવું. 2 *s.* મરણ, મૃત્યુ.
Exonerate, *v.* નિર્દોષ ઠરાવવું.
Exorable, *a.* જેને દયા આવે તેવું.
Exorbitant, *a.* અતિશય; ભારે કિંમતનું.
Exorcise,*v.*ભૂતકાઢવું.Exorcist,*s.*ભૂત-પિશાચકાઢનાર.
Exordium, *s.*દિબાચો,પ્રસ્તાવના.Exotic,*a.*પરદેશનું.
Expand, *v.* ફેલાવવું, વિસ્તારવું; ફાલવું.
Expanse, *s.* ફેલાવ, સપાટી.
Expansion,*s.* ફેલાવો, વિસ્તાર; ફાલવું,ખિલવું,વિકાસ.
Exparte, *s.* એકપક્ષી, એકતર્ફી.

Expatiate, *v.* વિસ્તારીને લખવું.
Expect, *v.* ઉમેદ રાખવી, ધારવું, વાટ જોવી.
Expectant, *a.* રાહ જોતું.
Expectation, *s.* ઉમેદ, આશા,અપેક્ષા;સંભવ,સુમાર.
Expediency, *s.* ઉપયોગ, યુક્તિ, ઈલાજ, ખપ.
Expedient, *s.* ઉપાય, યુક્તિ, તોડ. 2 *a.* ઉપયોગી,
Expedite, *v.* ઉતાવળ-ઝડપ કરવી. [ઉચિત, લાયક.
Expedition, *s.* ઉતાવળ, ત્વરા; ફોજ,સ્વારી, ચઢાઈ.
Expeditious, *a.* ઉતાવળું, જલદીનું.
Expel, *v.* કાઢી મુકવું, દૂર કરવું.
Expend,*v.*ખરચવું,વાપરવું; ખપાવવું.–ed,*a.*ખરચેલું.
Expenditure, expense, *s.* ખરચ, વ્યય.
Expensive, *a.* મોંઘું, ખરચાળ.
Experience, *s.* અનુભવ, માહીતગારી, અજમાશ. 2 *v.*ઘડાવવું,વેઠવું.-d,*a.*અનુભવવાળો,કસાયેલો,ઘડાયેલો.
Experiment, *s.* પ્રયોગ, અજમાશ, તપાસ, પરીક્ષા.
Experimental, *a.* અનુભવિક.[થોટી,ચાલાકી,કુશલતા.
Expert, *a.* કુશળ, હોંશિયાર, ચાલાક.–ness, *s.* હુ-
Expiate, *v.* પ્રાયશ્ચિત કરવો. Expiation, *s.* પાપ-
Expiatory, *a.* પ્રાયશ્ચિતરૂપ. [નિવારણ.
Expiration, *s.* શ્વાસોશ્વાસ, મરણ, મૃત્યુ.
Expire, *v.*શ્વાસ છોડવો;મરવું;મુદ્દત પુરી થવી,વટીજવું.

Explain, *v.* ટીકા કરવી, સમજાવવું.
Explanation, *s.* ટીકા, વ્યાખ્યા.
Explanatory, *a.* સમજણ આપનારૂં.
Expletive, *a.* પાદપૂરક શબ્દ. [રીતે, સ્પષ્ટ રીતે.
Explicit, *a.* ઉઘાડું, ખુલ્લું, સ્પષ્ટ.-ly, *ad.* ખુલ્લી
Explode, *v.* ઉરાડી મુકવું; અવાજ-બાર કરવો.
Exploit, *s.* પરાક્રમ, કૌતુક.
Explode, *v.* શોધવું, ગોતવું, તપાસ કરવી.
Explosion, *s.* ભડાકો, બાર.
Exponent, *s.* ઘાત પ્રકાશ. [વર ખાતે મોકલવું.
Export, *v.* પરદેશ મોકલવાની નિકાશ. 2 *v.* દેશા-
Expose, *v.* દોષ જાહેર કરવા; ખુલ્લું કરવું; ફજેતી
Exposition, *s.* ટીકા, વાખ્યા, વર્ણન. [કરવી, હુરમત કરવી.
Exposition, *s.* ટીકા, વ્યાખ્યારૂપ ગ્રંથ.
Expostulate, *v.* સમજાવવું; ઠપકો દેવો.
Expostulation, *s.* પ્રત્યાદેશ; ઠપકો. [હેર પાડવા.
Exposure, exposing, *s.* ફજેતી, બેહુરમત, દોષ જા-
Expound, *v.* અર્થ સમજાવવો, બ્યાન કરવું, વિવરણ કરવું.
Express, *s.* ખેપીયો, પેગામ, દૂત, કાસદ. 2 *v.* બો-
લવું, કેહેવું; નિચોવવું, પીળવું, ખુલ્લું કરવું.
Expression, *s.* ઉચ્ચાર, પીલી કાઢવું; શબ્દ, વાક્ય,
પ્રયોગ, બોલવાની ઘાટી; પાણી, નુર; કંઠ, સુર.

Expressive, *a.* સૂચક, વાચક.
Expressly, *ad.* સ્પષ્ટ-સાફ રીતે, ખસૂસ.
Expulsion, *s.* કાઢી મુકવું.
Expunge, *v.* રદ્દ કરવું, છેકી નાખવું.
Exquisite, *a.* સુંદર, ઉત્તમ;બારીક,નાજુક.-ly, *ad.* નાજુકાઈથી, સૂક્ષ્મ રીતે.
Extant, *a.* ચાલતું, જીવતું, પ્રસિદ્ધ, વિદ્યમાન.
Extemporaneous, Extemporary, *a.* સમયસૂચક, કલ્પિત, પ્રસંગે સુઝેલું.
Extempore, *ad.* ઓચિંતુ, તરતનું, શીઘ્ર.
Extend, *v.* લંબાવવું, વધારવું, વિસ્તારવું;લાંબુ થવું, ફેલાવો થવો; પોંહોચવું, જવું, ચાલવું.
Extension, *s.* લંબાણ; પ્રસાર, ફેલાવો, વિસ્તાર.
Extensive, *s.* વિશાળ, વીસ્તીર્ણ.
Extent, *s.* મર્યાદા; સીમા, અવધિ; વિસ્તાર,લંબાઈ.
Extenuate, *v.* કમી-ઓછુ કરવું.
Exterior, *a.* બાહારનું, પારકું.
Exterminate, *v.* નિકંદન કરવું.
Extenuation, *s.*નિકંદન,સંહાર.[બાહારની બાજુએ.
External, *a.* જાહેર, પ્રગટ, બાહ્ય.-ly,*ad.* બાહારથી,
Extinct, *a.* નાબુદ, ફના; નષ્ટ, ક્ષીણ.
Extinction, *s.* નાશ, લોપ.

Extinguish, *v.* બુજવવું, હોલવવું,શાંત પાડવું.–er,
Extirpate,*v.*નિર્મૂળ–નિકંદન કરવું. [*s.*દીવો બુજવનાર.
Extol, *v.* વખાણવું, પ્રશંસા કરવી.
Extort, *v.* જુલમથી લેવું, પરાણે કઢાવવું.
Extortion, *s.* બળાત્કાર, જુલમ.
Extortioner, *s.* જુલમગાર, જુલમી.
Extra, *s.* સવાઈ, પરચુરણ, બીજો.
Extract, *v.* ઉતારો; અર્ક.2 *v.* ઉતારો કરવો,કાઢી લેવું.
Extraction, *s.* કાઢવું; વંશ, ઓલાદ.
Extraneous, *a.* બાહ્ય, બાહારનું.
Fxtraordinary, *a.* વિલક્ષણ, ચમત્કારિક, અલૌકિક,
Extravagance, *s.* અનર્થ, અનીતિ,અમર્યાદ.[અજબ.
Extravagant, *s.* અતિ, ઉડાઉ.
Extreme, *s.* છેડો, અણી, ટોચ, અગ્ર. 2 *a.* છેલ્લું,
છેવટનું; પુષ્કળ, અતિશય.–ly, *ad.* અતિશય, પુષ્કળ,
Extremity, *s.*છેડો, આખર, પરાકાષ્ઠા. [ઘણુંજ.
Extricate, *v.* છોડવવું, તારવું. બચાવવું, ઉદ્ધારક-
Extrication,*s.*છુટકો,ઉદ્ધાર,તારણ.[રવો;બાહારકાઢવું.
Extrinsic, *a.* બાહ્ય, જાહેર. [ળપણું, વિપુલતા.
Exuberance, *s.* અતિશય, રેલછેલ; ભર, ફાળ; પુષ્ક-
Exuberant, *a.*પુષ્કળ,વિપુલ,બહુ,આબાદ,ખીલી રહેલું.
Exult, *v.* ખુશ થવું, અત્યાનંદ પામવું,પ્રફુલ્લિત થવું.

Exultation, s. ઉમંગ, ઉલ્લાસ, ખુશાલી, અતિહર્ષ.
Eye, s. આંખ, નયન, નેત્ર, નજર, દૃષ્ટિ; વિચાર, ખ્યાલ, ધ્યાન; દેખાવ, આકાર; તપાસ, ચોકસાઈ, નાકું, છેદ, વિંધ, બોરિયું. 2 v. ચોકસાઈથી જોવું, નજર રાખવી.–ball, s. આંખનો ડોળો.–brow, s. ભમર, ભવું.–d, a. આંખવાળું, નાકાવાળું.–flap, s. ઘોડાની આંખપર બાંધવાની અંધારી.–glass, s. ચશ્મા,–lash, s. પાંપણ.–let, s. નાકું, વેહ, છેદ.–lid, s. પોપચું. –salve, s. અંજન.–service, s. ધણીની નજર આગળ કરેલી ચાકરી.–sight, s. નજર, દૃષ્ટિ, આંખનું તેજ.–sore, s. નેત્ર કંટક.–tooth, s. સૂળ, કોટો. –wink, s. આંખનો ઈસારો.–witness, s. પ્રત્યક્ષ સાક્ષી.

F.

Fable, s. દંતકથા; વાર્તા; ખોટી વાત. 2 v. વાત ગોઠવવી.
Fabric, s. ઈમારત, બાંધણી, રચના; કારીગરી; વણેલું કપડું.
Fabricate, v. રચવું, જોડી કાઢવું.
Fabrication, s. બનાવટ, તરકટ.
Fabulist, s. કલ્પિત વાત બનાવનાર.
Fabulous, a. કલ્પિત.
Face, s. ચેહેરો, મોહોડું; દેખાવ, દેદાર; આગલો ભાગ. 2 v. સામે થવું, મોહોડું મરડવું, ચાળા કરવા.–to face, ad. સામાસામી.

Facet, *s.* ગેલ, હીરાના પાસા.
Facetious, *a.* ટિખળી, ઠઠ્ઠાબાજ.
Facile, *a.* નિશ્ચિંત, સરળ, નરમ.
Facilitate, *v.* સેહેલું કરવું.
Facility, *s.* સેહેલાઈ, ચાલાકી, હથોટી.
Facing, *s.* કોર, કિનાર. 2 *a.* સામું.
Fact, *s.* બનેલી વાત, ખરી બિના, સત્યતા. In fact,
Faction, *s.* ટોળી, પક્ષ, ખંડ, બખેડો. [*ad.* ખરેખર.
Factious, *a.* ફિતુરી, ખંડખોર.
Factitious, *a.* કલ્પિત, કૃત્રિમ. Factor, *s.* કારભારી, ગુ-
Factory, *s.* કારખાનું, કોઠી. Factotum, *s.* ચાકર. [માસ્તો.
Faculty, *s.* શક્તિ, બળ, મનશક્તિ; યોગ્યતા; વિદ્વા-
નોની ટોળી. [*a.* કરમાયેલું.
Fade, *v.* કરમાઈ જવું, ખરી પડવું; ફિકું પડવું.–d,
Fagot, *s.* બળતણ. 2 *v.* ભારી બાંધવી, ઝુંડી બાંધવી.
Fail, *v.* તજવું, છોડી દેવું, વિસરી જવું; દેવાળુ કાઢવું;
Failing, *s.* ચૂક, અપરાધ, કસુર; નુકસાન. [નિષ્ફળ થવું.
Failure, *s.* દેવાળુ, નુકશાન.
Fain, *ad.* ખુશીથી, આનંદથી.
Faint, *a.* બેશુદ્ધ, બેભાન; મંદ, કમજોર. 2 *v.* મૂર્છા
Fainting, *s.* ફેર, મુર્છા. [આવવી.
Faintly, *ad.* મંદ રીતે, બેભાનથી.

Fair, *s.* મેળો, જાત્રા, તમાસો; સુંદર સ્ત્રી.2 *a.* ગોરૂં, સફેદ; ખુબસુરત, સુંદર; નિર્મળ, સાફ, ઉઘાડું, ખુલ્લું, અનુકૂલ, માફક; અટકાવ રહિત; વ્યાજબી, પ્રમાણિક; સાફ; એબ વગરનું, મધ્યમ. 3 *ad.* વ્યાજબી રીતે. –ly, *ad.* વ્યાજબી રીતે, સ્પષ્ટ રીતે.–ness, *s.* ખુબસુરતી, ઉઘાડ, અનુકૂળતા.–sex, *s.* અબળા જાત.

Fairy, *s.* પરી, અપ્સરા. [પંથ; ભાવ, વફાદારી.

Faith, *s.* ભાવ, નિષ્ઠા, આકીન, ઈમાન; ધર્મ, માર્ગ,

Faith-ful, *a.* ઈમાની, વિશ્વાસુ, ભક્તિમાન, વફાદાર, વચની.–ly, *ad.* ઈમાનથી.–ness, *s.* ખરાપણું,ઈમાન.–less, *a.* નિમક હરામ, હરામખોર.–lessness, *s.* નિમકહરામી, બેઈમાની.

Falchion, *s.* વાંકી તરવાર. Falcon, *s.*બાજ, સકરો.

Fall, *v.* પડવું, પડી જવું; ગળવું, ખરી પડવું,વેહેવું; ઉતારવું, ઘટવું, બનવું, વિતવું, બંડ કરવું. (back), પાછા પડવું. (down), પગે પડવું, જમીન દોસ્ત થવું. (in), સ્વીકારવું, કબુલ કરવું. (in with), ભેટવું, એકમત થવું. (off), વિખુટા પડવું. (on), તુટી પડવું. (out), કજીયો કરવો,મારામારી કરવી. (short), ખુટવું. (to), મંડવું. (under), નીચે પડવું–આવવું. [ભંગ, ઘટાડો, મંદી, પતન.

Fallacious, *a.* ખોટું, શક ઉપજાવનારૂં.
Fallacy, *s.* ખોટી તકરાર, આભાસ, ચૂક, ખોટાપણું.
Fallen, *a.* પડેલું,પતિત,પદભ્રષ્ટ. Fallible, *a.*ભ્રામ્ય.
Fallow,*s.*પડતરજમીન.2*a.*પડતર,ખાલી;ખેડચાવગરની
False, *a.* ખોટું, જુઠું, અસત્ય; જોડી કાઢેલું; કપટી, બેઈમાન. (claim), *s.* ખોટો દાવો.–hearted, *a.* કપટી, દગાખોર.
Falsehood,falsity,*s.* અસત્યતા,ખોટાપણું,કપટ,દગો.
Falsely, *ad.* બેઈમાનીથી, કપટથી.
Falsify, *v.* ખોટું પાડવું.
Falter, *v.* બોલતા અચકવું,તોતડું બોલવું;ધ્રુજવું,કાંપવું.
Fame, *s.*કીર્તિ,પ્રસિદ્ધિ,પ્રતિષ્ઠા.–d,*a.*પ્રખ્યાત, નામીચું.
Familiar, *a.* મીલનસાર, જાણીતો, વાકેફગાર. 2 *s.* જીવજાન મિત્ર.
Familiarity, *s.* ઘરવટ, ઘરોબો,પરિચય,માહિતગારી.
Familiarize, *v.* વાકેફગાર કરવું, મિલનસાર કરવું.
Familiarly, *ad.* સ્નેહ ભાવે, છુટથી. [વર્ગ; વંશ.
Family, *s.* કુટુંબ, પરિવાર, ખટલો, કબીલો; જાતિ,
Famine, *s.*દુકાળ,દુષ્યકાળ. Famish, *v.* ભુખે મરવું.
Famous, *a.* નામાંકિત, પ્રખ્યાત, પ્રસિદ્ધ.
Fan, *s.* પંખો, વિંજણો. Fanatic, *s.*જનુની, ધર્માંધ.
Fanaticism, *s.* જનુન, ધર્માંધપણું.

Fanciful, *a.* કલ્પિત, તોરી, છંદી.
Fancy, *s.* કલ્પના શક્તિ, ધારણા, વિચાર, તુરંગ, છંદ, મન. 2 *v.* કલ્પના-તુરંગ ઉઠાવવો. [પંજો.
Fane, *s.* દેવસ્થાન, દેહેરૂ. Fang, *s.* અણીદાર દાંત; નખ,
Fantastic, *a.* લેહેરી, તુરંગી, વિલક્ષણ.
Fantasy, See Fancy.
Far, *a.* દૂર, વેગળું. 2 *ad.* છેટે, લાંબે. As far as, *ad.* જ્યાં સુધી. By far, *ad.* ઘણું, અતિ. So far, *ad.* એટલા સુધી. Far off, *ad.* ઘણેજ દૂર.–fetched, *a.* તાણી તોડીને કાઢેલું.–sighted, piercing, *a.*
Farce, *s.* હાસ્ય ઉત્પન્ન કરાવનારૂં નાટક. [દીર્ઘદર્શી.
Fare, *s.* ખોરાક, અન્ન; ભાડું, ખરચી; નુર. 2 *v.* ગુજરવું, વિતવું. [ભલુ થાઓ.
Farewell, *s.* છેલ્લી સલામ, નમસ્કાર, પ્રણામ. 2 *ad.*
Farm, *s.* ભાડે આપેલી જમીન, પટ્ટો, ઈજારો. 2 *v.*
Farmer, *s.* ખેડુત; ઈજારદાર. [પટ્ટે આપવું; ખેડવું.
Farrier, *s.* ઘોડાનો વૈદ. Farther, *a.* વધારે દૂર.
Farthest, *ad.* ઘણેજ દૂર-છેટે. Farthing, *s.* દોકડો.
Fascinate, *v.* જાદુ કરવું, મોહ પમાડવો.
Fascination, *s.* જાદુ, વશીકરણ.
Fascinating, *a.* મનોહર, મોહન.
Fashion, *s.* ઘાટ, ડોળ, શિકલ, ચાલ. 2 *v.* લાયક

કરવું, આકાર આપવો. [રજ્જાવાળુ

Fashionable, *a.* લૌકિક; એસકી, ફાંકડો; ઉચું, દ-

Fast, *s.* અપવાસ, લાંઘણ. 2 *a.* જલદી, ઉતાવળુ;ઘટ્ટ, તંગ, કાયમ. 3 *v.* અપવાસ કરવો, લાંઘણ કરવી. 4 *ad.* જલદીથી, મજબુતીથી.–day, *s.* અપવાસનો દિ-વસ, એકાદશી, રોજો.–en, *v.* મજબુત કરવું, જડવું; વળગી રેહેવું.–handed, *a.* બખીલ, કંજુસ.

Fastidious, *a.* નખરાખોર, ખંતખોર, મગરૂર.

Fastness, *s.* મજબુતી, ઉતાવળ; કોટ, કિલ્લો.

Fat, *s.* ચરબી, ચિકાસ.2 *a.*જાડું,લઠ્ઠ,પુષ્ટ,અગડબંબ.

Fatal, *a.* નાશકારક, દૈવાધિન.

Fatality, *s.* નસીબ, કિસમત.

Fatally, *ad.* દૈવયોગે, ભોગજોગે; નાશકારક રીતે.

Fate, *s.* તકદીર, નસીબ, કિસ્મત, દૈવ; મોત, કજા. (ill), કમનસીબ.

Father, *s.* બાપ, પિતા, જનક; ગુરૂ; પેદા કરનાર. –in–law, *s.* સસરો. 2 *v.* પોતાનું કરી લેવું. –less, *a.* બાપ વગરનું.–ly, *a.* બાપ સમાન.

Fathom, *s.* વામ; ઉંડાણ, ઉંડો વિચાર.2 *v.* માપવું, મર્મ જાણવો.–less, *a.* અથાગ, અમાપ, અગાધ.

Fatigue, *s.* થાક, કંટાળો; શ્રમ, કષ્ટ. 2 *v.*થકાવવું, કંટાળો આપવો.

Fatness, *s.* પુષ્ટિ,ચરબી,ચિકાસ.Fatten, *v.*પુષ્ટ કરવું.
Fatty,*a.*ચિકણું,ચરબીદાર.Fatuous,*a.*દુષ્ટબુદ્ધિવાળું.
Fault, *s.* વાંક, અન્યાય, અપરાધ; ખોડ, ખામી;ચૂક, ભુલ;હીનતા.2*v.*દોષ મુકવો.–less,*a.*નિર્દોષ,ખોડવગરનું.
Faulty, *a.* અપરાધી, તકસીરવાન, અપૂર્ણ, ખોડવાળું, અશુદ્ધ.
Favour, *s.* કૃપા, મેહેરબાની, દયા, ઉપકાર; મદદ. 2 [*v.* મદદ કરવી.
Favourable, *a.* અનુકૂળ, પ્રસન્ન,ઉપયોગી, મદદગાર.
Favourably, *ad.* મેહેરબાનીથી.
Favourite, *s.* માનીતો, કૃપાપાત્ર.
Favouritism, *s.* તરફદારી, પક્ષપાત, પ્રપંચ.
Fawn, *s.* હરણનું બચ્ચું; ખુશામત. 2 *v.* ખુશામત કરવી, પ્યાર બતાવવો.
Fealty, *s.* વફાદારી,રાજ્યભક્તિ,નિમકહલાલી,પ્રજાધર્મ.
Fear, *s.* ભય,ધાસ્તિ,શંકા.2 *v.* ડરવું,બિહવું.
Fearful,*a.*ભયાનક,ડરામણું.Fearless,*a.*નિર્ભય,બેધડક
Feasible,*a.*સાધ્ય,સુગમ. Feast,*s.*ખાનુ,જીઆફત,પર્વ.
Feat,*s.*પરાક્રમ,હાથનીચાલાકી. Feather, *s.*પીછું,પીછ.
Feature, *s.* રૂપ, લક્ષણ, ચેહેરો, આકાર.
Features, *s.* દેખાવ, સુરત.
February, *s.* અંગ્રેજી વર્ષનો બીજો મહીનો.
Federal, *a.* સાંકેતિક.

Fee, *s.* દસ્તુરી,હક,બદલો, પગાર, લવાજમ.(simple), ફરજંદારી. [*a.* હલકી બુદ્ધિનું.
Feeble,*a.*અશક્ત,દુર્બળ,કમજોર,હલકું,ઝાંખુ.-minded,
Feed, *v.*ખવડાવવું,પાળવું.૨ ખાવું,ચરવું,શરીરે વધવું.
Feeding, *s.* પોષણ,પાલન,આહાર,ભોજન;ચારો.
Feel, *v.* લાગવું;અડકવું;પિછાનવું,ભાસવું;કુમાસ જોવી.
Feeling,*s.* સ્પર્શેંદ્રિય,લાગણી,મનોવૃત્તિ;રસ,ભાવ,દયા.
Feet, *s.*પગો.See Foot.Feetless,*a.*પગવગરનું.[કૃપા.
Feign, *v.* બાહાનું કાઢવું, ખોટું ડોળ દેખાડવું,યોજવું.
Feigned, *a.*કલ્પિત. Feint, *s.* મિષ,ઢોંગ,બાહાનું.
Felicitate, *v.* મુબારકબાદી આપવી.
Felicity, *s.* સુખ, આનંદ, ચેન. [મીન દોસ્ત કરવું.
Fell, *a.* ઘાતકી, નિર્દય, ક્રૂર. 2 *v.* કાપી નાખવું,જ-
Fellow, *s.* સોબતી, સાથી, બંધુ, બરોબરીયો;મનુષ્ય.
-countryman, *s.*સ્વદેશી.-creature, *s.*જાતીભાઈ.
-student, *s.* સહાધ્યાયી. -sufferer,*s.* સાથે દુઃખ
Fellowship, *s.*સંગત,સોબત;ભાગ. [સહન કરનાર.
Felon, *s.* અપરાધી,મહાપાપી.
Felonious, *a.* દુષ્ટ બુદ્ધિવાળું.Felony, *s.* અપરાધ,
Felt, *s.* ઉનનું કાપડ. 2 *a.* લાગેલું. [મહાપાપ.
Female, *s.* સ્ત્રી-અબળા-નારી-જાત. 2*a.* સ્ત્રી જાતનું, નાજુક. (animals), માદા.

Feminine, *s.* સ્ત્રી જાતનું,કોમળ, સુકુમાર. (gender), [સ્ત્રીલિંગ.
Fen, *s.* ભીની જગ્યા.
Fence, *s.* વાડ; બચાવ. 2 *v.* વાડ બાંધવી.
Fencer, *s.*પટ્ટા બાજી રમનાર. Fencing, *s.*પટ્ટાબાજી.
Fennel-seed, *s.* વરીઆળી. Fenugreek, *s.* મેથી.
Ferment, *v.* ઉભરાવું, ખદખદવું.
Fermentation, *s.* ઉભરો, જોસ.
Fern, *s.* એક જાતનું ઝાડ.
Ferocious, *a.* ઘાતકી, ક્રૂર, વિકાળ, જંગલી.
Ferocity, *s.* ક્રૂરતા, ઘાતકીપણું.
Ferruginous, *a.*લોખંડનું.[લઈ જવું.-boat, *s.*હોડી.
Ferry, *s.* હોડી, મછવો,આરો,ઓવારો. 2*v.* સામેપાર
Ferry-boatman, *s.* ખારવો.
Fertile, *a.* ફળવંત, ફળદ્રૂપ, રસાળ.
Fertility, *s.* ફળવંતપણું, આબાદાની.
Fertilize, *v.* ફળદ્રૂપ કરવું.
Ferule,*s.* સોટી. Fervent,*a.* આતુર,હોંશીલો,જલદ,
Fervently, *ad.* આતુરતાથી, ખરાજીગરથી. [તીખો.
Fervid, *a.* ગરમ, તપેલું.
Fervour, *s.* હોંશ, આતુરતા, તીવ્રતા.
Fester, *v.* બગડવું, સળવું. [ખાનું, જીઆફત.
Festival, Festivity, *s.* ઉત્સવ, ઓચ્છવ, ઉજાણી;

Festive, *a.* આનંદી, શુભ, માંગલિક.
Festoon, *s.* નકશી, વેલબુટ્ટી. [પજવી.
Fetch, *s.* દાવપેચ. 2 *v.* લાવવું, આણવું, કિંમત ઉ-
Fetid, *a.*દુર્ગંધ. Fetter, *s.*બેડી,સાંકળ.2*v.* બેડીઘાલવી.
Fetus, *s.* ગર્ભ. Feud, *s.* કલહ, કજીયો, કંકાસ,ટં-
Feudal, *s.*તાબેદારી.2 *a.*જાગીરસંબંધી [ટો.૨.જાગીર.
Feudatory, *s.* જાગીરદાર, વતનદાર.
Fever, *s.*તાપ,તાવ,જ્વર.–ish, *a.*તાવવાળું.(bilous), પિતજ્વર. (inflammatory), દાહજ્વર. (intermittent), આંતરીયો તાવ.(malignant),કમલો. (remittent),બેવખત આવતો તાવ. (with ague),
Few, *a.* થોડું, અલ્પ. [તાહડીયો તાવ.
Fewness, *s.* અલ્પતા, થોડાપણું Fiat, *s.*આજ્ઞા,હુકમ.
Fibre, *s.* તંતુ, રેષો, તાંતણો. Fibrous, *a.* તંતુમય.
Fickle, *a.* ચલિત, ચંચલ, લાસરિયું.–ness, *s.* લા-
Fiction, *s.* કલ્પના, કથા, તર્કટ. [સરિયાપણું.
Fictitious, *a.* મનકલ્પિત, ખોટું.
Fiddle, *s.* સારંગી, કિનરી. 2 *v.* સારંગી વગાડવી. (string), સારંગીનો તાર. [પ્રમાણિકપણું.
Fiddler, *s.* સારગીવાળો. Fidelity, *s.* ઈનામદારી,
Fidget,*s.*ઉઠબેસ.2*v.*ઉઠબેસકરવી. Fidgety,*a.* વળવ-
Fie, *int.* છી ? છટ્ !! [ળિયું.

Fief, *s.* જાગીર, જમીનદારી, તાલુકો.
Field, *s.* ખેતર, વાડી; રણસંગ્રામ.(officer),લશ્કરી અમલદાર. (marshal), સેનાપતી. (piece), *s.* ન્હાની તોપ. (sports), શિકારબાજી.(works), કિલ્લાના બચાવને અર્થે કરેલું બાંધકામ.
Fiend, *s.* રાક્ષસ; ભૂત, દુશ્મન, શત્રુ.
Fierce, *a.* ફાડી ખાનાર, ક્રૂર, વિકાળ,ભયંકર.–ness, *s.* ક્રૂરતા.
Fiery, *a.* અગ્નિનું; વિકાળ, જંગલી; તામસી.
Fife, *s.* મુરલી, વાંસળી. Fifer, *s.* પાવો વગાડનાર.
Fifteen, *a.* પંદર. Fifteenth, *a.* પંદરમું.
Fifth, *a.*પાંચમું. 2 *s.*પાંચમો ભાગ. Fifty, *a.*પચાસ.
Fig, *s.* અંજીર.–tree, *s.* અંજીરનું ઝાડ.
Fight, *s.* લઢાઈ, યુદ્ધ, સંગ્રામ;મારામારી. 2 *v.*લઢવું, મારામારી કરવી.
Fighting, *s.* લઢાઈ, યુદ્ધ.
Figment, *s.* બનાવટ, જોડી કાઢેલી વાત.
Figurative, *a.* લાક્ષણિક, અલંકારી.
Figure, *s.* આકાર, આકૃતિ, સુરત; મૂર્ત્તિ;રંગ,દેખાવ; પ્રતિબિંબ, છાંયો, અંક, આંકડો; ક્ષેત્ર. 2 *v.* ચિત્ર-નકશી કાઢવી; ખ્યાલ કરવો, દીપી નીકળવું.–d, *a.* રૂપવાન, નકશીદાર; અંકી.
Filament, *s.* તંતુ, રેષો. Filch, *v.*ચોરી કરવી.
File, *s.* કાનસ, રેતરડી; અનુક્રમ,ફાઈલ;સિપાઈની હાર.

2 *v.* કાનસ મારવી, હારોહાર જવું.
Filial, *a.* પુત્ર સંબંધી. (affection), પુત્રનો પિતા તરફનો પ્રેમ. (duty), *s.* પુત્રધર્મ.[–up, *v.* રોકવું.
Fill, *v.* ભરવું, સંતોકવું. 2 *s.* તૃપ્તિ, સંતોષ,ભરતી.
Fillet, *s.* પટ્ટી, નાડું. Filly, *s.* ઘોડી. 2 *a.* નઠારી.
Film, *s.*પાતળી ચામડી,છારી.2 *v.*પાતળી ચામડી ઢાંકવી.
Filter, *s.* ગળણી. 2 *v.* ગાળવું,નિતારવું;ગળવું,છણવું.
Filth, *s.* કચરો, કાદવ, એંઠવાડ.
Filthy, *a.* કાદવવાળું, એઠું, મેલું.
Fin, *s.* માછલીની પાંખ. Final, *a.* છેવટનું, છેલ્લું.
Finally, *ad.* આખરે, અંતે, છેવટે.
Finance, *s.* વસૂલ, જમા, મેહેસુલ.
Financial, *a.*મેહેસુલ સંબંધી.Financier,*s.*જમદાર.
Find, *v.* શોધી કાઢવું, જડવું,મેળવવું, જાણવું.
Fine, *s.* દંડ, ગુન્હેગારી. 2 *a.* સુંદર, રળિયામણું; બારીક, ઝીણું. 3 *v.* દંડ કરવો; ગાળીને સાફ કરવું. –looking, *a.*દેખાવડો, ફુટડો, રૂપાળો.–ly, *ad.*ભપકાથી, બારીકીથી.–ness, *s.* સૂક્ષ્મતા, બારીકાઈ,સૌંદર્ય.–ry, *s.* સુશોભિતપણું, ભપકો, દરબારી પોશાક.
Finger, *s.* આંગળી. (fore),*s.* તર્જની.(middle), *s.* મધ્યમ આંગળી. (little), *s.* ટચલી આંગળી.
Finger–ring, *s.* અંગુઠી.

Finis, *s.*છેડો,અંત,સમાપ્તિ. Finish, *v.*પુરૂં કરવું, અંત
Finished, *a.* સમાપ્ત, પૂર્ણ. [આણવો.
Finite, *a.* સમર્યાદ, હદ્દેવાળું. Finny, *a.* પાંખવાળું.
Fire, *s.* આગ, દેવતા, અગ્નિ;આગ, ભભુકો; જોરસો, તેજ. 2 *v.*સળગાવવું; ફોડવું; સળગવું, લાગવું.
Fire-arms, *s.* અગ્નિશસ્ત્ર, અગ્ન્યસ્ત્ર.-engine, *s.*બંબો.-eyed, *a.* ખુની આંખવાળું.-fly, *s.* આગીયો. -lock, *s.* દેવતાથી સળગાવવાની બંધૂક.-man, *s.*યંત્રની માંહે અગ્નિની અંદર કોયલા નાખનાર.-merchant, *s.* લાકડા વેચનાર.-new, *a.* ધગધગતું.-office, *s.* આગનો વિમો ઉતારનાર ઓફીસ.--pan, *s.* સગડી. -place, *s.* ચુલો, ભઠ્ઠી.-proof, *a.* બળે નહીં એવું. -temple, *s.* અગીયારી.-wood, *s.* સર્પણ, લાકડાં. -works, *s.* આતસબાજી, દારૂકામ.
Firing, *s.* ગોળાનો માર-મારો.
Firm, *s.* પેઢી, દુકાન. 2 *a.* મજબુત, દૃઢ; ઘટ્ટ, સંગીન, નક્કુર.
Firmament, *s.* આકાશ, નક્ષત્ર.
Firmly, *ad.* ધૈર્યથી, હિંમતથી.
Firmness, *s.* ધીરજ, ધૈર્ય,સ્થિરતા;મજબુતી,ઘટ્ટપણું.
First, *a.* આદ્ય, પ્રથમ, મુખ્ય, શ્રેષ્ટ. 2 *ad.* પેહેલ વેહેલું. -begot, born, *a.* પેહેલા ખોળાનું, જ્યેષ્ટ. -rate, *a.* અવલ, શ્રેષ્ટ, ઉત્તમ. [માછલી પકડવી.

Fiscal, *a.* મેહેસુલ સંબંધી. Fish, *s.* માછલી. 2 *v.*
Fisherman, *s.* માછી. Fishery, *s.* માછલી પકડવાવાનો ધંધો.
Fish-hook, *s.* ગળ.-monger, *s.* માછલાં વેચનાર.
Fissure, *s.* ફાટ, તડ, ચીરો. Fist, *s.* મુક્ષી, ડોંસો.
Fistula, *s.* ભગંદર, નાસુર; સિસોડી.
Fit, *s.* આવેશ, લેહેર; ઝટકો, વેગ; એક જાતનો રોગ. 2 *a.* લાયક, યોગ્ય. 3 *v.* લાયક કરવું, બંદબેસવું. -ful, *a.* ચળેલ, ઢંગ વિનાનો. -ness, *s.* યોગ્યતા, લાયકી, પાત્રતા; ઉપયોગ. Five, *a.* પાંચ, પંચ.
Fix, *v.* કાયમ કરવું, સ્થાપવું; જડવું; નિમવું, કાયમ કરવું, ઠરવું.-ed, *a.* સ્થિર, સ્થાપિત, અચળ.
Fixed-star, *s.* અચળ તારો.-property, *s.* સ્થાવર [મિલકત.
Fixedness, *s.* સ્થિરતા, અચળપણું. Flabby, *a.* નરમ, પોચુ. Flag, *s.* વાવટો, ઝંડો, નિશાન. 2 *v.* નરમ થવું, નાહિંમત થવું.
Flagon, *s.* સીરોઈ, ચંબુ. Flagrant, *a.* પ્રસિદ્ધ, ધગધગતું.
Flag-staff, *s.* વાવટાનો સ્તંભ, ધ્વજ સ્તંભ.
Flail, *s.* સાંબેલું.
Flake, *s.* હિમકણ; પડ, થર; ચિણગારી.
Flame, *s.* ભડકો, ઝાળ, ભભુકો, જોત, ઉશ્કેરણી. 2 *v.* ચળકવું, ચમકવું, ઉશ્કેરણી કરવી.

Flaming, *p.* ચળકતુ, પ્રકાશતું, લાલ, જોસ્સાદાર.
Flamingo, *s.* રાજહંસ. Flannel, *s.* ઉનનું લુગડું.
Flap, *s.* પંખો, વિંજણો; અંગરખાનો ઘેર; ઘોડાનું દ-
રદ. 2 *v.* ફડફડ વાગતું. [વું; શોભવું.
Flare, *s.* ચળકાટ, તેજ. 2 *v.* ચળકવું, ભડભડ બળ-
Flash, *s.* ચળકાટ, ચમકાટ, અજવાળું, પ્રકાશ. 2 *v.*
Flashy, *a.* ઝગઝગીત, ડોળદાર,રંગીલું.[પ્રકાશમારવો.
Flask, *s.* સીસી, બાટલી.
Flat, *s.* સપાટ, મેદાન. 2 *a.* ખુલ્લું, મંદ. 3 *v.* સા-
ફ કરવું. –ly, *ad.* ખુલ્લી રીતે, સાફ. –ness, *s.*
સપાટી,સરખાપણું. –ten, *v.*સપાટ કરવું.[ખિલવવું.
Flatter, *v.* ખુશામત કરવી, પટાવવું, ફોસલાવવું,
Flatterer, *s.* ખુશામતિયો, હાજી હા કરનાર.
Flattery, *s.* ખુશામત. Flatulent, *a.* વાયડું.
Flaunt, *v.* ભપકો મારવો.
Flavoured, *a.* રસવાળું, સ્વાદિષ્ટ, સારાસ્વાદવાળું.
Flavour, *s.* સ્વાદ, રૂચિ, લેહજત; વાસ, ખુશબો. 2 *v.*
રસ આપવો.
Flaw, *s.* તડ, ચીરો,ફાટ, એબ,ખોડ. 2 *v.* છિદ્ર કાઢવું.
Flax, *s.* સણ. Flay, *v.* ચામડી છોલી કાઢવી.
Elea, *s.* ચાંચણ, ચાંચડ, ડાંસ. –bone, *s.* કાળીજીરી.
Fledge, *v.* પાંખ આવવી.–ફુટવી.

Fledged, *a.* પાંખવાળું-આવેલું.
Flee, *v.* પલાયન કરવું; દૂર રહેવું.
Fleece, *v.* ઉંન કાતરવું, હરણ કરવું. [ણું મારવું.
Fleecy, *a.* ઉંનવાળું. Fleer, *v.* બોલી મારવી, મેહે-
Fleet, *a.* ચાલાક, ચપળ. 2*s.* દરીઆઈ કાફલો.–ing,
a. ક્ષણભંગુર,ફાની,ક્ષણિક.–ness, *s.* વેગ, શીઘ્રગતિ.
Flesh, *s.* માંસ, ગોસ; શરીર, માણુસ, આદમજાત.
Fleshy, *a.* દોંગુ, માતિલું; વિષયી; માનવી.
Flexibility, *s.* વાંકુ વળાય તેવો ગુણ.
Flexible, *a.* વાંકુ વળાય એવું, પોચું.
Flexure, *s.* વક્રતા, સાંધો.
Flight, *s.* પલાયન, ભાગાભાગ, ઝુંડ, વૃષ્ટિ, લેહેર.
Flimsy, *a.* કમજોર, નબળું. Flinch,*v.* પાછા હઠવું.
Fling, *s.* ગોફણ. 2 *v.* ગોફણ ફેંકવી; ફેંકવું, પટકવું.
Flint, *s.* ચમક. Flinty, *a.*ચકમકવાળું;કઠણ, નિર્દય.
Flippant, *s.* ઉતાવળે બોલનાર.[*s.* આંચકો;નાચણ.
Flirt, *v.* ઉછાળવું, મેંહેણા મારવા, નખરાં કરવાં. 2
Flit, *v.* ઉડી જવું, ઘર બદલવું.2 *a.* ચપળ,અસ્થિર.
Float, *s.* તાફો, તર. 2 *v.*તરવું.Floating, *p.*તરતું.
Flock, *s.* મેંઢાનું ટોળું. 2 *v.* એકઠું થવું, જમવું.
Flog, *v.* ફટકા મારવા. Flogging, *s.* બાંધી મારવું.
Flood, *s.* રેલ, પૂર; જલપ્રલય, ભરતી. 2*v.* જલમય

Floodgate, *s.* ગરનાળું.[કરવું, ડુબાવવું;રેલ આવવી.
Floor, *s.* જમીન, ભોંય; માળ, માળો. 2 *v.* જમીન
દોરસ્ત કરવું.–cloth, *s.* જાજમ, સેત્રંજી.
Florid, *a.* લાલચુંન, અલંકાર યુક્ત. [ચનાર, માળી.
Florin, *s.* એક જાતનો શિક્કો. Florist, *s.* ફુલ વે-
Flounce, *v.* તરફડવું, કોર મુકવી. 2 *s.*આંચકો; ઝા-
Flour, *s.* આટો, લોટ, મેંદો. [લર, કોર.
Flourish, *s.* સણગાર, અલંકાર; શોભા,ખુબ સુરતી;
ગર્વનું વાક્ય; મરોડ. 2 *v.* શોભવવું; ફાલવું;આબાદી
થવી, અલંકાર યુક્ત બોલવું. [વું; ગળવું, પિગળવું.
Flow, *s.* પ્રવાહ, રેલો, ભરતી. 2 *v.* વેહેવું, નિપજ-
Flower, *s.* પુષ્પ, ફુલ, બુટો. સૌથી સારૂં, સણગાર.
2 *v.* ફુલ આવવાં, આબાદ થવું.–garden, *s.* ફુલ-
બાગ, ફુલવાડી.–pot, *s.* ફુલનું કુંડું.
Floweriness, *s.* પુષ્પમયતા.
Flowery, *a.* પુષ્પમય, સુંદર,અલંકારયુક્ત,બુટ્ટીવાળું.
Flowing, *a.* વેહેતું, ચાલતું; ચપળ, બોલકણો; ઘેર-
દાર, લબડતું. [તેજી મંદી થવી.
Fluctuate, Fluctuation, *s.* હાલવું, ચઢઉતર થવું,
Fluency, *s.* બોલવાની છટા, ચપળતા, સરળપણું.
Fluent, *a.* ચપળ, બોલકણો.–ly, *ad.* સપાટાબંધ,
Fluid, *s.* પ્રવાહી પદાર્થ, પ્રવાહી, દ્રવ. [સરસર.

Fluidity, *s.* પ્રવાહીપણું. [ધાંધલ કરવું.
Flurry, *s.* ગડબડ, ધાંધલ; પવનનો સપાટો. 2 *v.*
Flush, *s.* લાલી, રતાસ, ઝલક. 2 *a.* જોસ્સાવાળું,પુ-
ષ્કળ. 3 *v.* લાલી આવવી; સપાટાબંધ વેહેવું; ફુલવું,
Flushing, *s.* લાલી, રતાસ. [પ્રફુલ્લિત થવું.
Flute, *s.* પાવો, વાંસળી, મુરલી. [રફડવું, ગભરાવું.
Flutter, *s.* અકળામણ, ગભરાટ, તરફડિયાં. 2 *v.* ત-
Fly, *s.* માખી, માખ. 2 *v.* ઉડવું, નાહાસી જવું,પોબારાગણવા, ફેલાવું.–(at), *v.*અંગપર તુટી પડવું; ઉછાળવું.–blow, *s.* માંખનું ઇંડું.–blown, *a.* સડેલું.
Flying, *p.* ઉડતું. Flying colors, *s.* જીત.
Foal, *s.* વછેરૂં. 2 *v.* જણવું.
Foam, *s.* ફીણ. 2 *v.* ફીણ આવવું.
Foamy, *a.* ફીણવાળું. Fob, *s.*નાનું ગુંજુ. 2 *v.*ઠગવું.
Focus, *s.* મધ્યબિંદુ, નાભિ, અગ્રકર.
Fodder, *s.* ચારો, ચાર.
Foe, *s.*દુશ્મન, વેરી,શત્રુ, રિપુ. Fœtus, *s.*ગર્ભ, હમેલ.
Fog, *s.* ધુમસ,ઝાકળ. Foggy, *a.* ધુમસ ભરેલું;મૂર્ખ.
Foible, *s.* ખામી, કસુર, નબળાઈ, દોષ, કલંક.
Foil, *s.* વરખ; પરાભવ, હાર, ડાંક. 2 *v.*નિષ્ફળ થવું,
Fold, *s.* ઘડી,પાટલી;ગણું;ટોળું. 2 *v.*ઘડી કરવી,વાળવું.
Folder, *s.* કાગળ વાળવાનું સાધન; કાગળ વાળનાર.

Folding, *s.* ધડી. Foliage, *s.* પલ્લવ, પાત્રાં, પાલો.
Folk, *s.* લોક, આદમી, આલમ, જન.
Follow, *v.* પછવાડે લાગવું-જવું, અનુસરવું, પાછળ ચાલવું, નિપજવું, નકલ કરવી, હુકમ માનવો, પાછળ જવું-આવવું; સાથે જવું.
Follower, *s.* પાછળ લાગનાર, ચાકરનફર, પરિવાર; [પંથી, ચેલો.
Followers, *s.* ચાકર, નફર, પરિવાર.
Following, *a.* નીચેનું, આગળ ચાલતું, બીજું.
Folly, *s.* બેવકુફી, નાદાની, મૂર્ખાઈ, ગન્ડાપણું.
Foment, *v.* શેકવું, ઝારવું; ઉશ્કેરવું; ચેતવવું.
Fomentation, *s.* શેક. Fond, *a.* શોખી, લંપટ, લા-[ડકું; નાદાન.
Fondle, *v.* લાડ લડાવવું.
Fondling, *a.* લાડકવાયું. Fondness, *s.* પ્રીતિ, મ-[મતા, છંદ.
Food, *s.* ખોરાક, ખાણું, ભક્ષ.
Fool, *s.* મૂર્ખ, બેવકુફ; મશ્કેરો, રંગલો.
Foolery, *s.* બેવકુફાઈ, મૂર્ખાઈ,
Foolish-ness, *s.* બેવકુફાઈ, મૂર્ખાઈ.
Foot, *s.* પગ, ચરણ, પાદ, પાયો, કદમ; ચરણ.–ball, *s.* પગની રમતનો દડો.–boy, *s.* ખિદમતદાર.–fall, *s.* ઠોકર.–ing, *s.* પગરણ, આધાર, આશ્રય, પાયો, સ્થિતિ, હાલત, દશા.–man, *s.* ચાકર, ખિદમતદાર. –mark, print, *s.* પગલું, પદ ચિન્હ.–pad, *s.* લૂટારો,

ઠમ.–path, *s.* પગવાટ.–soldier, *s.*પાયદળ.–stalk, *s.* પાત્રની દાંડી.–step, *s.*પગલું, ડગલું; નિશાન,ચિન્હ; માર્ગ; નમુનો.–stool, *s.* પદાસન,પાદપીઠ.–warmer, [*s.* શેકવાની પેટી.

Fop, *s.* અક્કડબાજ, છેલ બટાઉ.

Foppery, *s.* અક્કડબાજી, છેલાઈ, નખરાબાજી.

Foppish, *a.* નખરાદાર, છેલાણી.

For, *prep. & conj.* વાસ્તે, સારૂ,કાજે;બદલે, ઠેકાણે; ખાતર, કારણકે, જેવું, માફક, તરફ, મેર; સુધી, લગણ.

Forage, *s.* ચારો, દાણોપાણી. 2 *v.*લૂટવું,લૂટી લાવવું.

Forbear, *v.* મુકીદેવું, હાથ ઉઠાવવો; માફ કરવું;ધીરજ ધરવી; થોભવું; સોસવું, ખમવું, સહન કરવું.

Forbearance, *s.* ક્ષમા, શાંતિ, ગમ; ધીરજ ધરવી, સબુરી. [મના કરેલું.

Forbid, *v.* મના કરવી, વારવું, નિષેધ કરવું.–den,*a.*

Force, *s.* બળ, જોર, કૈવત; તેજ; જુલમ, બળાત્કાર; ફોજ, સૈન્ય, વહિવટ. 2 *v.* જુલમ કરવો,ફરજ પાડવી; ઘુસવું, દાખલ થવું.

Forcible, *a.* જબરજસ્ત, અસરકારક, જોસ ભરેલું.

Forcibly, *ad.* જોર જુલમથી, જબરજસ્તીથી.

Ford, *s.* પાર, ઉતાર; નદી, નાળું. 2 *v.*નદી પાર ઉ-[તરવું.

Fordable, *a.* પગે પારઉતરાય એવું.

Fore, *a.* આગલું,પેહેલું.Forebode, *v.*ભવિષ્ય કેહેવું.

Foreboding, *s.* અગમચેતી. Forecited, *a.* મજકુર.
Fore-cast, *v.* આગળથી કરેલી યોજના. 2*v.* યોજનાકરવી.
Fore-castle, *s.* વહાણના તુતકનો આગળો ભાગ.
Fore-father, *s.* વડીલ, પૂર્વજ. Fore-fathers, *s.* બાપદાદા.
Fore-finger, *s.* તર્જની. Fore-foot, *s.* આગળો પગ.
Forego, *v.* જવા દેવું, તજવું, ત્યાગ કરવો.–ing, *a.*
Forehead, *s.* કપાળ, લલાટ. [ગુજરેલું.
Foreign, *a.* પરદેશનું, વિદેશી, અપ્રસંગિક.
Foreigner, *s.* પરદેશી, પારકા મુલકનો માણસ.
Foreknow, *v.* અગાઉથી સમજવું; ભવિષ્ય જાણવું.
Foreknowledge, *s.* ભવિષ્યજ્ઞાન.
Foreland, *s.* ભૂશીર, ભૂશલાકા.
Foreman, *s.* કારભારી, દીવાન; ઉપરી.
Forementioned, *a.* પૂર્વોક્ત, મજકૂર, સદરહુ.
Foremost, *a.* અગ્રેસર. Forenoon, *s.* ચઢતી વેળા.
Foreordain, *v.* આગળથી નિમવું.
Forepart, *s.* આગળો ભાગ. Forerunner, *s.* આગળ
Foresee, *v.* ભવિષ્ય જોઈ રાખવું. [દોડનાર.
Foreshow, *v.* આગળથી ભવિષ્ય દેખાડવું.
Foresight, *s.* લાંબી નજર, અગમચેતી.
Forest, *s.* જંગલ, વેરાન, વન, અરણ્ય, વગડો.
Forestall, *v.* આવતો માલ ખરીદ કરવો; ચેતવું.

Forester, *s.* જંગલી,વનવાસી. Foretaste,*s.* પૂર્વભોગ.
Foretell,*v.*ભવિષ્ય કેહેવું.–er, *s.*ભવિષ્ય કેહેનાર;જોશી.
Forethought, *s.* અગમચેતી, પૂર્વ વિચાર.
Foretold, *a.* પૂર્વોક્ત. Forever, *ad.*હમેશાં,નિરંતર.
Forewarn, *v.* સૂચના કરવી.
Forfeit, *s.* દંડ, ગુન્હેગારી. 2 *v.* દંડ આપવો,જપત
Forfeiture, *s.* દંડ, ગુન્હેગારી, જપતી. [કરવું.
Forge, *v.*ઘડવું, બનાવવું,તરકટ કરવું.2*s.* ભઠ્ઠી, લુહા-
Forger, *s.* ઘડનાર,ખોટા દસ્તાવેજ બનાવનાર.[રખાનું.
Forgery, *s.* ખોટા દસ્તાવેજ, તરકટ,બનાવટ. [ભાન.
Forget,*v.*વિસરવું,ભુલવું,ચુકવું.–ful, *a.* ભુલકણો,બે-
Forgetfulness, *s.* વિસ્મરણ, વિસ્મૃતિ, ગફલત.
Forgive, *v.* માફ–ક્ષમા કરવી, જવા દેવું.–ness, *s.*
Forgiving, *a.* દયાળુ, દયાશીલ. [માફી,ક્ષમા.
Forgotten, *a.* વિસરેલું.
Fork, *s.*કાંટો,અણી,નોક. Forked,*a.*શાખાદાર.[રાશા.
Forlorn,*a.*નિરાધાર,અનાથ,આશાભંગ. (hope),*s.*નિ-
Form, *s.* આકાર, ઘાટ, બાંધો;પદ્ધતિ, ક્રમ; ડોળ;રૂઢી, સંસ્કાર; દસ્તુરી; સુરત; ગોઠવણ, રચના; નમુનો,વર્ગ; પાટળો. 2 *v.* ધારવું, રચવું, કલ્પના કરવી; રૂપ આપવું; બનવું; ઉઠવું.
Formal,*a.*કાયદેસર,આદર સત્કારી;બહારથી ભભકાદાર.

Formality, *s.* સરકાર, આદરસત્કાર.
Formally, *ad.* યથાવિધિ.
Formation, *s.* રચના, ઉત્પત્તિ, બનાવટ, ઘડણ.
Former, *a.* આગલું,પ્રાચીન.–ly, *ad.*પેહેલાં,પૂર્વકાળે.
Formidable, *a.* ભયંકર, ઘોર.
Formless, *a.* નિરાકાર, બેડોળ.
Formula, *s.* કાયદો, કાનુન, પદ્ધતિ, વિધિ, વિધાન.
Fornicate, *v.* છિનાળું કરવું. Fornication, *s.* છિનાળું; ઘુંમટ.
Fornicator, *s.* રંડીબાજ. Fornicatress, *s.* વેશ્યા.
Forsake, *v.* છોડવું, તજવું, ત્યાગ કરવું.
Forsooth, *ad.* મુકરર.
Forswear, *v.* સોગન ખાઈ છોડવું;ખોટા સોગન ખાવા.
Fort, *s.* કોટ, કિલ્લો,ગઢ.Forth, *ad.*આગળ; ખુલ્લું.
Forth-coming, *a.* તૈયાર, હાજર.–with, *ad.* તરતજ, તત્કાળ.
Fortieth, *a.* ચાળીસમું.
Fortification, *s.* કિલ્લો, કોટ.
Fortify, *v.* કોટ બાંધવો. 2 *v.* મજબુત કરવું, જોર આપવું.
Fortitude, *s.* ધીરજ, ધૈર્ય, હિંમત.
Fortnight,*s.*પખવાડિયું. Fortress,*s.*કોટ,કિલ્લો,ગઢ.
Fortuitous, *a.* અકસ્માત્. Fortuity, *s.* દૈવયોગ.
Fortunate, *a.* ભાગ્યવાન, નસીબવાન; શુભ; તાલે

વર.–ly, *ad.* સારાનસીબે,દૈવયોગથી. [લત; દૈવદશા.
Fortune, *s.* નસીબ, ભાગ્ય, પ્રાલબ્ધ; સંપત્તિ, દો-
Fortune–teller, *s.* જોશી.–telling, *s.* ભવિષ્યનુંકેહેવુંતે.
Forty, *a.* ચાળીસ.
Forward, *a.* છાતીવાળો;આતુર,ઉત્કંઠિત. 2 *ad.* આ-
ગળ. 3 *v.* આગળ પડવું.–ness, *s.* આતુરતા,ઉત્કંઠા.
Fossil, *s.* ઉપધાતુ. 2 *a.* ખનિજ.
Fossilist, *s.* ધાતુવેત્તા.
Foster, *v.* પાળવું, પોષવું, વધારવું.–brother, *s.* દુધભાઈ.–child, *s.* પાલકબચ્ચું.–dam, *s.* દાઈ,આ-
યા.–daughter, *s.* પાલક છોકરી.–er, *s.* પાલક.
–father, *s.* પાલક બાપ.–mother, *s.* પાલક મા.
–sister, *s.* દુધબેન.–son, *s.* પાલક છોકરો.
Foul, *a.* મેલું, ગંદુ, મલિન; પ્રતિકૂલ; હલકું, ગેર-
વ્યાજબી. 2 *v.* મેલું કરવું.
Foul–mouthed, tongued, *a.* જીભનો છુટો.
Foulness, *s.* મલીનતા, મેલાપણું; ગાળ.
Found, *v.* સ્થાપવું, પાયો નાખવો.
Foundation, *s.* પાયો, મૂળ, સ્થાપવું, આધાર.
Founder, *s.* સ્થાપનાર, આચાર્ય, ધર્મસ્થાપક. 2 *v.* લંગડા કરવું; બુડવું,
Foundery, *s.* ધાતુ ઓતવાનું કારખાનું; કુપ્યશાળા.

Foundling, *s.* જડેલું છોકરૂં.
Fountain, *s.* ઝરો, કુંજ, ફુવારો, મૂળ.
Fountain-head, *s.* મુખ્યસ્થાન. Four, *a.* ચાર.
Four-fold, *a.* ચારગણું, ચોગણું.-footed, *a.* ચોપગું.-score, *s.* ચાર કોડી,એંસી.-square, *a.*ચોરસ.
Fourteen, *a.* ચૌદ.-th, *a.* ચૌદમું.Fourth,*a.* ચોથ.
Fowl, *s.* મરઘો, પક્ષી. 2 *v.* પક્ષિનો શિકાર કરવો.
Fowling-piece, *s.*શીકારીની બંધુક.[-er, *s.*વાધરી.
Fox, *s.* શીયાળ, લોકડી. [ર્ણાંક સંબંધી.
Fraction, *s.* અપૂર્ણાંક, અંશ, ભાગ.-al, *a.* અપૂ-
Fractious, *a.* કજીયાખોર. Fracture, *s.* ભંગ; ફાટ.
Fragile, *a.* નાજુક, જલદી ભાગે એવું.[2*v.*ભાગવું.
Fragility, *s.* નાજુકપણું. Fragment, *s.* કટકો,
Fragrance, *s.* સુવાસ, સુગંધ. [તુકડો, ભાગ.
Fragrant, *a.* ખુશબોદાર,સુગંધી. Frail, *a.*ક્ષણભં-
Frailty, *s.* નાજુકપણું, નામળાઈ; અસ્થિરબુદ્ધિ.[ગુર.
Frame, *s.* ચોકઠું, ઘર, મનોવિકાર, ચિત્તવૃત્તિ; આકાર, યોજના, પ્રમાણ, બનાવવું, રચવું, ઘડવું, જડવું.
Franchise, *s.*હક,સ્વતંત્રતા.[ડાકમાં મફત જતું કરવું.
Frank, *a.* ભોળો,નિષ્કપટી,સાફ દીલનો.2 *v.*કાગળને
Frankness, *s.* નિષ્કપટ, ભોળપણ.
Frankly, *ad.* મોકળા મને.

Frantic, *a.* દીવાનું, ગાંડો, ઘેલી; ઘાભરો, બાવરો.
Fraternal, *a.* ભાઈસંબંધી. Fraternity, *s.* ભાઈપણુ.
Fratricide, *s.* ભાતૃહત્યા.
Fraud, *s.* કપટ, ઠગાઈ, દગો, કાવતરૂં.
Fraudulent, *a.* કપટી, લબાડ, ઠગ.
Fraudulence, *s.* કપટ, ઠગબાજી.
Fraught, *a.* ભરપુર, ચીકાર. [ચોળવું.
Fray, *s.* કજીઓ, કંકાસ, કલેશ, લઢાઈ. 2 *v.* ઘસવું,
Freak, *s.* તુરંગ, તોર, ચાળો. 2 *v.* રંગીબેરંગી કરવું.
Free, *a.* છુટું, સ્વતંત્ર, સ્વાધીન; મોકળા મનનો, નિષ્કપટી; ઉદાર, ફોકટિયું, નિર્દોષી, સરળ. 2 *v.* સ્વતંત્ર
Free-booter, *s.* લૂટારો, પિંડારો. [કરવું, છુટકોકરવો.
Freedom, *s.* સ્વતંત્રતા, સ્વાધીનતા; હક; મુખત્યારી.
Freehold, *s.* વતન, જાગીર. Freeholder, *s.* જાગીરદાર.
Freeland, *s.* નકરી. Freely, *ad.* સ્વતંત્રપણે, મોકળા મનથી. [ષ્ટ બોલનાર.
Free-man, *s.* સ્વતંત્ર માણસ.–spoken, *a.* સ્પ-
Free-thinker, *s.* શાસ્ત્રદ્વેષી.–will, *s.* સ્વેચ્છા, અ-
Freeze, *v.* ઠરીજવું; જમીજવું, જમાવવું. [ખત્યારી.
Freight, *s.* નુર, ભાડું. બારદાન. 3 *v.* લાધવું, ભરવું.
French, *s.* ફ્રેંચ લોકની ભાષા. 2 *a.* ફ્રાન્સદેશનું.
Frenzy, *s.* ઉન્મત્તપણું, ઉન્મદ.

Frequent, *a.* ઘણીવાર. 2 *v.* વારેઘડીએ જવું.
Frequently,*ad.*વારંવાર,વારેઘડીયે. [દુરસ્ત,નિરોગી.
Fresh, *s.* પુર. 2 *a.* તાજું, મિઠું; કોરૂં, થંડું, તન-
Freshen, *v.* તાજું કરવું.
Freshness, *s.* તાજાપણું, મિઠાસ. [વવું, ચિડવવું.
Fret, *s.* સમુદ્રક્ષોભ; ચિત્તક્ષોભ, ઉભરો. 2 *v.* ખિજ-
Fretful, *a.* રીસાળ, ખિજાઉ.–ness, *s.* તેજ મિજાજ.
Fretting, *s.* ચટપટ, તળવળ.
Friction, *s.* ઘસારો, ઘર્ષણ.
Friday, *s.* શુક્રવાર. Fried, *a.* તળેલું.
Friend, *s.* મિત્ર, દોસ્તદાર, સ્નેહી, મેહેરબાન, યાર.
–less, *a.* નિરાધાર, અનાથ.–liness, *s.* દોસ્તદારી,
મિત્રત્વ. –ly, *a.* દોસ્તદારનું,અનુકૂળ. 2 *ad.* સ્નેહ-
ભાવથી. Friends, *s.* સગાંવહાલાં.
Friendship, *s.* દોસ્તી, મિત્રાચારી, સ્નેહ, પ્રીત.
Frigate, *s.* યુદ્ધનૌકા. Fright, *s.* ભય,ધાસ્તી, બિહીક.
Fright, Frighten, *v* ભડકાવવું, ડરાવવું.
Frightened, *a.* બિધેલું, ભડકેલું.
Frightful, *a.* ભયંકર, ઘોર, વિકાળ.–ness, *s.* વિ-
કાળતા, ભયંકરપણું. Frigid, *a.* થંડું, શીતળ.
Frigidity, *s.* સરદી, થંડી.
Fringe, *s.* ઝાલર, સંજાબ, કોર. 2 *v.* કોર મુકવી.

Frippery, *s.* જુના કપડાં. Frisk, *v.* કુદવું, નાચવું.
Frivolous, *a.* હલકું, નજીવું, જુજ.
Frizzle, *v.* see Curl. Fro, *ad.* અહીં તહીં.
Fro (to and), *ad.* એણીગમ, પેલીગમ.
Frock, *s.* ઝભ્ભો, ઝબલું, જામો. Frog, *s.* દેડકું, આંટણ.
Frolic, *s.* રમત, ખેલ; મોજ, શોખી. 2 *v.* રમવું, ખેલવું.
Frolicsome, *a.* શોખી, લેહેરી, રંગી, મોજી. [કમાંથી.
From, *prep.* થી, થકી, પાસેથી. –above, ઉપરના મુલ-
Front, *s.* આંગણું; ચેહેરો, મોહોડું. 2 *v.* સન્મુખ થવું.
Frontier, *s.* સરહદ્દ, સિમા, લત્તો, પ્રાંતભાગ.
Frontispiece, *s.* ઈમારતનો આગલો ભાગ.
Frontlet, *s.* કપાળપટ્ટી.
Frost, *s.* હિમ, તુષાર, ઝાકળ.
Frost-bitten, *a.* હિમથી બળી ગયેલું.
Frosty, *a.* હિમવાન, ઝાકળી.
Froth, *s.* ફીણ. 2 *v.* ફીણલાવવું.
Frothy, *a.* ફીણવાળું. Frounce, *v.* ચીણવળાવવી.
Froward, *a.* હઠીલો, મમતી.
Frowardness, *s.* હઠ, મમત, જીદ્દ.
Frown, *s.* ભ્રકુટી, ગુસ્સો. 2 *v.* ઘુરકવું, ગુસ્સે થવું.
Frozen, *a.* બંધાઈ ગયેલું, ઠરેલું.
Fructify, *v.* સફળ કરવું, ફળવંત કરવું. [રકસર.

Frugal, *a.* કસરીયું, અલ્પવ્યયી. Frugality, *s.* ક-
Fruit, *s.* ફળ, મેવો; પરિણામ; લાભ, ફાયદો, હમેલ.
Fruitage, Fruits, *s.* જાતજાતનો મેવો.
Fruitful, *a.* ફળવાન, ભરપૂર. Fruition, *s.* ભોગવટો.
Fruitless, *a.* વ્યર્થ, નિષ્ફળ; વાંઝણી.
Fruit-tree, *s.* ફળઝાડ, ફળવૃક્ષ. [કરવું.
Frustrate, *v.* નિષ્ફળ કરવું, નાઉમેદ કરવું, બાતલ-
Fry, *v.* તળવું. 2 *s.* તળેલી વસ્તુ.
Frying-pan, *s.* તાવડી, કઢાઈ.
Fuel, *s.* સર્પણ, ઇંધન, બળતણ.
Fugitive, *a.* ભટકતું, રખડતું, ભમતું; ક્ષણિક, ચળિત.
Fulcrum, *s.* ટેકો. [2 *s.* નાહાસી જનાર માણસ.
Fulfil, *v.* વચન પાળવું, પાર ઉતારવું, મુદ્દત પુરી થવી.
Fulfilment, *s.* સાર્થક, કૃતાર્થ. Fulgent, *a.* તેજસ્વી.
Full, *s.* ભરતી, મર્યાદા, પૂર્ણતા. 2 *a.* પૂર્ણ, ભરપુર, પાકો.–dress, *s.* ભરપોશાક.–moon, *s.* પુનમનો ચંદ્રમા.–point, *s.* પૂર્ણચિન્હ. Fulness, *s.* પૂર્ણતા;
Fully, *ad.* તમામ, પૂર્ણરીતે. [સમૃદ્ધિ, જોર.
Fulsome, *a.* નાપસંદ, કંટાળા ભરેલું.
Fume, *s.* ધુમાડો; બાફ, વરાળ; જોસ, મિજાસ. 2 *v.* જોસ્સામાં આવવું. Fumid, *a.* ધુમાડો ભરેલું.
Fulmigate, *v.* બાફઆપવો. Fumigation, *s.* ધુમાડો.

Fumigatory, *s.* પિતપાપડો.
Fun, *s.* રમુજ, ગમત,મઝા,રંગ;ખેલ,તમાસો; મશ્કરી.
Funambulist, *s.* દોરડાંપર નાચનાર.
Function, *s.* કામ, વ્યાપાર; અધિકાર, અમલ.
Functionary, *s.* કામદાર, અમલદાર, અધિકારી.
Fund, *s.* પુંજી, થાપણ, આયપત. 2 *v.* પુંજી ઉભી કરવી.
Fundamental, *a.* જરૂરનું, મૂળભૂત. 2 *s.* પાયો, મુળતત્વ.
Funeral, *s.* ભુમિદાહ, દફ્ણાવવાની ક્રીયા. 2 *a.* ભૂમિદાહ સંબંધી.
Funnel, *s.* ગળણી.ધુમાડીયું. Funny, *a*, રમુજી, તીલખી.
Fur, *s.* રૂઆં; ઉંન; છારી, મેલ.
Furbish, *v.* ઓપવું, અજવાળવું.
Furious, *a.* ઘેલું, દિવાનું, ધાભરૂં, જબરૂં. -ly, *ad.* જેસથી.
Furl, *v.* વિંટાળવું, ઘડી કરવી. Furlong, *s.* ૧/૮ માઈલ.
Furnace, *s.* ભઠ્ઠી, ચુલો.
Furnish, *v.* પુરૂંપાડવું, પોહોંચાડવું, તૈયારકરવું, સજવું, આપવું.
Furnished, *a.* પુરૂં પાડેલું, સજેલું, તૈયારકરેલું.
Furniture, *s.* સરસામન, રાચરચિલું, ઘરવાખરો; સામગ્રી.
Furrier, *s.* રૂઆં વેચનાર.
Furrow, *s.* ખોબણ, ધરડ. 2 *v.* ચાસ પાડવી.
Further, *ad.* વધારે દૂર. 2 *v.* વધારવું, મદદ કરવી.
-most, *a.* ઘણુંજ દૂર.

Fury, *s.* ઉન્માદ, ઝાંઝ, જનુન. (woman), *s.* ચુડેલ.
Fuse, *v.* ગાળવું, ઓગાળવું, તાવવું, પિગળાવવું.
Fusible, *a.* ગાળી શકાય એવું. Fusil, *s.* નાહાની બંદુક.
Fusion, *s.* ગાળવું. Fusilier, *s.* શિપાઈ.
Fuss, *s.* ખટપટ, ધાંધલ, ગરબડાટ, બખેડો.
Fust, *s.* દુર્ગંધ, ખોરાસ.
Futile, *a.* હલકું, નિરર્થક, નિષ્ફળ; બકબકીયો.
Future, *a.* ભવિષ્ય, ભાવી. (tense), ભવિષ્યકાળ.
Futurity, *s.* ભવિષ્યકાળ. Fy, *s.* છિ, છિટ, ધિ:ક.

G.

Gabble, *s.* બકબક 2 *v.* બકબક કરવું.
Gable, *s.* ઢળતું છાપરૂં. [રખડવું.
Gaby, *s.* મૂર્ખ, બુબક. Gad, *s.* પરોણી, આર. 2 *v.*
Gadfly, *s.* ડાંસ. Gag, *s.* ડુચો, ડટ્ટો. 2 *v.* મોહો-
ડામાં ડુચો ઘાલવો. [રાખવું, માપવું.
Gage, *s.* ગીરવી રાખેલો માલ; માપ. 2 *v.* ગીરવી
Gain, *s.* કમાઈ, ફાયદો, નફો, લાભ. 2 *v.* રળવું, ક-
માવવું, મેળવવું, જઈ પોહોંચવું. -over, *v.* પોતા-
ની તરફેણમાં લેવું. Gainer, *s.* કમાઉ, રળનાર.
Gainful, *a.* લાભકારક, ફિફાયતી.
Gainsay, *v.* ખોટું પાડવું, ખંડન કરવું. સામુ થવું.
Gait, *s.* ચાલ, રવેશ, ગતિ. Galaxy, *s.* આકાશગંગા.

Gale, *s.* વાવટોળ, તોફાન.
Gall, *s.* પિત્ત, ગુસ્સો. 2 *v.* ઘસવું, રગડવું.
Gallant, *s.* હિંમતવાન પુરૂષ; રંગીલો પુરૂષ; જાર, છિનાળવો; બાહાદુર, હિંમતવાન, પ્રતાપી, શૂરો; સ્ત્રી જાતનો આદર સત્કાર કરનારો.-ly, *ad.* બાહાદૂરીથી, શૂરપણે.
Gallantry, *s.* બાહાદુરી, મર્દાઈ; ઈષકબાજી; સ્ત્રી સન્માન.
Gallery, *s.* અગાસી, જરૂખો, કઠેરો, ગેલેરી, નાટકમાં બેસવાની જગ્યા; તસબીર તથા પુતલાનો સંગ્રહ.
Galley, *s.* ચપટી બાંધણીનું એક તુતકવાળું વાહાણ.
Galling, *a.* ત્રાસદાયક. Gallipot, *s.* કુલડી.
Gallon, *s.* પ્રવાહી પદાર્થ ભરવાનું માપ.
Gallop, *s.* છલંગ. 2 *v.* ચારે પગે દોડાવવું.
Gallows, *s.* ફાંસીનું લાકડું, સૂળી.
Gamble, *v.* જુગાર રમવું. Gambler, *s.* જુગારી.
Gambling, *s.* જુગાર.
Gambol, *s.* રમત, ખેલ, કુદકો. 2 *v.* નાચવું, કુદવું, રમવું.
Game, *s.* દાવ, બાજી, રમત; પારધ, શીકાર; મશ્કરી. 2 *v.* જુગાર રમવું. (cock), લઢાઉ મરઘો.-some, *a.* રમતીયાળ; મોજી.
Gamester, *s.* જુગારી. Gander, *s.* હંસ.
Gang, *s.* ટોળી, જાત. Ganges, *s.* ગંગાનદી, ભાગીરથી.
Gaol, *s.* તુરંગ, બંધીખાનું. Gaoler, *s.* દારોગો, જેલર.

Gap, *s.* ખાડો, ગાબડું, ભગંદર; ખામી, દોષ, છિદ્ર.
Gape, *s.* બગાસું. 2 *v.* બગાસું ખાવું; ફાટવું, તડ પડવી.
Garb, *s.* પોશાક, લેબાસ, વસ્ત્ર. Garbage, *s.* આંતરડાં.
Garble, *v.* ચુંટવું, જુદું પાડવું.–d, *p.* ચુંટી કાઢેલું.
Garden, *s.* બાગ, બગીચો, વાડી.–er, *s.* માળી.–ing, *s.* બાગ કામ.–plot, *s.* ક્યારો.–stuff, *s.* તરકારી.
Gargle, *s.* કોગળો. 2 *v.* કોગળો કરવો; મમળાવવું.
Garland, *s.* માળા, હાર; તોરણ. Garlic, *s.* લસણ.
Garment, *s.* ઝભ્ભો; પોશાક, વસ્ત્ર.
Garments, *s.* પેહેરવેશ. Garner, *s.* કોઠાર.
Garnet, *s.* લાલ, યાકૂત. [Garret, *s.* કાતરીયું, માળો.
Garnish, *v.* સણગારવું, સજવવું. 2 *s.* સણગાર, પોશાક.
Garreteer, *s.* કાતરીયામાં રેહેનાર.
Garrison, *s.* કિલ્લાનો શીપાઈ; કિલ્લો. 2 *v.* કિલ્લાના બચાવ સારૂં લશ્કર રાખવું.
Garrulity, *s.* વાચાળપણું. Garrulous, *a.* વાચાળ,
Garter, *s.* મોજાનો બંધ; એક જાતની પક્ષી.[બોલકણો.
Gas, *s.* વાયુ, હવા, ગ્યાસ.(light), ગ્યાસનો દીવો.
Gaseous, *a.* વાયુરૂપ. Gash, *s.* જખમ, ઘા, ભગંદર.
Gasp, Gasping, *s.* હેડકી, ઘરેડો. 2 *v.* હેડકી આવવી.
Gate, *s.* દરવાજો, દ્વાર, કમાડ; ભાગોળ, ઝાંપો; વાડ, તટ્ટી.
Gate-keeper, *s.* દ્વારપાળ, પોહોરેગીર.–way, *s.* દેવડી.

Gather, *s.* ઘડી, કરચળી. 2 *v.* સંગ્રહ કરવો;ચુંટવું, વસુલ કરવું;ઘડી કરવી;અનુમાન કરવો;ઘેરાવું;પરૂ વેહેવું.
Gathering, *s.*સંગ્રહ,મેળાવડો, જમાવ;ઉઘરાણી;ચીણ.
Gaudiness, *s.* ભપકો, દમામ, શોભા.
Gaudy, *a.* દેખાવડું.
Gauge, *s.* માપ. 2 *v.*માપવું. Gaunt, *a.*નબળું,પોચું.
Gauntlet, *s.* વજ્રમુષ્ટિ, મુક,હાથપર પેહેરવાનું મોજું.
Gauze, *s.*ગાજ. Gay, *a.*આનંદી,ખુશ;રંગીલું;શોભીતું.
Gayety, *s.* ઉલ્લાસ,આનંદવૃત્તિ; વિલાસ;શોભા;દેખાવ.
Gaze, *s.* એકાગ્ર દ્રષ્ટિ.2 *v.*ટકટકજોવું;એકી નજરે જોવું.
Gazette, *s.* વર્તમાનપત્ર. 2 *v.* વર્તમાન પત્રમાં જાહેર [કરવું.
Gazetteer, *s.* વર્તમાન પત્ર છાપનાર.
Gazingly, *ad.* ટકટક જોઈને. Geld, *v.* ખસી કરવું.
Gem, *s.* રત્ન, જવાહીર. Gemini, *s.* મિથુનરાશિ.
Gemmary, *a.* રત્ન સંબંધી.
Gender, *s.* લિંગ,જાતી.2 *v.* જન્મ આપવો. (masculine), પુલ્લિંગ.(feminine),સ્ત્રી લિંગ.(neuter), [નપૂસક લિંગ.
Genealogical, *a.* વંશ ચરિત્રનું.
Genealogist, *s.* વંશ ક્રમદર્શક.
Genealogy, *s.* વંશાવળી વર્ણન; વંશાવળી, ઓલાદ.
General, *s.* સેનાપતિ. 2 *a.* સાધારણ, સામાન્ય; સંસારિક; મોઘમ.
Generalissimo, *s.*અમીરઉલઉમરા.

Generality, *s.* મોહોટી સંખ્યા; જાતી સ્વભાવ; સાધારણત્વ.
Generalize, *v.* સાધારણ કરવું.
Generally, *ad.* ઘણું કરીને. Generate, *v.* ઉત્પન્નકરવું.
Generation, *s.* ઓલાદ; જમાનો.
Generative, *a.* ઉત્પન્નકારી. Generator, *s.* ઉત્પન્નકરનાર.
Generic, *a.* સાધારણ, સામાન્ય.
Generosity, *s.* સખાવત, ઉદારતા.
Generous, *a.* સખી, ઉદાર, દાતા.
Genial, *a.* અનુકૂલ, માફક. Genii, *s.* ભૂત, જીન, રાક્ષસ.
Genitive, *s.* સંબંધકારક, છઠ્ઠી વિભક્તિ.
Geniture, *s.* જન્મ, ઉત્પત્તિ
Genius, *s.* બુદ્ધિ, મનશક્તિ; બુદ્ધિવાન પુરૂષ; દેવતા.
Genteel, *a.* સભ્ય, ગૃહસ્થી.–ness, *s.* સભ્યતા; માણસાઈ.
Gentile, *s.* અનેક ઇશ્વરને માનનાર; જાત-દેશ બતાવનાર.
Gentility, *s.* સભ્યતા, ભલમનસાઈ; કુલીનપણું.
Gentle, *a.* જાતવંત, અસરાફ, નમ્ર, કુલીન, મંદ, હલકું.
Gentleman, *s.* ગૃહસ્થ, સજ્જન.
Gentlemanliness, *s.* સુજનતા.
Gentlemanlike, Gentlemanly, *a.* સભ્ય, શિષ્ઠ.
Gentleness, *s.* ભલાઈ, ગરીબાઈ; કુલીનતા,
Gentlewoman, *s.* કુલીન સ્ત્રી.
Gently, *ad.* હળવેથી; નરમાસથી.

Genuine, *a.* અસલ, ખરૂં.--ness, *s.* અસલપણું, ખરાપણું.
Genus, *s.* જાત, વર્ગ, ગણ.
Geographer, *s.* ભૂગોળવિદ્યાવેત્તા.
Geographical, *a.* ભૂગોળવિદ્યા સંબંધી.
Geography, *s.* ભૂગોળવિદ્યા.
Geologist, *s.* ભૂસ્તરવિદ્યાવેત્તા.
Geology, *s.* ભૂસ્તરવિદ્યા. Geomancer, *s.* રમલજોનાર.
Geometrician, *s.* ભૂમિતિ જાણનાર, રેખાગણક.
Geometry, *s.* ભૂમિતિ, રેખાગણિત.
Germ, *s.* અંકુર; મૂળ. German, *s.* ભાઈ, બ્હેન, બાંધવ.
Germinate, *v.* પેદા કરવું; ફુટવું.
Gerund, *s.* ધાતુ સાધિત નામ.
Gesticulate, *v.* હાથનાં ચાળા કરવા.
Gesture, *s.* હાવભાવ, ચાળા, ગતિ.
Get, *v.* મેળવવું, સંપાદન કરવું, પામવું, માનવું. (above) સરસ થવું. (in), દાખલ થવું; (off), ઉતારવું, વેચવું. (over), પારપાડવું, તરવું. (out), નિકળવું. (up), [જાગવું, ઉઠવું.
Getting, *s.* કમાણી, પેદાસ, આયપત.
Ghastly, *a.* ભયંકર, ડરામણું, કમકમાટ ભરેલું.
Ghost, *s.* ભૂત, પિશાચ, જીન. Giant, *s.* દૈત્ય, રાક્ષસ.
Gibbet, *s.* ફાંસી દેવાના લાકડાં; ચારી. 2 *v.* ફાંસીદેવી.
Giddiness, *s.* ચક્કર, ફેર, તમ્મર, અવિવેકપણું.

Giddy, *a.* બેશુદ્ધ, ગાફેલ,અવિવેકી;મસ્ત. [કળા, ગુણ.
Gift, *s.* ઈનામ, બક્ષીસ, નજરાણું, વધામણી;કરામત,
Gifted, *a.* ગુણી, ગુણવાન, સુલક્ષણું. Gig, *s.* બગી.
Gigantic, *a.* કદાવર, રાક્ષી, મહાકાય.
Giggle, *v.* દાંત કાઢવા. Gild, *v.* ઢોળ ચઢાવવો.
Gilding, *s.* સોનેથી રસવાનો હુન્નર.
Gill, *s.* ચુઈ, માછલીના કલ્લા. Gilt, *a.* સોને રસેલું.
Gimlet, *s.* સારડી, ટોપણ. Gin, *s.* દારૂ; ફાંસો, ફાંદો; ચરકો.

Ginger, s. (green),આદુ.(dry), સુંઠ.(preserved), આદાનો મુરબ્બો.–bread, *s.* સુંઠની રોટલી.–ly, *ad.*
Gipsy, *s.* કાળાવર્ણના રખડતા લોક. [સંભાળથી.
Gird, *s.* ચાબુકનો વળ. 2 *v.* લપેટવું, વિંટાળવું.
Girdle, *s.* કંદોરો, કટીબંધન; તવો, લોઢી.
Girl, *s.* છોકરી, છોડી, કન્યા.–ish, *a.* છોકરીની માફક.
Girth, *s.* ઘેર, ઘેરો, ચક્કર; ઘોડાનો તંગ.
Give, *v.* આપવું, અર્પણ કરવું; સત્તા આપવી. To give away, *v.* આપી દેવું, આપી છુટવું.(ear to), સાંભળવું.(forth), જાહેર કરવું. (out), પ્રસિદ્ધકરવું. (over), છોડી દેવું, આશા છોડવી. (up), છોડી દેવું. (one's self up), પોતાને આરામ થવાની આશા છોડવી.(way), ધસીપડવું,ભાગી જવું; નમવું.

(into), હાપાડવી.

Giver, *s.* દાતા,આપનાર. Giving, *s.*દાન, ધર્મ; ત્યાગ.

Glacier, *s.* બરફનો ઢગ. Glad, *a.* આનંદી, ખુશ.

Gladden, *v.* આનંદ કરવું-પમાડવું. Glade, *s.* ખિણ.

Gladiator, *s.* કુસ્તીબાજ.

Gladly, *ad.* ખુશીથી, આનંદથી.

Gladness, *s.*આનંદ,ખુશી.Gladsome,*a.*આનંદકારક.

Glance, *s.* નેત્રકટાક્ષ, ઈશારત; નિઘા. 2 *v.* બાડી ન-

Glancingly, *ad.* બાડી નજરે જોતાં. [જરે જોવું.

Gland, *s.* માંસપિંડ. Glandular, *a.* માંસગ્રંથિમય.

Glare, *s.* તેજ, ઝગઝગાટ, ઝલક.2 *v* ઝળકવું,આંખો

Glaring, *a.*તેજસ્વી,ઝગઝગતું;ઉઘાડું,ખુલ્લું. [કાઢવી.

Glaringly, *ad.* ઉઘાડી-ખુલ્લી રીતે.

Glass, *s.* કાચ, બિલોર, કાચપાત્ર. (looking), આ-
રશી, ચસમો. (hour),રેતીનું ઘડીયાળ.(grinder),
કાચ સાફ કરનાર. (house), કાચ બનાવવાનું કા-
રખાનું. (man), કાચ વેચનાર. (work), બીલોરી
કામ.-y, *a.* કાચનું, કાચ જેવું.

Glave, *s.* પોહોળી તરવાર.Glaze,*v.* ઘુંટવું,લીસું કરવું.

Gleam, *s.* ચળકાટ, ઝગઝગાટ; કિર્ણ. 2 *v.* ચળકવું,
પ્રકાશવું. Gleamingly, *ad.* ચકચક.

Glean, *v.* વિણવું, ચુંટી કાઢવું.

Gleaner, *s.* દાણા વિણનાર. Gleaning, *s.* વિણવું.
Glebe, *s.* જમીન. Glee, *s.* ખુશાલી, હર્ષ, ઉલ્લાસ. 2 *v.* ધાત જવી. Gleeful, *a.* આનંદી, ઉલ્લાસી.
Gleen, *v.* ચળકવું.
Gleet, *s.* પરમીયો, ધાત બીગાડ. 2 *v.* ધાત જવી.
Glen, *s.* ખીણ, ખો, બખોલ.
Glib, *a.*લીસું,વાચાળ,ચપળ.Glide,*v.*સરવું,ઢળીપડવું.
Glimmer, *s.* ઝાંખો પ્રકાશ. 2 *v.* ઝાંખુ પ્રકાશવું.
Glimmering, *a.* ઝાંખું બળનારૂં.
Glimpse, *s.*ઝાંખો પ્રકાશ.Glisten,*v.*ચળકવું,પ્રકાશવું.
Glitter, *s.* ઝગઝગાટ,ચળકાટ.2 *v.* પ્રકાશવું,ચકચકવું.
Glittering,*a.* ચળકતું.Gloat, *v.* બીહીતાં બીહીતાં જોવું.
Globe, *s.* ગોળો, વર્તુલ;હાંડી.(terrestrial),ભૂમંડળ. (celestial), ખગોળ. Globose, *a.* ગોળાકાર.
Globular, *a.* ગોળ,ગોળાકાર,. Globule,*s.*ગોળી,રવો.
Gloom, *s.* અંધારૂં, ઝાંખ, દીલગીરી.
Gloominess, *s.* કાળાસ, દીલગીરી.
Gloomy, *a.* કાળું, અંધારૂં; ઉદાસ, દીલગીર.
Glorify, *v.* વખાણ-સ્તુતિ કરવી.
Glorious, *a.*કીર્તિવાન,પ્રતાપી.[2 *v.* શીશીયારી કરવી.
Glory, *s.* કીર્તિ, આબરૂ, નામ, યશ, પ્રતિષ્ઠા, પ્રતાપ.
Gloss, *s.*ટીકા,ભાષ્ય;ચળકાટ,ઓપ.2*v.*ઘુંટવું; ટીકાકરવી.

Glossarist, *s.* ટીકા કરનાર.
Glossary, *s.* અજાણ્યા શબ્દનો કોશ. [ઝળકતું.
Glossiness, *s.* ચળકાટ, પ્રકાશ. Glossy, *a.* તેજદાર,
Glottis, *s.* દમ લેવાની નળી. Glove, *s.* હાથનું મોજું.
Glow, *s.* તેજ,નુર;ભડકો,આંચ. 2*v.*ધગધગવું,પ્રકાશવું.
Glowing, *a.* ધગધગતું. Glow-worm, *s.* આગીયો કીડો.
Glue, *s.* સરેસ. 2 *v.* સરેસ ચોંટાડવો.
Glum, *s.* કાળું મોહોડું.
Glut, *s.* રેલછેલ, ભરતી. 2 *v.* રેલછેલ કરવું; ઠાંસીનેખાવું.
Glutinous, *a.* ચીકણું. Glutinousness, *s.* ચીકાસ.
Glutton, *s.* અકરાંતીયો. Gluttonous, *a.* અત્યાહારી.
Gluttonousness, *s.* અકરાંતીયાપણું, અત્યાહાર.
Gnash, *v.* ઓઠ પીસવા, દાંત કકડાવવા.
Gnashing, *s.* કચકચ. 2 *a.* દાંત કકડાવીને.
Gnat, *s.* મચ્છર, ડાંસ. Gnaw, *v.* કરડવું, સળી જવું.
Gnawing, *s.* કરડવું, બચકું. Gnomon, *s.* શંકુ.
Go, *v.* જવું, ગમન કરવું, ચાલવું; રવાને થવું, લાગુ-પડવું; વેહેવું; દહાડા રહેવા. (about) મંડી જવું, તજવીજ કરવી. (aside) આડે રસ્તે જવું. (by) નજદીક થઈને જવું; સટી જવું. (down) નીચે જ-વું. (forth) નિકળવું. (off) બાર થવો. (out) મરી જવું; ગુલ થવું. (over again) ફરીથી તપા-

રી જોવું. (through) બજાવવું. (under) જા-
ણીતા થવું. (up) ઉપર જવું. (with) સંગકરવો.
Goad, *s.* આર, પરોણી, અંકુશ. 2 *v.* પરોણી માર-
વી, ઉશ્કેરવું. Goal, *s.* ખુંટો, મજલ, નિશાણ.
Goat, *s.* બકરો, અજ. Gobble, *v.* ડપાડપખાવું.
Go-between, *s.* દલાલ, ભડવો; દૂતી.
Go-cart, *s.* પાંગળા ગાડી. Goat-herd, *s.* રબારી.
Goatish, *a.* કામી, કુવાસનાવાળું. Goblet, *s.* કટોરો.
Goblin, *s.* ભૂત, પિશાચ, પ્રેત; નજીવી વસ્તુ.
God, *s.* દેવ, ઈશ્વર, પરમેશ્વર, ખોદા, દેવતા.
Goddess, *s.* દેવી, માતા. Godfather, *s.* ધર્મબાપ.
Godhead, *s.* ઈશ્વરપણું. Godless, *a.* અધર્મી.
Godlike, *a.* દિવ્ય, ઈશ્વરી. Godliness, *s.* ઈશ્વરભક્તિ.
Godly, *a.* ધાર્મિક, પરમાર્થી, ઈશ્વર નિષ્ઠ.
Godown, *s.* વખાર. Godspeed, *s.* જય, ફતેહ.
Goer, *s.* જનાર, ચારી. Gogglet, *s.* ચંબુ, શીશોઈ.
Going, *s.* ગમણ, ગતિ, પ્રયાણ; ચાલચલણ.
Gold, *s.* સોનુ, સુવર્ણ, હેમ, કંચન. 2 *a.* સોનાનું.
Gold-beater, *s.* વરખ બનાવનાર.–dust, *s.* સોના-
ની ધૂળ. [સતયુગ.
Golden, *a.* સોનેરી; પીળું; આબાદ; કિંમતી. (age)
Gold-leaf, *s.* સોનેરી વરખ. Goldsmith, *s.* શોની.

Gondola, *s.* એક જાતનો મચ્છવો.

Gone, *p.* ગત, ગુજરેલું. Gong, *s.* ઘડીઆળ, ઘડી.

Gonorrhœa, *s.*. પરમીયો.

Good, *s.* ફાયદો, ફળ, હિત; કલ્યાણ. 2 *a.*સારૂં,ભલું, શુભ, માંગલિક, વ્યાજબી, ઠીક, લાયક; સદાચરણી; છવદાર; પરોપકારી; ખખડતા.3 *ad.*સારૂં, બહુ મઝાનું. (by) સુખી થાઓ, આબાદ રહો.

Good-nature, *s.* સાલસપણું. -natured, *a.* સાલસ.

Good-morning, *s.* સવારની સલામ.–evening, *s.* સલામ (સંધ્યાકાળની.)–night, *s.* સલામ (રાતની).

Good-ness, *s.* નેકી; ભલાઈ, ખુબી; કૃપા; કસ, સત્વ.

Goods, *s.* માલ, માલમતા, સામાન.

Good-will, *s.* કૃપા, મરજી, રેહેમ.

Goose, *s.* હંસ; મૂર્ખ,હેમક.–berry, *s.*એક જાતનું ફળ.

Gore, *s.* ગંઠાઈ ગયેલું લોહી;કળી.2 *v.*શીંગડું ભોકવું.

Gorge, *s.* ગળું,કંઠ.2 *v.* ઓકારી આવે ત્યાંસુધી ખાવું.

Gorgeous, *a.* ભભકદાર.–ness, *s.* શોભા,ઝળઝળાટ.

Gormandize, *v.* ઓકારી આવે ત્યાં સુધી ખાવું.

Gosling, *s.* હંસનું બચ્ચું. Gospel, *s.*શુભ વર્તમાન.

Gossip, *s.* ગપ્પીદાસ; બાતમી, ગપ.2 *v.*ગપ્પા મારવા.

Gothic, *a.* ગૉથ લોકોની બાંધણી સંબંધી.

Gourd, *s.* દુધી, તુંબડી. Gourmand, *s.* ખવીસ.

Gout, *s.* સંધિવાયુ, વાતરોગ. Gouty, *a.* વાતરોગી.
Govern, *v.* અમલ કરવો, રાજ્ય ચલાવવું, બંદોબસ્ત રાખવો.
Governable, *a.* વશ્ય. Governess, *s.* રાજ્ય ચલાવનારી સ્ત્રી. [વટ; હુકમ; કારક.
Government, *s.* રાજ્ય, અમલ; સરકાર; રાજ્ય વહી-
Governor, *s.* હાકેમ, નવાબ, ઉપરી; કારભારી.–ship, [*s.* હાકેમી.
Gown, *s.* જામો, ઝભ્ભો.
Grace, *s.* કૃપા, મેહેરબાની; શોભા; અલંકાર; રત્ન; માફી; હક, છુટ. 2 *v.* સુશોભિત કરવું, મહેરબાની કરવી.
Graceful, *a.* શોભિતું, ખુબ સુરત, અલબેલું.–ly, *ad.* શોભિતી રીતે.–ness, *s.* ખુબી; કાંતી.
Gracious, *a.* કૃપાળુ, દયાવંત.–ly, *ad.* દયા પૂર્વક.
Graciousness, *s.* કૃપા, મેહેરબાની, દયા, અનુગ્રહ.
Gradation, *s.* અનુક્રમ, દરજ્જો, પાયરી,
Grade, *s.* દરજ્જો, પાયરી; જાત. Gradual, *a.* ધીમુ, [આસ્તે.
Gradually, *ad.* હળવે હળવે, થોડે થોડે.
Graduate, *s.* સનંદ મળેલો માણસ. 2 *v.* સનંદ આપવી.
Graft, *s.* કલમ. 2 *v.* કલમ કરવી.–ed, *a.* કલમી.
Grain, *s.* દાણો, અનાજ, ધાન્ય; કણ, રવો; એક જાતનું વજન; કોડી, રતી, બદામ.–dealer, *s.* મોદી, દાણાવાળો.
Grains, *s.* છોડાં, છાલાં. Gram, *s.* ચણા.
Grammar, *s.* વ્યાકરણ. Grammarian, *s.* વૈયાકરણી.

Grammatical, *a.* વ્યાકરણ સંબંધી.
Grammatically, *ad.* વ્યાકરણાનુસાર.
Granary, *s.* કોઠી, કોઠાર, ઝીલ્લો.
Grand, *a.* મુખ્ય, મોહોટું, શ્રેષ્ઠ; શોભાયમાન, ભવ્ય.
Grand-child, *s.* પૌત્ર, પૌત્રી.
Grandee, *s.* અમીર, ઉમરાવ, સરદાર, મોહોટા લોક.
Grandeur, Grandness, *s.* બડેજાવ, ઠાઠમાઠ, દબદબો.
Grand-father, *s.* બપાવો, મમાવો, દાદા.
Grand-mother, *s.* દાદી, બપાઈ, મમઈ.
Grant, *s.* ઈનામ, બક્ષીસ, સનંદ. Grantee, *s.* ઈનામલેનાર.
Granular, *a.* દાણાદાર. Granulate, *v.* અંગુર આવવું.
Granulation, *s.* અંગુર, માંસ. Granule, *s.* દાણો, રવો.
Granulous, *a.* દાણાંદાર. Grape, *s.* દ્રાક્ષ, દરાખ.
Graphic, *a.* સુવર્ણિત, તારીફ કરવા લાયક.
Grapple, *v.* પકડવું, ઝાલવું, ભીડવું.
Grasp, *s.* મુઠ. 2 *v.* મુઠીમાં પકડવું; ઝાલવું, સાવું.
Grass, *s.* ઘાસ, ચાર.–hopper, *s.* તીડ.
Grass-plot, *s.* ઘાસનું મેદાન. Grassy, *a.* ઘાસથી વ્યાપ્ત.
Grate, *s.* જાળીની સગડી; ચુલો. 2 *v.* છીણવું, ખમણવું.
Grateful, *a.* કૃતજ્ઞ, ઉપકારી; સ્વાદિષ્ટ; રમ્ય, દીલપસંદ.
Gratefully, *ad.* કૃતજ્ઞાપૂર્વક, ઉપકાર માનીને.
Gratification, *s.* સુખ, તૃપ્તી, સંતોષ; ખુશી.

Gratify, *v.* તૃપ્ત કરવું, પુરૂં પાડવું, ખુશ કરવું.
Grating, *s.* ઘસારો, ખડખડાટ, કરકર. 2 *a.* નાપસંદ.
Gratis, *a.* મફત, વગરપૈસે, ફોકટ.
Gratitude, *s.* ઉપકાર, કૃતજ્ઞતા, આભાર, પહાડ.
Gratuitous, *a.* ફોકટનું.—ly, *ad.* વગર પૈસે.
Gratuity, *s.* ઈનામ, બક્ષીસ, સંતોષદાન. [દવું, કોરવું.
Grave, *s.* ઘોર, કબર. 2 *a.* વજનદાર, ગંભીર. 3 *v.* ખો-
Gravel, *s.* કાંકરી. Gravely, *ad.* ગંભીરાઈથી.
Graveness, Gravity, *s.* ગાંભીર્ય; બોજ, ભાર.
Gravitate, *v.* ગુરૂત્વાકર્ષણના કાયદા પ્રમાણે ખેંચાવું.
Gravitation, *s.* ગુરૂત્વાકર્ષણ. Gravy, *s.* સેરવો.
Gray, *a.* કાબરચિત્રું.—beard, *s* જઈફ માણસ.
Graze, *v.* ચરાવવું, ઘાસ ખવાડવું; ચરવું.
Grazier, *s.* ચરાવનાર, ગોવાળિયો Grazing, *s.* મેદાન,
Grease, *s.* ચરબી. 2 *v.* ચરબી લગાડવી, ઉજવું. [ખેતર.
Greasy, *a.* ચરબીવાળું, કદદાર; ચીકણું, તેલકટ.
Great, *a.* મહાન, વિસ્તિર્ણ; વજનદાર, માતબર; પ્રખ્યા-
 ત, નામદાર, પૌઢ; ઉમદા, ઉત્તમ; ઘોરી, મુખ્ય.
Greatness, *s.* મોહોટાઈ, લાયકી; બુલંદાઈ, મરતબો.
Greediness, *s.* અકરાંતીયાપણું; લોભ, લાલચ.
Greedy, *a.* અકરાંતિયો, ખચીરા; લોભી, લાલચુ.
Greek, *s.* યુનાન દેશનો રેહેવાસી. 2 *a.* યુનાનદેશનું.

Green, *s.* લીલો રંગ. 2 *a.* લીલું, તાજું, કાચું.
Greenish, *a.*ઓછું લીલું.Greens, *s.*શાકભાજી;તોરણ.
Greet, *v.*સલામ કરવી,રામરામ કરવા.-ing, *s.*સલામ.
Gregarious, *a.*સાથે ચરનારૂં.Grey, *a.* See Gray,
Greyhound, *s.*શિકારી કૂત્રો.Gridiron,*s.*ચુલો, ગલેલ.
Grief, *s.* દીલગીરી, શોક, ખેદ; દુઃખ, સંતાપ.
Sabbath, *s.* રવીવાર, વિશ્રાંતીનો દિવસ. [કાપવું.
Sabre, *s.* ટુંકી પોહોળી તરવાર, કટાર. 2*v.* તરવારથી
Sack, *s.* ગુણ, કોથળો, થેલો; લૂટ. 2 *v.* લૂટવું.
Sackcloth, *s.* ગુણપાટ, ખાદી.
Sacrament, *s.* સોગન; સંસ્કાર.
Sacred, *a.* પવિત્ર, પાક; ધર્મ સંબંધી; ઈશ્વરી; ઉ-
લ્લંઘન ન થાય એવું. [રવો;નુકશાનખાઈનેઆપવું.
Sacrifice, *s.* હોમ, હવન, યજ્ઞ; બગી. 2 *v.* હોમ ક
Sacrilege, *s.* ખેરાત કરેલી વસ્તુની ચોરી; પવિત્ર વ-
સ્તુને ભ્રષ્ટ કરવાનો અપરાધ.
Sad, *a.* ઉદાસ, દલગીર; નાદાન; ગંભીર; બળેલો.
Sadden, *v.* ઉદાસ-દલગીર કરવું. [જારાની ગુણ.
Saddle, *s.* જીન. 2 *v.* જીન નાખવું. -bag, *s.* વણ-
Saddlecloth, *s.* જીન.Saddlehorse,*s.*સ્વારીનોઘોડો.
Sadly, *ad.* દલગીર ભરેલી રીતે; અતિશય દુઃખથી.
Sadness, *s.* દિલગીરી, ઉદાસીપણું; બળેલાપણું.
Safe, *a.* નિર્ભય, સલામત, ક્ષેમકુશળ, સાબુત.-con-
duct, *s.* અભયપત્ર, કોલ.-guard, *s.* બચાવ; આ-
સરો, આશ્રય; પરવાનો; બચાવ કરનાર. -ly, *ad.*
સહીસલામત; નિર્ભય; બિનધાસ્તીએ.
Safety, *s.* સલામતી,અભયવચન,નિર્ભય;આશ્રય,રક્ષણ.

Safflower, *s.* કસુંબો. 2 *a.* કસુંબી.
Saffron, *s.* કેસર. 2 *a.* કેસરી.
Sagacious, *a.* ડાહ્યો, હોંશિયાર, શાહાણો, ચંચળ.
Sagacity, *s.* હોંશિયારી, ડાહાપણ, શાહાણપણ.
Sage, *s.* મહાપુરૂષ,જ્ઞાની. 2 *a.* ચતુર,બુદ્ધિવાન,ડાહ્યો.
Sagittarius, *s.* ધનરાશી. Sago, *s.* સાબુચોખા.
Said, *a.* ઉપર કહેલું, સદરહુ, મજકુર. [ઉપડવું
Sail, *s.* સઢ; વાહાણ; પાંખ. 2 *v.* સઢથીજવું;વાહાણ
Sailor, *s.* ખલાસી, ખારવો. Saint, *s.*રૂષી,સાધુ,સંત.
Saintly, *a.* સાધુસંતની માફક.
Sake, *s.* કારણ,હેતુ, ખાતર. [ધાસન.
Sal-ammoniac, *s.* નવસાર. Salary, *s* પગાર, વ-
Sale, *s.* વકરો;લીલામ.–able, *a.*વેચાયએવું,ખપેએવુ.
Salesman, *s.* દલાલ. Salient, *a.* બહાર આવેલું;
Saline, *s.* ખારૂં. Saliva, *s.* થુંક, લાળ. [હાંફતું.
Salival, *a.* થુકનું. Sallow, *a.* જરા પીળું.
Sally, *s.* લેહેર;આવેશ,જોસ. 2 *v.* કિલ્લામાંથી નીકળી
Saloon, *s.* દિવાનખાનું, રંગમેહેલ. [હલ્લોકરવો.
Salt, *s.* મિઠું, નિમક, લુણ. 2 *a.* ખારૂં. 3 *v.* મિઠું
લગાડવું. [જરાખારૂં.
Salted, *a.* મિઠાંવાળું કરેલું, આથેલું. Saltish, *a.*
Saltless, *a.* મોળું, બેસ્વાદ.

Salt-pan, pit, *s.* મિઠાંનો અગર.
Saltpetre, *s.* સુરોખાર.Salubrious, *a.* હિતકારક;
Salutary, *a.* હિતકારક; શરીર હિતકારી. [પૌષ્ટિક.
Salutation, *s.* નમસ્કાર, જેગોપાળ,રામરામ, જુવાર.
Salute, *s.* સલામ, નમસ્કાર; તોપનું માન. 2 *v.* સ-
લામ કરવી.
Salvation, *s.* બચાવ, સંરક્ષણ; મુક્તિ, તારણ, મોક્ષ.
Salve, *s.* મલમ; ઈલાજ. Salver, *s.* રકાબી, તબક.
Same, *a.* તેજ, એકજ; સમાન, સરખું; સદરહુ.
Sameness, *s.* એકજપણું, અભિન્નપણું; સરખાપણું.
Sample, *s.* નમુનો,વાનગી.Sanctify, *v.* પવિત્રકરવું.
Sanction, *s.* પ્રમાણ, આધાર; પરવાનગી. 2 *v.* મં-
જુર કરવું; રજા આપવી.
Sanctity, Sanctitude, *s.* પવિત્રતા,પાકનજર,નેકી.
Sanctuary, *s.* પવિત્ર સ્થળ; નિર્ભય સ્થળ.
Sand, *s.* રેતી. Sandal, *s.* ચંપલ; સુખડ, ચંદન.
Sandbank, *s.* રેતીનો કીનારો.
Sandboard, *s.* ધૂલપાટી. Sandbox, *s.* રેતીયું.
Sandglass, *s.* રેતીનું ઘડીયાળ. Sandy, *a.* રેતાળ.
Sane, *a.* નિરોગી, તનદુરસ્ત.
Sanguinary, *a.* લોહીવાળું; ખુની, ઘાતકી.
Sanguine, *a.* લાલ;મોહોટી ઉમેદનું;વિશ્વાસુ;આસક્ત.

Sanitary, *a.* રોગ મટાડે એવું.
Sanity, *s.* શુદ્ધિ, સાવધપણું.
Sap, *s.* ઝાડનો રસ; સુરંગ. 2 *v* નાશ કરવું.
Sapid, *a.* સ્વાદદાર, સ્વાદિષ્ટ.
Sapient, *a.* ડાહ્યું, ચતુર.
Sapless, *a.* નિરસ, રસવગરનું.
Sappling, *s.* રોપો. Sapphire, *s.*નિલમ,શનીસર.
Sarcasm, *s.* મેહેણું. Sarcastic, *a.* મેહેણાવાળું.
Satan, *s.* નર્કનો રાજા. Satanic, *a.* પિશાચનું;દુષ્ટ.
Satellite, *s.* ઉપગ્રહ.
Satiate, *v.* અતિ તૃપ્ત કરવું, ચાંપીને ખાવું.
Satiated, *a.* અતિ તૃપ્ત, ધરાયેલું.
Satiety, *s.* અતિ તૃપ્તિ. Satin, *s.*સાટીન,અતલસ.
Satire, *s.* નિંદાત્મક ભાષણ.
Satirize, *v.* સખ્ત ઠપકો દેવો, ધુળ કાઢવી.
Satisfaction, *s.* સંતોષ,તૃપ્તિ;ખાતરી; બદલો,અવેજ.
Satisfactory,*a.*સમાધાનકરનારૂં;સંતોષ ઉપજાવનારૂં.
Satisfy, *v.* તૃપ્તિ કરવી; ખાતરી કરી આપવી.
Saturate, *v.* ભિજવવું. Saturday, *s.* શનીવાર.
Saturn, *s.* શનીશ્વર. Satyr, *s.*વનદેવ, ઉપદેવતા.
Sauce, *s.* સેરવો;નિર્લજપણું,બેઅદબી.–pan, *s.*હાંડી.
Saucer, *s.* રકાબી. Sauciness, *s.* હુજત, બેઅદબી.

Saucy, *a.* બેઅદબ, અસભ્ય, લુચ્ચું, ઉદ્ધત.
Saunter, *v.* રખડવું, ભમવું.
Savage, *s.* જંગલી માણસ; રાક્ષસ. 2 *a.* જંગલી; અસભ્ય; ઘાતકી. –ly, *ad.* નિર્દયપણે.
Saving, *s.* બાકી, શિલક. 2 *a.* કરકસરનું. 3 *ad.* [શિવાય, વિના.
Savings, *s.* બચાવેલા નાણા.
Saviour, *s.* તારનાર, તારક.
Savour, *s.* સ્વાદ, રૂચિ, વાસ. 2 *v.* ગુણ દેખાડવો.
Savoury, *a.* સ્વાદિષ્ટ, મઝેનું; સુગંધી.
Saw, *s.* કરવત, આરી. 2 *v.* કરવતથી વેહેરવું.
Sawdust, *s.* લાકડાનો વેહેર.
Sawyer, *s.* કઠીયારો. Say, *v.* બોલવું, કેહેવું.
Saying, *s.* કેહેવત; વાત. Scabbard, *s.* મ્યાન.
Scabby, *a.* પોપડાવાળું; રોગી.
Scaffold, *s.* પાલખ; ફાંસીના લાકડાં.
Scald, *s.* ઝાળ, બળતરા; પોપડો. 2 *v.* બાળવું; ઝાડવું; દાઝવું.
Scale, *s.* ત્રાજવું, પલ્લું; પોપડો; શ્રેઢી; નિસરણી, દાદર. 2 *v.* નિસરણી મુકી ચઢવું.
Scalp, *s.* માથાની ચામડી. Scaly, *a.* ભીંગડાવાળું.
Scan, *v.* બારીકીથી તપાસવું; માત્રા ગણવી.
Scandal, *s.* કુથલી, ચાડી; લાજ, શરમ, કલંક.
Scandalize, *v.* ચાડી-ફજેતી કરવી; કલંક લગાડવું.

Scandalous, *a.* ત્રાસદાયક; શરમ ભરેલું,નિંદાભરેલું.
Scant, Scantly, *a.* થોડું, કમ; કંજુસ. [દુર્લભ.
Scar, *s.* ડાઘ,ચાઠું,લાંછન. Scarce, *a.* થોડું, અલ્પ;
Scarce, Scarcely, *ad.* કદાચ,મુસીબતથી,કષ્ટેકરીને.
Scarcity, *s.* તંગી, મોંઘવારી; દુકાળ, કાળ.
Scare, *v.* બિવડાવવું, ડરાવવું, દેહેશત આપવી.
Scarf, *s.* પિછોડી,ખેસ.Scarlet, *s.* લાલ,રાતુ,કિરમજી.
Scatter, *v.* વેરવું, વિખેરવું, ફેલાવવું; ચુંથી નાખવું.
Scavenger, *s.* હલાલખોર, ઝાડુ કાઢનાર, ઘેડો.
Scene, *s.* દેખાવ; પ્રવેશ; સ્થળ; પડદો; અખાડો.
Scenery, *s.*દેખાવ,રચના;દરેકવસ્તુનુંનજરેપડતુંસ્વરૂપ.
Scent, *s.* વાસ,ગંધ,બો. 2 *v.* સુંઘવું.-ed,*a.* સુવાસિક.
Sceptic, *a.* નાસ્તિક. -ism, *s.* નાસ્તિકપણું.
Sceptre, *s.* રાજદંડ; છત્ર,સિંહાસન. Schedule, *s.* નોંધ, યાદી. [યોજવું.
Scheme, *s.* કલ્પના, તજવીજ; ઉપાય,યોજના. 2 *v.*
Scheming, *a.* હિકમતી.Schism, *s.* ધર્મભેદ,મતભેદ.
Scholar, *s.* નિશાળીયો, શિષ્ય, ચેલો, વિદ્વાન, પંડિત.
Scholarship, *s.* પાંડિત્વ, વિદ્વતા, વિદ્યા.
Scholiast, *s.* ટીકા કરનાર.Scholium,*s.* ટીકા,ભાષ્ય.
School, *s.* નિશાળ;શાળા. 2 *v.* ભણાવવું.-fellow,*s.* નિશાળનો સોબતી. -master, *s.* મેહેતાજી, શિક્ષક.

–mistress, *s.* મેહેતી.–room, *s.* નિશાળનો ઓરડો.
Science, *s.* વિદ્યા, શાસ્ત્ર, વિજ્ઞાન.
Scientific, *a.* શાસ્ત્રીય; ભણેલો, વિદ્વાન, શાસ્ત્રજ્ઞ.
Scimitar, *s.* તરવાર. Scion, *s.* નાહનો રોપો; અંકુર, ફણગો. [પાડવા.
Scissors, *s.* કાતર. Scoff, *v.* મશ્કરી કરવી, ચાળા
Scold, *v.* કજીયો, કટકટ. 2 *v.* ખખડાવવું; કટકટકરવી.
Scolding, *s.* ધમકી, દેહેશત. Scoop, *s.* કડછો. 2 *v.* કોતરવું.
Scorch, *v.* બાળવું, દઝાડવું; બળવું, કરમાવવું, સુકાઈજવું.
Score, *s.* વીસ, કોડી; ખાતું; કારણ. 2 *v.* લીટીદોરવી.
Scorn, *s.* તિરસ્કાર, તુચ્છકાર, ધિઃક્કાર. 2 *v.* ધિઃક્કારવું.
Scornful, *a.* ધિઃક્કાર ભરેલું. Scorpion, *s.* વિછુ; વૃશ્ચિકરાશી.
Scot, *s.* સ્કાટલાંડ દેશનોરેહેવાસી.–free, *a.* સલામત.
Scoundrel, *s.* લુચ્ચો, હરામી, ઠગ, પાજી, દગાબાજ.
Scour, *v.* સાફ કરવું, માંજવું; પેટમાંનો મેળ કાઢવો.
Scourge, *s.* ચાબુક, કોરડો. 2 *v.* ચાબુકમારવી; સજા કરવી; બહુ સતાવવું.
Scout, *s.* જાસુસ. 2 *v.* દુશ્મનનો ભેદ લાવવો.
Scrap, *s.* કડકો; તુકડો; વિભાગ; કાગળનો કટકો.
Scrape, *s.* હરકત, અડચણ, સંકટ; છોલ. 2 *v.* ઘસવું, તાંસવું; ઉખેડવું.

Scraper, *s.* છોલનાર; છીણી. Scrapings, *s.* છોલ.
Scratch, *s.* નોહોર;નખોરિયું;છેકો. 2 *v.* ઉઝેડવું;છેકવું.
Scrawl, *s.* ખરડો. 2 *v.* ઉતાવળમાંજેવુંતેવુંલખીકાઢવું.
Scream, *s.* ચીસ, ચીચીયારી. 2 *v.* ચીસ પાડવી.
Screen, *s.* પડદો, અંતરપટ. 2 *v.* ઢાંકવું, સંતાડવું.
Screw, *s.* પેચ, ફેર. 2 *v.* ફેરબેસાડવો;દાબવું; જુલ
Scribble, *v.* ચિતરવું,નજીવીબાબતોથીભરવું.[મ કરવો.
Scribe, *s.* લખનાર, મેતો, લૈયો.
Scriptural, *a.* યથાશાસ્ત્ર. [ઠમાલા.
Scripture, *s.* શાસ્ત્ર, ધર્મ પુસ્તક. Scorfula, *s.* ક-
Scroll, *s.* લપેટો, પટ.
Scrub, *s.* લોંડો; ઝાડું. 2 *v.* ઘસવું.[આનાકાની કરવી.
Scruple, *s.* શંકા, સંદેહ, સંશય; આનાકાની. 2 *v.*
Scrupulous, *a.* ભ્રાંતિખોર, વેહેમી, સંશયી.
Scrutineer, *s.* તપાસનાર, પુછપરછ કરનાર.
Scrutinize, *v.* બારીકીથીપુછપરછકરવી,શોધવું;નિરખવું.
Scrutiny, *s.* ચોકસી, શોધ, પુછપરછ; કસોટી.
Scuffle, *s.* ધકાધકી, મારામારી. 2 *v.* મારામારી કરવી.
Scull, *s.* માથાની ખોપરી.
Sculptor, *s.* કોરનાર,નકસીકરનાર. [સીદાર કામકરવું.
Sculpture, *s.* નકસીદાર કામ. 2 *v.* કોતરવું, નક-
Sea, *s.* સમુદ્ર,દરિયો,સાગર.—coast, *s.* સમુદ્રનોકીનારો.

Seafarer, Seafaring, *s.* સફર કરનાર, નાવિક.
Seal, *s.* છાપ, મોહોર, શિક્કો. 2 *v.* છાપ મારવી.
Seal-wax, *s.* લાખ.
Seam, *s.* સીવણ, સાંધો; ડાઘ. 2 *v.* સાંધવું,શીવવુ.
Seaman, *s.* ખલાસી, ખારવો. Seamless, *a.* સલંગ.
Seaport, *s.* બંદર. Sear, *s.* ડાહ્યામ. 2*v.* ડાહ્યામદેવો.
Search, *s.* શોધ, તપાસ,ભાળ. 2 *v.* શોધવું,ખોળવું.
Sea-service, *s.*વહાણનીચાકરી.–shore,*s.*સમુદ્રકાંઠો.
Season, *s.* રૂતુ, રત; પ્રસંગ.2 *v.* મિઠું મરચું નાખવું.
Seasonable, *a.* વખતસરનું.
Seasoning, *s.* મસાલો, તેજાનો, વધાર.
Seat, *s.* બેઠક, આસન;સ્થાન,ઠેકાણું. 2 *v.* બેસાડવું.
Secant, *s.*છેદન રેખા. Secession,*s.*સંગતછોડવી,ફુટ.
Seclude, *v.* વેગળું-નિરાળું રાખવું; એકાંત રહેવું; [મનાઈ કરવી.
Seclusion, *s.* એકાંતવાસ, વેરાગ.
Second, *s.* સારથી, મદદ કરનાર; પળ; સેકંડ. 2 *a.* બીજો. 3 *v.* ટેકો આપવો.
Secondary, *a.* ઉતરતું; ઓછું અગત્યનું.
Secondhand, *s.*સેકંડ કાંટો.2 *a.*ઉતરેલું,જુનુંથયેલું.
Secondly, *ad.* બીજીવાર.
Second-rate, *a.* મધ્યમ દરનું.
Secrecy, *s.* ગુપ્તભાવ, ગુહ્યતા; એકાંતવાસ.

Secret, *s.* છાનીવાત, ભેદ; કરામત. 2 *a.* ગુપ્ત; એ-
Secretary, *s.*મુનશી,મંત્રી,સેક્રેટરી. [કાંતનું; અસ્પષ્ટ.
Secretly, *ad.* ગુપ્ત રીતે.
Sect, *s.* મત, પંથ, માર્ગ, સંપ્રદાય, જાત, વર્ણ.
Sectarian, Sectary, *s.* શાખામાર્ગી,શાખાધારી.
Section, *s.* છેદન, ભેદન; અધ્યાય,પ્રકરણ,ખંડ,માર્ગ.
Secular, *a.* સંસારી, વ્યવહારી. [બચાવવું.
Secure, *a.* સલામત, નિર્ભય. 2 *v.* નિર્ભય કરવું;
Securely, *ad.* નિર્ભયપણે, ખુલાશાથી. [ગીરી.
Security, *s.* નિર્ભયપણું, સલામતી, બચાવ;જામીન-
Security-bond, *s.* જામીનખત.
Sedan, *s.* પાલખી, મેનો.
Sedate, *a.* સ્થિર,શાંત.Sediment, *s.* કચરો, રગડો.
Sedition, *s.* બંડ, દંગો, હુલ્લડ.
Seditious, *a.* ફીતુરી, બળવાખોર.
Seduce, *v.* ફોસલાવવું; ભુલવવું; ફોડવું, ફીટાડવું.
Seducer, *s.* ફોસલાવનાર, ભુલથાપ આપનાર.
Seduction, *s.* ભુલથાપ;લલચાવીને ઉપભોગકરવો તે.
See, *v.* જોવું, દેખવું, ભાળવું;સમજવું, જાણવું.(-off) વિદાય કરવા જવું.
Seed, *s.* બીજ, બીયું; રેત, વિર્ય; સંતાન. -ling, *s.* રોપો,છોડ.-plot, *s.*ક્યારો.-time, *s.* વાવવાનોવખત.

Seeing, *s.* દૃષ્ટિ, નજર. Seek, *v.* શોધવું; તલાસ કરવી; અરજ કરવી. [લાયક.
Seemingly, *ad.* બાહારથી. Seemly, *a.* ખુશાનુમાં;
Seen, *a.* જોયેલું. Seethe, *v.* શીજવવું; શીજવું.
Segment, *s.* વર્તુલખંડ. Seignior, *s.* ઉમરાવ,સાહેબ.
Seize, *v.* પકડવું, ઝાલવું; છીનવી લેવું; જપ્તકરવું.
Seizure, *s.* ગ્રહણ,પકડવું;જપ્તી,કબજ;હરણ;પછાડવું.
Seldom, *ad.* કદાચ, કવચિત, કોઈ વખત. [વીણવું.
Select, *a.* પસંદ કરેલું. 2 *v.* ચુંટીલેવું, પસંદકરવું;
Selection, *s.* પસંદ કરેલી વાત, પસન્નતા, ખુશી.
Self, *a.* તેજ, એજ. 2 *pron.* પોતે, જાતે,મેળે,ખુદ.
-conceit, *s.* અહંકાર, ગર્વ,અભિમાન.-control, *s.* આત્મસંયમન. -defence, *s.* આત્મરક્ષણ.-denial, *s.* આત્મસંયમન. -educated, *a.* પોતાનીમેળે શિખેલું. -evident, *a.* પ્રત્યક્ષ.-interest, *s.* સ્વાર્થ, હિત. -ish, *a.* સ્વાર્થી,આપમતલબી.-knowledge, *s.* આત્મજ્ઞાન.-murder, *s.* આત્મઘાત, આત્મહત્યા. -possession, *s.* શુદ્ધિ, હોંસ. -praise, *s.* આત્મસ્તુતિ. -same, *s.* તેજ, એજ.-subdued, *a.* ઇંદ્રિયજીત.-supporting, *a.* પોતાનું ખરચ પોતેજ પુરં કરવું. -willed, *a.* સ્વતંત્ર, સ્વચ્છંદી.
Sell, *v.* વેચવું. 2 *v.* ખપવું, વકરો કરવો. (-by re-

tail)પરચુરણ વેચવું.(bywholesale)જથાબંધવેચવું.
Seller, *s.* વેચનાર.Semblance, *s.*સરખાપણું,સાદૃશ્ય.
Semi, *a.* અર્ધ, અડધું. –circle, *s.* અર્ધગોળ.
Semicircular, *a.* અર્ધ ગોળાકાર.Semidiameter,
Semilunar, *a.* અર્ધ ચંદ્રાકાર. [*s.* અર્ધ વ્યાસ.
Seminal, *a.* બીજ સંબંધી. (–fluid)ધાતુ.(–effu-
Seminary, *s.* વિદ્યાલય; ક્યારો. [sion) રેતપાત.
Semivowel, *s.*અર્ધસ્વર.Senator, *s.* રાજ્યસભાસદ.
Send, *v.* મોકલવું, રવાને કરવું.(–away)વિદાયકરવું.
Senior, *a.* વડીલ.Seniority, *s.* વડીલ-મોહોટાપણું.
Senna, *s.* સોનામુખી.
Sensation, *s.* ઇંદ્રિયજ્ઞાન; વેદના; જાગૃતી.
Sense, *s.* ઇંદ્રિય; સમજ; અક્કલ, બુદ્ધિ;મતલબ;હોંશ.
Senseless, *a.* બુદ્ધિહીન; અચેતન; બેભાન;બેવકુફીનું;
Sensibility, *s.* ભાન,જાગૃતી; સમજ,બુદ્ધિ. [નિરર્થક.
Sensible, *a.* સાવધ, ખબરદાર; ઇંદ્રિયગોચર; વાકેફ-
ગાર; ચતુર; નાજુક.
Sensibly, *ad.* સમજાય એવી રીતે; શાહાણપણથી.
Sensitive, *a.* સચેતન, સાવધ; બુદ્ધિવાન.
Sensual, *a.* વિષયી,લંપટ;વિષયનું.–ist, *s.*વિષયીપુરૂષ.
Sensuality, *s.* વિષયાધિનતા, વિષય બુદ્ધિ; મસ્તી.
Sentence, *s.* ટીપ; વાક્ય. 2 *v.* શિક્ષાનો હુકમકરવો;

ફીપ મારવી.
Sentiment, *s.* અભિપ્રાય, તર્ક; અર્થ; ભાવ, રસ.
Sentimental, *a.* રસિક, ભાવિક; વિચારવાળું.
Sentinel, Sentry, *s.* ચોકીદાર.Separable, *a.* ભેદ્ય.
Separate, *a.*નોખું,નિરાળું. 2 *v.*જુદુંકરવું;વિયોગથવો.
Separately, *ad.* જુદું જુદું, છુટું છુટું, પૃથક.
Separation, *s.* વિયોગ, વિરહ; છુટાછેડા; ફાટફુટ.
September, *s.* અંગ્રેજી વર્ષનો નવમો મહિનો.
Septenial, *a.* સાત વર્ષે આવનારૂં, સાત વર્ષી.
Sepulchre, *s.* કબર, ઘોર, પ્રેતમંદીર.
Sequel, *s.* પરિણામ,છેવટ.Sequester, *v.*ટાંચમારવી.
Sequestration, *s.* જપ્તિ, ટાંચ; જપ્ત કરેલો માલ.
Seraglio, *s.* જનાનખાનું, અંતઃપુર, રંગમેહેલ.
Serene, *a.* નરમ,શાંત;સ્વચ્છ.Serenity,*s.*શાંતિ; સ્વ-
Series, *s.* માળા, હાર, શ્રેણી;અનુક્રમ,પરંપરા.[ચ્છતા.
Serious, *a.* ગંભીર;ભારે,અગત્યનું.-ly,*ad.*ગંભીરપણે.
Serjeant, *s.* હવાલદાર, Sermon, *s.* ધર્મોપદેશ.
Serpent, *s.* સાપ,સર્પ.-ine, *a.* સાપસંબંધી; સર્પગ-
Servant, *s.* ચાકર,નફર,નોકર.maid-,*s.*ચાકરડી.[તિનું.
Serve, *v.* ચાકરી કરવી;નિભાવ કરવો;આરાધનાકરવી.
Service, *s.* ચાકરી, નોકરી; સેવા; રોજગાર; ઉપયોગ.
Serviceable, *a.* કામનું, ઉપયોગી; મજબુત.

Servile, *a.* ગુલામગિરીનું; ખુશામતીયું. [લાલાલા.
Servility, Servitude, *s.* ગુલામગિરી; ખુશામત,ફા-
Sesame, Sesamum, *s.* તલ, તીલ.
Session, *s.* બેઠક, સભા, દરબાર, કચેરી.
Set, *s.* જોડ, જોડી; જમાત, ટોળું; થોક. 2 *v.* ગોઠવવું; રોપવું; જડવું, કુંદન કરવું; ધાર કાઢવી.(-a limb) સાંધવું. (-a lesson) મંડાવવું. (-apart) દૂર કરવું. (-about or at) ચોળજવું. (-against) ઉલટું-વિરૂદ્ધકરવું. (-aside)એકફોરેમુકવું.(-down) ઉતારવું, લખી મુકવું. (-of) હંકારવું; શોભિતું ક-રવું (-over) અધિકારી નિમવો. (-to) મંડવું. (-up) સ્થાપવું; અસ્ત થવું. (-on) હલ્લો ક-રવો. (-in) બેસવું. (-off) છુટવું. (-out) નિ-કળવું. (-to) મંડવું. 2 *a.* બરોબર;જડેલું, જડીત.
Settle, *v.* ઠરાવવું; ઠેકાણે પાડવું; ચુકાદો કરવો; પ-તાવવું, તોડ કાઢવો; ઠરવું; ઘર માંડવું; વસવું; ઠરી ઠામ બેસવું; નક્કી કરવું.
Settlement, *s.* ઠરાવ, ચુકાદો; વસ્તી; સ્રીધન.
Seven, *a.* સાત.-teen, *a.*સત્તર. Seventy,*a.*સિત્તેર.
Sever, *v.* જુદું કરવું; ભાગવું, તોડવું.
Several, *a.* કેટલાએક, બહુ; જુદું જુદું; પોતપોતાનું.
Severally, *ad.* પ્રત્યેક, એકેક, જુદા જુદા.

Severity, *s.* કરડાપણું, જુલ્મ; અતિશિક્ષા.
Sew, *v.* શિવવું, દોરો ભરવો. Sewing, *s.* શિવણ.
Sex, *s.* લિંગ,સ્ત્રીપુરૂષભેદ. Sexual,*a.* મૈથુનસંબંધી.
Shackle, *s.* બેડી, બંધન. 2 *v.* બેડી ઘાલવી. [કરવો.
Shade, *s.* છાયો, છાયડો; અંશ; પડદો. 2 *v.* છાયો
Shadow, *s.* પડછાયો, ઓળો, પ્રતિબિંબ.
Shady, *a.* છાયાદાર. Shaft, *s.* દાંડો; તીર, બાણ.
Shaggy, *a.* ગુચ્છાદાર; ખરબચડું.
Shake, *s.* ધક્કો, આંચકો; કંપારી. 2 *v.* આંચકો મા રવો; ખંખેરવું; છલકાવું; ધ્રુજવું; કાંપવું, થરથરવું.
Shallow, *a.* અધુરૂં; છાછરૂં; ઓછી બુદ્ધિનું.
Shallowness, *s.* છાલકાપણું; અલ્પબુદ્ધિ. [કરવો.
Sham, *s.* ઢોંગ, બાહાનું. 2 *a.* ઢોંગી. 3 *v.* ઢોંગ
Shame, *s.* શરમ, લાજ; ફજેતી, અપમાન. 2 *v.* શ-રમ લગાડવી.–ful, *a* શરમ ભરેલું,લજામણું.–less,*a.*
Shampoo, *v.*ચંપી કરાવવી,ચંપાવવું. [નિર્લજ,બેશરમ.
Shape, *s.* આકાર, સુરત, ડોળ, ઘાટ. 2 *v.* ઘડવું, આકાર આપવો. –less, *a.*બેડોળ, બદ્દસુરત.–ly,*a.* ડોળદાર, રૂપવાન.
Share, *s.* ભાગ, હિસ્સો,ફાળો. 2 *v.* વાંટવું, વેંહેંચવું.
Shareholder, Sharer,*s.*ભાગીદાર,પાંતીદાર.[નકરાજ.
Shark, *s* દરિયામાં રહેનારી એક મોહોટી માંછલી,

Sharp, *a.* ધારદાર, પાણીદાર, ચાલતું; અણીદાર; જલદ, હોશીયાર; તીક્ષ્ણબુદ્ધિનું; તીખું, કઠોર; કકડતી, સખ્ત, જાલીમ.–edged, *a.* ધારવાળું. –en, *v.* ઘસવું, ધાર ચઢાવવી –er, *s.* સોદો, લુચ્ચો, ઠગારો. –pointed, *a.* અણીદાર. –sighted, *a.* ઝીણી નજરનું, સુક્ષ્મદ્રષ્ટિવાળું.

Shatter, *v.* કકડા કરવા, ચકચુરકરવું,વિખેરી નાખવું.

Shave, *v.* બોડવું, મુડવું; તાંસવું.

Shaven, *a.* બોડેલું; તાંસેલું.

Shaving, *s.* હજામત; છોડાં. Shawl, *s.* શાલ.

She, *pron.* તે, પેલી. Sheaf, *s.* ભારી, ઝુડી, પુળી.

Shear, *v.* કાતરવું. Shears, *s.* ઉનકાતરવાની કાતર.

Sheath, *s.* મ્યાન, ઘર. 2 *v.* મ્યાન ઘાલવું; મઢાવવું.

Shed, *s.* ઝુંપડી, છાપરી. 2 *v.* પાડવું;ઢોળવું;છાંટવું.

Sheep, *s.* મેંઢો, મેષ, ઘેટું. –fold, *s.* મેંઢા રાખવાનો ગોઠો. –shearing, *s.* મેંઢાનું ઉન કાતરવું. –walk, *s.* મેંઢા ચરવાનું રાન.

Sheer, *a.* શુદ્ધ. 2 *ad.* શુદ્ધ, સાફ.

Sheet, *s.* ચાદર, પિછોડી; કાગળનો તાવ; કફન; ધાતુનું પત્રું.

Shelf, *s.* પાટિયું; તકતો; ભાડું.

Shell, *s.* છીપ; કોટલું; ઘર; છાલું. 2 *v.* છોલવું; ફોલવું.

Shelter, *s.* આશ્રય, બચાવ. 2 *v.* આશ્રય આપવો.

Shelving, *a.* ઢળતું. Shepherd, *s.* ભરવાડ, રબારી.
Shepherdess, *s.* ભરવાડણ. Sheriff, *s.* નાજર, શેરીફ.
Shield, *s.* ઢાલ; રક્ષણ. 2 *v.* બચાવ કરવો. [કરવું.
Shift, *s.* ઉપાય; યુક્તિ. 2 *v.* વાત ઉલટાવવી; ગુજરાન
Shine, *s.* ચળકાટ, પ્રકાશ, કાંતિ. 2 *v.* તપવું; ચળકવું; શોભવું.
Shining, Shiny, *a.* ચળકતું, તેજસ્વી, પ્રકાશીત.
Ship, *s.* વાહાણ, નૌકા. (-of war) મનવાર, કાફલો. 2 *v.* વહાણમાં ભરવું. [મવું.
Shipping, *s.* મછવો. Shipwreck, *s.* વહાણનું ભા-
Shirt, *s.* પેહેરણ, ખમીસ, ઝભ્ભો.
Shiver, *s.* કરચ. 2 *v.* કકડેકકડાકરી નાંખવાં; કાપવું.
Shivering, *s.* કંપારો, ધ્રુજારી. Shoal, *s.* જમાવ; ભાઠું.
Shock, *s.* ધક્કો, આંચકો; ઢમલો. 2 *v.* ગંજ કરવો; ધક્કો મારવો.
Shocking, *a.* કંટાળા ભરેલું; ત્રાસદાયક, અઘોર.
Shoe, *s.* પગરખું; નાળ. 2 *v.* નાળ મારવી.
Shoemaker, *s.* મોચી, ચમાર, જોડાસીવનાર. [ફુટવું.
Shoot, *s.* અંકુર, ફણગો. 2 *v.* ગોળી મારવી; ફોડવું;
Shop, *s.* દુકાન, વખાર; કારખાનું. -keeper, *s.* દુકાનદાર.
Shore, *s.* કિનારો, કાંઠો.
Shorn, *a.* કાતરેલું; મુંડ. પેલું.

Short, *a.* ટુંકું, થોડું; અલ્પ; અલ્પકાલિક; અધુરૂં; ટીંગણું; ઉતાવળું. (to come–) ચુકવું. (to cut -) કમી કરવું. (to fall -) ખુટવું. (to stop–) એકાએક અટકવું. (in–) ટુંકામાં.

Shortcoming, *s.* ન્યૂનતા, તફાવત, અંતર, દોષ.

Shorten, *v.* સંક્ષિપ્ત કરવું, ઘટાડવું.

Short-lived, *a.* અલ્પાયુષી.–ly, *ad.* જલદી; ટુંકામાં.

Short-sighted, *a.* ટુંકી નજરનું.

Shot, *s.* ગોળી; ટપ્પો. 2 *v.* ગોળીથી મારવું.

Should, *v.* પ્રથમ પુરૂષમાં "અવશ્યકતા," દ્વિતીય અને તૃતીય પુરૂષમાં "યોગ્યતા" એવો અર્થ થાયછે.

Shoulder, *s.* ખાંધ, ખભો. 2 *v.* ખાંધ ઉપર લેવું.

Shout, *s.* પોકાર, બૂમ. 2 *v.* પોકારવું, બૂમ પાડવી.

Shove, *s.* હડસેલો. 2 *v.* હડસેલવું.

Shovel, *s.* પાવડો.

Show, *s.* તમાસો, ખેલ; ઢોંગ; ભપકો, ડોળ; આકાર. 2 *v.* દેખાડવું, બતાવવું; બોધ કરવો; સાબેત કરવું. (–favour) મેહેરબાની કરવી. (–forth) ઉઘાડું કરવું.

Shower, *s.* ઝાપટું, વૃષ્ટિ, વરસાદ. 2 *v.* વૃષ્ટિ કરવી.

Showy, *a.* દેખાવડું. shred, *s.* ચિંથરૂં. 2 *v.* કડકો કરવો.

Shrew, *s.* સંતાપનારી સ્ત્રી.

Shrewd, *a.* હોંશિયાર, ચતુર.
Shriek, *s.* ચિસ, ચિચિયારી. 2 *v.* ચિસ પાડવી.
Shrill, *a.* કરકરતું, ઝીણું, બારીક.
Shrine, *s.* દેવાલય, મંદિર; કબર, ઘોર.
Shrink, *v.* પાછું હઠવું; સંકોચાવું; ચોંકવું; ચિમ- [ળાઈ જવું.
Shrivel, *v.* કરમાઈ જવું;કરચળી પડવી.
Shroud, *s.* કફન; આશ્રય. 2 *v.* લપેટવું; સંતાડવું; [આશ્રો આપવો.
Shrub, *s.* ઝાડી; જડીબુટ્ટી.
Shrug, *v.* નારાજી બતાવવી.
Shudder, *v.* કાંપવું, થરથરવું. [કરવી; ઢકેલવું.
Shuffle, *s.* ઘાલમેલ. 2 *v.* ભેળસેળ કરવું; લુચ્ચાઈ
Shun, *v.* દૂર રહેવું; તજવું; ચુકવું, ટાળવું.
Shut, *v.* બંધ કરવું, મિચવું. (–out) અંદર નહીં આવવા દેવું. (–up) પૂરવું. (–in) ઘેરવું, બં- [ધ થવું, મિચાવું.
Shutter, *s.* બારીના ફરકાં.
Shuttle, *s.* કાંઠલો. shy, *a* શરમાળ, બિહીકણ.
Sibilant, *a.* સકારવાળું.
Sick, *a.* માંદુ, બિમાર, આજારી; કંટાળો આવેલો.
Sicken, *v.* બિમાર કરવું; કંટાળો આણવો–આપવો.
Sickening, *a.*આજારી પાડનારૂં. sickle, *s.*દાતરડું.
Sickly, *a.* માંદુ; રોગીષ્ટ. sickness, *s.*મંદવાડ,રોગ.
Side, *s.* બાજુ, ગમ, તરફ; પક્ષ, તરફદારી. 2 *a.*

બાજુનું. 3 *v.* ઉપરાણું લેવું.

Side-board, *s.* ખાણું મુકવાને ખાનાદારતેબલ.–look, *s.* નેત્ર કટાક્ષ.–ways, wise, *ad.* બાજુપર.

Siege, *s.* ફોજે નાખેલો ઘેરો. sieve, *s.* ચાળણી.

Sift, *v.* ગાળવું, ચાળવું; ઝાટવું; વિચારવું, તપાસવું.

Sigh, *s.* ડચકું, રડવું. 2 *v.* ડચકાં ખાવાં, નિસાસો મુકવો.

Sight, *s.* તમાસો, દેખાવ; નેત્ર; નજર, દૃષ્ટિ; દૃષ્ટિ [વિષય.

Sightless, *a.* આંધળું.

Sightly, *a.* દેખાવડું; સુદર્શન. [સહી કરવી.

Sign, *s.* નિશાની, ચિન્હ; ઉત્પત્તિ; રાશી; સહી. 2 *v.*

Signal, *s.* ઈશારો; વિલક્ષણ. 2 *a.* મોહોટું. 3 *v.* ઈશારત કરવી.

Signalize, *v.* ગજાવવું, પ્રસિદ્ધ કરવું; કીર્તીમેળવવી.

Signature, *s.* સહી, મતું, હસ્તાક્ષર.

Significance, *s.* અર્થ, અભિપ્રાય; વિસાત, ભાર.

Significant, *a.* અર્થ સુચક, બોધક; દર્શક.

Signification, *s.* અર્થ, અભિપ્રાય; શબ્દશક્તિ.

Signify, *v.* સમજાવવું, સૂચવવું; અર્થ થવો; વિસાતહોવી.

Silence, *s.* ચુપકી; શાંતિ; મુગા રેહેવું. 2 *int.* ચુપ, છાનો. [ચુપરીતે.

Silent, *a.* મુગું, શાંત; સ્થિર.–ly, *ad.* છાનોમાનો.

Silk, *s.* રેશમ; રેશમી કપડું. 2 *a.* રેશમી.

Silken, silky, *a.* રેશમી; હીરનું, રેશમનું.
Silkweaver, *s.* રેશમ વણનાર.
Silkworm, *s.* રેશમનો કીડો.
Silliness, *s.* નાદાની, બેવકુફી, ભોળપણ.
Silly, *a.* ભોળું, અનાડી,નાદાન. Silvan, *a.*જંગલનું.
Silver, *s.* રૂપું, ચાંદી; રૂપાનાણું. 2 *a.* રૂપેરી.
Silvering, *s.* રૂપાનાણું. silver-smith, *s.* સોની.
Silvery, *a.* રૂપાજેવું સફેદ, રૂપાનું.
Similar, *a.* સરખું, બરોબર. [રોબરી.
Similarity, *s.* સરખાપણું, તુલ્યતા, સાદૃશ્ય, બ-
Similarly, *ad.* તેજ પ્રમાણે.
Simile, *s.* દાખલો, દૃષ્ટાંત.
Similitude, *s.* સાદૃશ્યપણું, સાદૃશ્ય; દાખલો.
Simple, *s.* વનસ્પતિ, બુટ્ટી. 2 *a.* શુદ્ધ; ભોળું, સા-
લસ; સરળ; માત્ર, કેવળ,ખાલી,લુખું.-minded, *a.*
Simpleton, *s.* અનાડી, ભોળાનાથ. [ભોળામનનું.
Simplicity, *s.* શુદ્ધપણું; ભોળાપણું; સેહેલાપણું.
Simply, *ad.* ફક્ત, માત્ર, કેવળ; નિષ્કપટપણે.
Simultaneous, *a.* સમકાલિક. [પાપ કરવું.
Sin, *s.* પાપ, પાતક, અપરાધ, અન્યાય, કુકર્મ. 2 *v.*
Since, *prep.* or *ad.*હવેથી;પેહેલાં;જ્યારથી; કારણકે.
Sincere, *a.* સાફ દિલનું, નિષ્કપટ; જીવજાન.

Sincerely, *ad.* ભાવથી, નિષ્કપટપણાથી,ખરાદિલથી.
Sincerity, *s.* ખરાપણું, સત્યતા. sine, *s.* જ્યા.
Sinew, *s.* સ્નાયુ, નસ. sinews, *s.* બળ, સામર્થ્ય.
Sinful, *a.* દુષ્કર્મનું; પાપી, પાતકી, અધર્મ.
Sing, *v.* ગાવું; કીર્તિ ગાવી, વખાણવું.
Singe, *v.* સેકવું. Singer, *s.* ગાનાર, ગવૈયો.
Singing, *s.* ગાવું, ગાયન, ગાણું. [રવી લેવું.
Single, *a.* એકવડું, એકલું; કુંવારો,વાંઢો. 2 *v.* તા-
Singleness, *s.* એકલાપણું; વાંઢાપણું.
Singly, *ad.* એકએક; મદદ વગર, એકલું.
Singular, *a.* એકલું, અનુપમ; વિલક્ષણ; એક વચન.
Singularity, *s* એકલાપણું;અપ્રતિમતા; વિલક્ષણપણું.
Sinister, *a.* ડાબું; વાંકું; નઠારૂં, કમબખ્ત.
Sink, *s.* મોરી, ગટર. 2 *v.* બુડાડવું; બુડવું; ફસવું; કચરી નાખવું; ધસી પડવું; પાણીથી ભીજાવું; આંખમાં કુવા પડવા; ખોદવું, ખણવું.
Sinless, *a.* પાપરહિત.
Sinner, *s.* ગુન્હેગાર, અપરાધી.
Sir, *s.* મહારાજ, સાહેબ. sire, *s.* મહારાજ; બાપ.
Surname, *s.* અટક, ઉપનામ. sirup, *s.* શિરો.
Sister, *s.* બેહેન, ભગની. sister-in-law, *s.* સાળી; નણંદ; ભોજાઈ.-hood, *s.* બેહેનપણું.

Sit, *v.* બેસવું, બેસી જવું.
Seat, *s.* જગા, ઠેકાણું, સ્થાન.
Sitting, *s.* બેઠક, મેળાવડો; કચેરી ભરવી તે.
Situate, situated, *a.* વસેલું, સ્થિત; અવસ્થાનું.
Situation, *s.* જગા, સ્થળ; અવસ્થા; નોકરી, ચાકરી.
Six, *a.* છ. sixteen, *a.* સોળ. sixty, *a.* સાઠ.
Size, *s.* કદ, પરિણામ; ચોંહોંટાડવાનો પદાર્થ, સરેસ.
2 *v.* ખેર ચઢાવવો; સરેસ લગાડવો.
Skeleton, *s.* અસ્થિપંજર, ખોળિયું. [ઢવો; આંકવું.
Sketch, *s.* નકસો, ચિત્ર; આંકણી. 2 *v.* નકશો કા-
Skiff, *s.* નાહાની હોડી, મછવો.
Skilful, Skilled, *a.* ચતુર, કુશળ; કસબી, વાકેફગાર.
Skill, *s.* ચતુરાઈ, યુક્તિ, કસબ, હિકમત, હુશેઆરી.
Skin, *s.* ચામડી, ત્વચા, ચર્મ; છાલ, છોડું. 2 *v.* ચા-
Skinny, *a.* દુબળું. [મડી કાઢવી, છોલવું.
Skip, *v.* છલંગ મારવી; કુદવું, નાચવું.
Skirmish, *s.* ઝટપાઝટપી, ઝગડો.
Skirt, *s.* ઘેર, ચાલ, ઝુલ, પાલવ; હદ્દ; સીમા, છેડો.
2 *v.* સીમા આવવી; કિનારે વસવું.
Skirted, *a.* ઘેરદાર. skirts, *s.* સીમા, હદ્દ.
Skull, *s.* ખોપરી. sky, *s.* આકાશ, આસમાન.
Sky-coloured, *a.* આસમાની. skylark, *s.* ભારદ્વાજ.

Slab, *s.* શિળા; ગંદુ નાહાનું તળાવ; પાટ, તકતો.
Slack, *a.* ઢીલું, નરમ; સુરત, મંદ.
Slacken, *v.* ઢીલું કરવું; વેગ કમી કરવો;મંદપાડવું;
Slackness, *s.* ઢીલાપણું; આળસ; ઢીલ. [ઢીલ થવી.
Slander, *s.* તોહોમત,આળ,નિંદા. 2 *v.* તોહોમતમુક-
Slanderer, *s.* ચાડીયો, ચુગલીખોર. [વું,ચાડી ખાવી.
Slanderous, *a.* કુભાંડ, અપવાદક; નિંદા ભરેલું.
Slap, *s.* લપડાક, તમાચો, ધોલ. 2 *v.*લપડાકમારવી.
Slate, *s.* પથ્થર પાટી, સ્લેટ.
Slaughter, *s.* કતલ, કાટાકાટી. 2 *v.* કતલ કરવી.
Slave, *s.* ગુલામ, દાસ; દાસી.
Slavery, *s.* ગુલામગીરી, દાસત્વ, બંદાપણું.
Slavish, *a.* ગુલામી, દાસપણાનું; ખુશામતનું.
Slay, *v.* પ્રાણ લેવો, મારી નાખવું, કતલ કરવી.
Slayer, *s.* મારનાર, ખુની.sleek, *a.* લીસું,સુંવાળું.
Sleep, *s.* ઉંઘ,નિદ્રા;.શયન.2 *v.* ઉંઘવું,સુવું,શયનકરવું.
Sleepiness, *s.* સુસ્તી,આળસ. sleepy, *a.* નિદ્રાતુર,
Sleeve, *s.* બાંય.sleight, *s.* હાથચાલાકી. [ઉંઘણશી.
Slender, *a.* નિર્બળ, પોચું; નાજુક; થોડું; હલકું.
Slice, *s.* ચીર, ફાડ. 2 *v.* ફાડ કરવી; કાપવું.
Sidle, *v.* લપસી જવું, સરવું.
Slight, *s.* અવગણના, અનાદર. 2 *a.* નજીવું, બારી-

ક, સૂક્ષ્મ; હલકું, પોકળ. 3 *v.* તિરસ્કાર કરવો,તુચ્છ
Slightly, *ad.* જરા, આસ્તેરહીને,બેપરવાથી.[જાનવું.
Slightness, *s.* બારીકપણું; હલકાપણું; નબળાઈ.
Slily, *ad.* ગુપચુપ,ચોરીથી.slim, *a.* પાતળું;નાજુક.
Slime, *s.* લાળ, ચીકણો પદાર્થ, કાદવ.
Slimy, *a.* ચીકણું, ચીકાસવાળું. [સીંકામાં ટાંગવું.
Sling, *s.* ગોફણ; સીંકું, છીકું. 2 *v.* ગોફણ મારવી;
Slip, *s.* ભૂલ, ચુક, દોષ;કકડો, ચિંદડી.2 *v.* લપસવું;
છટકી જવું; ભૂલવું;ખોવું;છુપીરીતેજવું;ચોરીથીખોસવું.
Slipper, *s.* મોજડી, પગરખું, જોડો.
Slippery, *a.* લપસણું; ચંચળ; અનિશ્ચિત.
Slit, *s.* ફાટ, ચીર. 2 *v.* ચીરવું, ફાડવું. [લતું કરવું.
Sloop, *s.* નાહાનું વહાણ. Slope, *s.*ઢોલાવ. 2 *v.* ઢ-
Sloping, *a.* ઢલતું, ઉતરતું, ઢોળાવવાળું.
Sloth, *s.* સુસ્તી, આળસ.–ful, *a.* આળસુ, સુસ્ત.
Slough, *s.* સાપની કાંછલી; કાદવવાળી જગ્યા.
Slovenly, *a.* ફુએડ. 2 *ad.* ગંદીરીતે; ફુએડપણાથી.
Slow, *a.* ધીમું; જડ બુદ્ધિનું –ly, *ad.* ધીમે ધીમે.
Slowness, *s.* સુસ્તી,મંદપણું;ઢીલ,વાર;મંદબુદ્ધિ;નિરાંત.
Sluggard, *a.* ઠોઠ,બોથડ.Sluggish, *a.* સુસ્ત, મંદ.
Sluggishness, *s.* ઢીલ, વાર, આળસ.
Slumber, *s.* ઉંઘ, નિદ્રા. 2 *v.* સુવું, ઉંઘવું.

Slur, *s.* કલંક, ડાઘ, બટ્ટો. 2 *v.* ડાઘ લગાડવો.
Slut, *s.* ફુએડ. Sly, *a.* લુચ્ચું, મતલબી, પક્કું, ખંદું.
Slyly, *ad.* ચોરાવીને, છુપી રીતે, લુચ્ચાઈથી.
Slyness, *s.* લુચ્ચાઈ, ધૂર્તપણું; ચતુરાઈ; ખંધાઇ.
Smack, *s.* સ્વાદ, લેહેજત; વાસ, ગંધ; સડાકો; ચુંબી; તમાચો, લપડાક. 2 *v.* ચુંબી કરવી; ચાબુક વગાડવો; સ્વાદ લેવો.
Small, *a.* નાહાનું; થોડું.–ness, *s.* નાહાનાપણું; થોડાપણું.
Small-pox, *s.* દેવી, માતા, બળીયા.
Smear, *v.* ખરડવું, ચોપડવું, લીપવું.
Smell, *s.* વાસ લેવાની ઇંદ્રિય; વાસ, ગંધ. 2 *v.* વાસલેવો.
Smelt, *v.* ધાતુ ગાળવી, રસ કરવો.
Smile, *s.* મંદહાસ્ય, કૃપાદૃષ્ટિ. 2 *v.* ગાલમાં હસવું; પ્રસન્ન થવું.
Smith, *s.* ઘડવાનું કામ કરનાર, લુહાર.
Smoke, *s.* ધુમાડો, ધુણી. 2 *v.* ધુમાડો દેવો; બીડીપીવી.
Smoky, *a.* ધુમાડાનું; ધુમાડાવાળું.
Smooth, *a.* લીસું, સુવાળું; સરખું; શાંત; કોમળ. 2 *v.* શાંત કરવું.
Smoothly, *ad.* શાંતરીતે, સફાઈથી, મધુર વાણીથી.
Smoothness, *s.* લીસાપણું, સફાઈ; સરખાપણું; શાંતપણું.
Smother, *v.* ગુંગળાવવું; દાબી રાખવું.
Smuggler, *s.* જકાત-ચોરીકરનાર. Snail, *s.* ગોકળગાય.
Snake, *s.* સાપ, ભુજંગ. –catcher, charmer, *s.* ગારૂડી.

Snap, *s.* ચીપટી, ચુંટલી; બચકું; ચોરી; ચાબખાનો ફટકારો. 2 *v.* કટદઈ કડકા કરવા;આંગળાથી ચીપટી [વગાડવી.
Snare, *s.*ફાંસો,પાશ,જાળ. 2 *v.*ફાંસામાંલેવું.
Snarl, *v.* ઘુરઘુરવું, જનાવરની પેઠે ઘુરકવું.[પટકાવવું.
Snatch, *s.* ઝપટ, ઝડપ; ખેંચાખેંચ. 2 *v.* ઝુંટવીલેવું.
Sneer, *s.* તિરસ્કાર. 2 *v.* તિરસ્કારબતાવવો;ખેંચીનેબો-
Squeeze, *s.* છીંક. 2 *v* છીંકવું.Snip, *v.* કાતરવું.[લવું.
Snore, *v.* ઘોરવું. Snort, *s.* ફુંફાટામારવા, ફુંકારવું.
Snow, *s.* બરફ, હિમ. Snowy, *a.* બરફનું,હિમમય.
Snub, *v.* ધમકાવવું; કરમાવવું. -nosed, *a.* ચીબું.
Snuff, *s.* મોગરો; તપખીર, છીંકણી. 2 *v.* મોગરો
Snuffers, *s.* ગુલકાતરણી. [પાડવો; શ્વાસ લેવો.
Snug, *a.* સંતાએલું, દાબીરાખેલું. 2 *v.* અડોઅડસુવું.
So, *ad.* એવું, એમ; આટલું, એવડું;એથીકરીને, એ-
વું છતાં. (-many) એટલાં બધાં. (-much) એ-
ટલું. (-often) એટલી વાર.
Soak, *v.* ભિંજવવું; પલાળવું; ભિંજેલું રેહેવું.
Soap, *s.* સાબુ. 2 *v.* સાબુ લગાડવો.
Soar, *v.* ઉંચે ચડવું; ઈચ્છા-ઉમેદ રાખવી.
Sob, *s.* ડચકું. 2 *v.* ડચકાં આવાં. [ફિકરમાં આવવું.
Sober, *a.* માફકસર પીનાર; સાવધ;ગંભીર. 2 *v.* શુ-
Soberly, *ad.* વગર કેફથી; ગંભીરાઈથી, સાવધપણે.

Sobriety, *s.* સાવધપણું; ધીરજ, વિચારશીલતા.
Sociable, Social, *a.* મળતાવડું; સંસારી.
Sociableness, Sociability, *s.* સ્નેહબુદ્ધિ-ભાવ.
Society, *s.* સોબત, સંગત, મંડળી, પંક્તિ.
Sock, *s.* પગના મોજા. Sod, *s.* ઘાસવાળી જમીન.
Soda, *s.* સોડાક્ષાર. Sodomite, *s.* ગાંડમારનાર.
Sodomy, *v.* ગાંડમારવી. Sofa, *s.* ગાદી, કોચ.
Soft, *a.* નરમ; પોચું; ગરીબ; મધુર; હલકું; દયાળું;
Soften, *v.* પોચું કરવું; શાંત પાડવું. [કકરૂં; ધીમું.
Softly, *ad.* ધિરેધિરે. Softness, *s.* નરમાસ; મધુરપણું.
Soil, *s.* માટી; જમીન, ભોંય; ડાઘ; ખાતર. 2 *v.* બિગાડવું, મેલું કરવું. [પ્રવાસી.
Sojourn, *s.* પ્રવાસ, દેશાંતરવાસ.-er, *s.* મુસાફર,
Solace, *s.* સુખ, ચેન, આનંદ; સમાધાન. 2 *v.* આસનાવાસના કરવી; દીલાસો આપવો.
Solar, *a.* સૂર્ય સંબંધી. Solder, *s.* રેણ.2 *v.* ઝાળવું.
Soldier, *s.* સિપાઈ, શૂરવીર. Soldiery, *s.* સિપાઈલોક.
Sole, *s.* પગનું તળીયું. 2 *a.* એકલું.
Solely, *ad.* માત્ર, કેવળ.
Solemn, *a.* ધર્મસંસ્કારનું; ગંભીર; દૃઢ.
Solemnity, *s.* ધાક; ગાંભીર્ય; દેવકાર્ય, ઓચ્છવ.
Solemnize, *v.* યથાશાસ્ત્ર કરવું; ગંભીરપણું આણવું.

Solicit, *v.* વિનંતી કરવી, માગવું.
Solicitation, *s.* વિનંતી, અરજ.
Solicitor, *s.* જાચક, વકીલ.
Solicitous, *a.* ચિંતાતુર; આતુર.
Solid, *a.* સંઘીન, દળદાર, બળવાન, સાબુત.
Solidity, *s.*ઘનતા;બળ. Soliloquy, *s.*આત્મભાષણ.
Solitary, *s.* એકાંતવાસી. 2 *a.* એકાંત, એકલાહિડું.
Solitude, *s.* એકાંતવાસ;એકાંતવૃત્તિ; જંગલ; અરણ્ય.
Solomon, *s.* ઘણો ચતુર પુરૂષ.
Soluble, *a.* ઓગળે એવું.
Solution, *s.* પાણી, તેજાબ; ખુલાસો.
Solve, *v.* ખુલાસો કરવો, પીગળાવવું.
Solvent, *a.* દ્રાવક; કરજ ફીટાડવાને સમર્થ.
Some, *a.* જરા; કોઈએક.–body, *s.* કોઈએક સખ્સ.–how, *ad.* ગમેતેમ કરીને.–time, *ad.* કોઈવખત.–what, *ad.*થોડું,જરા.–where, *ad.*કોઈઠેકાણે.
Son, *s.* પૂત્ર, છોકરો. Son-in-law, *s.* જમાઈ,
Song, *s.* ગાયન, ગીત, ગાણું.–ster, *s.*ગવૈયો,ગાનાર.
Sonnet,*s.* લઘુ કવિતા. sonorous,*a.*વાગતું,ખખડતું.
Soon, *ad.* જલદી, ઝટપટ. soot, *s.* મેસ, કાજળ.
Soothe, *v.*દીલાસો આપવો; સમાધાન કરવું; થાબડવું; ખુશામત કરવી.

Soothing, *a.* સમાધાન કરનાર; સુખ આપનાર.
Sop, *s.* ભીંજવેલી રોટલી;લાંચ. sophism, *s.* સત્યાભાસ.
Sophist, *s.* મિથ્યાવાદ કરનાર; નાસ્તિક; વિદ્વાન.
Sorcerer, *s.* જાદુગર. sorcery, *s.* જાદુ.
Sordid, *a.* નીચ, હલકું, પાજી; કૃપણ; લાલચુ.
Sore, *s.* જખમ, ઘા; મર્મસ્થાન. 2 *a.* દુઃખતું; સુજેલું;
Soreness, *s.* દુઃખ, દરદ; સોજો; કઠીણપણું. [કઠણ.
Sorrow, *s.* ખેદ,શોક,દીલગીરી. 2 *v.* ખેદકરવો;દુઃખલાગવું.
Sorrowful, *a.* ઉદાસ, દુઃખી, શોકાતુર, ગમી.
Sorry, *a.* ખિન્ન, દુઃખી, દલગીર; પશ્ચાતાપી.
Sort, *s.* જાત, પ્રકાર, રીત; તરેહ. 2 *v.* નિવડવું.
Soul, *s.* આત્મા, પ્રાણ, ચૈતન્ય; સાર; પુરૂષ; તેજ.
Sound, *s.* અવાજ, નાદ, ધ્વનિ. 2 *a.* નિરોગી; સલામત, આખું; જબરૂં; નિર્દોષ; વજનદાર; ખરામાર્ગનું. 3 *v.* અવાજ કરવો; મન જોવું; વાગવું.-ly, *ad.* યથાયોગ્ય,બરાબર; રગડીને, સારી પેઠે. [ખાટું કરવું.
Sour, *a.* ખાટું;આકળું,કરડું,મિજાસી;અધીરૂં. 2 *v.*
Source, *s.* મૂળ, બીજ, ઉત્પત્તિ સ્થાન.
South, *s.* દક્ષિણદિશા.2 *a.* દક્ષિણ દિશાનું.-ing, *s.* દક્ષિણાયન.-east, *s.* અગ્નિકોણ.-ern, *a.* દક્ષિણદિશા તરફનું.-ward, *ad.* દક્ષિણ તરફ.-west, *s.* નૈરૂત્યકોણ. [ક્રો. 2 *a.* મુખ્ય.

Sovereign, *s.* રાજા, મહારાજા; ૨૦ શિલિંગનો શિ·
Sovereignity, *s.* સર્વાધિકાર, સત્તા.
Sow, *s.* ડુક્કરી. 2 *v.* રોપવું.
Space, *s.* આકાશ; પ્રદેશ; જગા; મુદત; વિસ્તાર.
Spacious, *a.*વિશાળ, મોહોટું. spade, *s.* કોદાળી.
Span, *s.* વેંટ. 2 *v.* વેંટથી ભરવું.
Spaniel, *s.* શિકારી કુતરો. [ક્ષમા કરવું; જવાદેવું.
Spare, *a.*ફાલતું,શિલક;થોડું; નબળું.2 *v.* બચાવવું;
Sparing, *a.* કસરિયું.-ly, *ad.* કસરથી.
Spark, *s.* ચીણગારી; અંશ, લેશ; પ્રીતિ રાખનાર.
Sparkle, *s.*ચીણગારી;તેજ.2 *v.*તનખા ઉડવા;ચમકવું.
Sparkling, *a.*ચળકતું,તેજસ્વી. sparrow, *s.* ચકલી.
Spatter, *v.* છાંટવું. speak, *v.* બોલવું; વાદ કરવો.
Speaker, *s.* બોલનાર.
Spear, *s.* ભાલો. 2 *v.* ભાલો મારવો.
Spear-head, *s.* ભાલાનું માથું.-man, *s.* ભાલેકરી.
Special,*a.*પ્રકારનું;મુખ્ય;ચોકસ.-ly, *ad.*વિશેષેકરીને.
Specie, *s.* નગદી, અવેજ. species, *s.*જાત, પ્રકાર.
Specific, *a.*અસાધારણ.(-gravity)વિશેષ ગુરૂતત્વ.
Specification, *s.*તપસીલવારકરેલી યાદી;સંજ્ઞા,અટક.
Specify, *v.* તપસીલવાર જણાવવું. [નમુનો.
Specified, *a.*વિગતે કહી જણાવેલું. specimen, *s.*

Specious, *a.* દેખાવડું; સત્યાભાસનું.
Speck, *s.* ડાઘ, ડપકો; ફુલું; કણ, રજ.
Spectacle, *s.* ખેલ, તમાસો; દૃષ્ટિ વિષય.
Spectacles, *s.* ચશમા. spectator, *s.* તમાશગીર.
Spectre, *s.* ભૂત, છાયા, પિશાચ.
Speculate, *v.* તર્ક–સટ્ટો કરવો. [નસિક.
Speculation, *s.* તર્ક, સટ્ટો. speculative, *a.* મા-
Speculator, *s.* સટ્ટો કરનાર.
Speech, *s.* વાણી, વાચા, ભાષણ; ભાષા, બોલી.
Speechless, *a.* વાચાવગરનું, મુગું; નિરૂત્તર.
Speed, *s.* વેગ, ત્વરા, ઝડપ. 2 *v.* વેગે જવું; ફતે-
Speedily, *ad.* જલદીથી. [હ પામવું.
Speedy, *a.* ઉતાવળું, ચાલાક.
Spell, *s.* જાદુ, મંત્ર;પાણી,ઉકાવણી. 2 *v.*જોડણીકરવી.
Spelling, *s.* જોડણી, વર્ણરચના, પદાક્ષર. [ઉડાઉ.
Spend, *v.* ખરચવું, વાપરવું; ગુજારવું. –thrift, *s.*
Spent, *a.* ખરચેલું,ગુજારેલું.sphere, *s.* ગોળ, ઈલાકો.
Spherical, *a.* ગોળાકાર. spice, *s.* ગરમમસાલો.
2 *v.* મસાલોભરવો.
Spicy, *a.* મસાલાનું. spider,*s.* કરોળીયો.
Spike, *s.* કણસ; ખીલી, મેખ. 2 *v.* ખીલો મારવો.
Spilt, *s.* છલકાવું. spin, *v.* સુતર કાંતવું, ફેરવવું.

Spindle, *s.* ચાતી. -shanked, *a.* લાંબટાંગ.
Spine, *s.* બરડાનું હાડકું. spinner, *s.* સુતરકાંતનાર.
Spinning, *s.* સુતર કાંતવું. -wheel, *s.* રેંહેંટીયો.
Spinster, *s.* કુમારીકા. Spiral, *a.* પેચદાર.
Spire, *s.* શિખર; વાંકી ચુંકી લીટી; પેચ, લપેટો.
Spirit, *s.* જીવ, આત્મા; પિશાચ; પ્રકૃતિ, સ્વભાવ; બુદ્ધિ; હિંમત; તેજાબ; દારૂ.
Spirited, *a.* હિંમતવાન, દમવાળો; આવેશી.
Spiritless, *a.* ઉદાસ, ફિકું; સ્વાદ વગરનું; નિર્બળ.
Spiritual, *a.* નિરાકાર; પરમાર્થનું; જ્ઞાનમાર્ગનું.
Spirituous, *a.* જલદ, કેફી, અમલ ચઢાવનાર.
Spite, *s.* ખાર, અદાવત; દ્વેષ. 2 *v.* કંટાળોઆપવો.
Spiteful, *a.* કપટી, ડંખી. Spittle, *s.* થુંક, લાળ.
Splash, *s.* છાંટવું, ઉછળવું, ઉડવું; અફળાવું.
Spleen, *s.* ગુસ્સો; અદાવત; ગમગીની.
Splendid, *a.* શોભિતું, ભભકાદાર, મોહોટું, ઉમદા.
Splendour, *s.* તેજ; થાટમાટ; શોભા; મોહોટાપણું.
Splint, Splinter, *s.* ગાપચું; કામઠું; ફાડવું.
Split, *s.* ચીરો, ફાટ. 2 *v.* ચીરવું, ફાડવું; ફાટવું.
Spoil, *s.* લુટ; નાશ. 2 *v.* લુટવું; નાશ કરવો.
Spoiler, *s.* લુટનાર;નાશકરનાર. Spoke, *s.* પૈડાનીઆર.
Spokesman, *s.* બોલનાર. Spoliation, *s.* લુટ.

Sponge, *s.* વાદળી. 2 *v.* વાદળાથીલુછવું.
Sponsor, *s.* જામીન.
Spontaneous, *a.*સ્વાભાવિક.Spoon, *s.*ચમચો,પળી.
Sport, *s.* રમત, ગમત, મોજ; મશ્કરી; શિકાર. 2 *v.* ખેલવું; મશ્કરી કરવી.
Sportive, *a.* ખેલાડી,આનંદી.Sportsman,*s.*પારધી.
Sportless, *a.* નિષ્કલંક, નિર્દોષ. Spotted, *a.* ડાઘા પાડેલું.
Spouse, *s.* વરરાજા; વહુ, બાયડી.
Sprowl, *v.* હાથપગ લાંબા કરી સુવું; તરફડવું.
Spray, *s.* ડાખળી; છાંટ, હિમકણ; ફીણ.
Spread, *s.* ફેલાવો, વિસ્તાર. 2 *v.* ફેલાવવું;પાથરવું.
Sprig, *s.* ડાખલી,ડાળી.sprightly, *a.*આનંદી,મગન.
Spring, *s.* વસંતઋતુ; કમાન; કુદકો; ઝરણું; મૂળ; ઝડપ. 2 *v.* ફુટવું; ઉત્પન્ન થવું; કુદવું. (–upon) તલપ મારવી. (–up) ઉડવું, ઉછળવું.
Sprinkle, *v.* છાંટવું, સીંચવું; ચમકવું.
Sprout, *s.* અંકુર, ફણગો. 2 *v.* નિકળવું;ફણગોફુટવો.
Spur, *s.* કાંટો,આર;ઉત્તેજન.2 *v.* એડીમારવી; ઉશ્કેરવું.
Spurious, *a.* નકલી, તકલેદી. Spurn, *s.* ધિઃક્કાર. 2 *v.* ધિઃક્કાર કરવો, લાત મારવી.
Squabble, *s.* કટકટ, કલહ. 2 *v.* કટકટકરવી,લાંડવું.
Squander, *v.* ઉડાવવું, વાપરી નાખવું.

Square, *s.* ચોરસ, ચોક; વર્ગ; કાટખુણું; કોટ;કોષ્ટક; ચોકડી. 2 *a.* ચોરસ;બરોબર. 3 *v.* સુધારવું. -root, *s.* વર્ગમૂળ.
Squat, *a.* ચપઠ,ચપટું. 2 *v.* ચપટબેસવું.
Squeeze, *v.* ચાંપવું, છુંદવું, મસળવું.
Squint, *s.* બાડો,કાંણો. 2 *v.* બાડું જોવું.-eyed, *a.* બાડું.
Squirrel, *s.* ખીસકોલી.Squire, *s.* એકજાતનોકિતાબ.
Stab, *v.* ભોકવું, ખોસવું, જખમ કરવો.
Stability, *s.* મજબુતી, ટકાઉપણું, સ્થિરતા.
Stable, *s.* તબેલો, ઘોડશાળા. 2 *a.* કાયમ, ટકાઉ.
Staff, *s.* લાકડી; સોટો; છડી. Stag, *s.* સાબર.
Stage, *s.* માળો; નાટક, રંગભૂમિ; મજલ; મુકામ.
Stagger, *v.* ડોલવું, ડગવું; ડગમગવું;વિચારમાંપડવું.
Stagnant, *a.* સ્થિર; સુસ્ત. Stagnate, *v.* સ્થિર થવું; મંદહોવું.
Stain, *s.* રંગ; ડાઘ; કલંક. 2 *v.* રંગવું; બિગાડવું; કલંક લગાડવું.
Stair, *s.* પાયરી, પગથિયું; ઘાટ.
Stairs, Staircase, *s.* દાદર, નિસરણી; ચઢણી.
Stake, *s.* ખુંટો; શરત; જુમ્મો. 2 *v.* ખુંટો મારવો; સરત મારવી.
Stale, *a.* વાસી, ઘસાઈ ગયેલું. 2 *v.* વાસી કરવું.
Stalk, *s.* ડીટું, ડાખળી.
Stall, *s.* તબેલો;બેઠક;બાંકડો.–ed, *a.*તબેલામાંરાખેલું.

Stammer, *v.* તોતડું બોલવું. –er, *s.* બોબડો.

Stamp, *s.* છાપ, મોહોર;આકાર. 2 *v.* છાપ મારવી; પગ પછાડવો.

Stanch, *a.* ધીરૂં, સ્થિર. 2 *v.* અટકાવવું; અટકવું.

Stand, *s.* બેસણી; ઘોડી, ડામચીયો; મુકામ, ઠાણું; તટસ્થપણું; ઉભું રહેવું; ટકવું, ચાલવું. (–by) હાજર રેહેવું. (–for) બદલે રેહેવું. (–up) ઉભાથવું. (–up for) પક્ષ ખેંચવી. (–with)મળતું આવવું.

Standard, *s.* નિશાણ, વાવટો, ઝુંડો; માપ, ધારો. –bearer, *s.* પતાકી, ઝુંડો ઉઠાવનાર.

Standing, *a.* ઉભું રેહેવું; હાલત, સ્થિતિ, પદ્વી, દરજ્જો. 2 *a.* ઉભું; ટકાઉ; પ્રસિદ્ધ; કાયમ, જાણુકનું.

Stanza, *s.* શ્લોક; બેત. Star, *s.* તારો; ચાંદરણી.

Starch, *s.* ખળ, કાંજી, લાહી. 2 *v.* હાર ભરવો.

Stare, *v.* તાકીને જોવુ. Star-gazer, *s.* જોશી.

Starry, *a.* તારા સંબંધી; નક્ષત્રમય; તારાથી ભરપુર.

Start, *v.* ચોંકવું, ચમકવું; રવાને થવું.

Startle, *v.* ભડકાવવું, ચમકાવવું, ચમકવું.

Starve, *v.* ભુખે મારવું; ભુખે મરવું.

State, *s.* હાલત, દશા; ઠાઠમાઠ, ધામધુમ; સરકાર; રાજ્ય. 2 *a.* સરકારી; ભભકાદાર. 3 *v.* કલમવાર લખવું; કેહેવું.

Stately, *a.* શોભિતું, પ્રૌઢ; પાદશાહી;ઉત્તમવિચારનું.
Statement, *s.* હકીકત, બ્યાન, વર્ણન; ગણતરી.
Statesman, *s.* રાજકારભારી; રાજનીતિજ્ઞ.
Station, *s.* ઠેકાણું, મુકામ; અમલ; પદ્ધી.2 *v.* નેમણુંક કરવી. [કાગદી.
Stationary, *a.* સ્થિર; અવર્દ્ધમાન. stationer, *s.*
Statistics, *s.* દેશસ્થિતિ.Statue, *s.* પુતળું,બાવલું.
Statute, *s.* કાયદો, નિયમ, ધારો, કાનુન.
Stay, *s.* વાસો; સ્થિતિ, ટકાવ; ખોટી. 2 *v.* ધીરજ આપવી; ખોટી કરવું; ટકવું; થોભવું; વાસકરવો; ભ-
Stead, *s.* જગા, ઠેકાણું, સ્થાન. [રોસો રાખવો.
Steadfast, Steady, *a.* અચળ, સ્થિર; ચિકટ.
Steal, *v.* ચોરવું;છાનામાનાઆવવું.Stealth, *s.* ચોરી.
Steam, *s.* બાફ, વરાળ. 2 *v.* બાફઆપવો; બાફ નિ-
Steamer, *s.* આગબોટ. Steed, *s.* ઘોડો. [કળવો.
Steel, *s.* પોલાદ. 2 *a.* પોલાદનું. 3 *v.* કઠણ કરવું.
Steep, *s.* ચઢાવ. 2 *a.* સીધું, ઉભું. 3 *v.* પળાલવું.
Steeple, *s.* શિખર, ટોંચ, મિનારો, ઘુંમટ.
Steer, *s.* વાછરડો.2 *v.* વહાણ હંકારવું;રસ્તોપકડવો.
Steerman, *s.* સુકાની, સુકાનદાર.
Stem, *s.* થડ,ડાંખલી. 2 *v.* સન્મુખજવું;અટકાવકરવો.
Step, *s.* પગલું, કદમ; પાયરી; ઉપાય. 2 *v.* પગલું

ભરવું; કદમથી માપવું. -brother, s. ઓરમાનભાઈ. -daughter, s. ઓરમાન છોકરી. -mother, s. ઓરમાન મા. -sister, s. ઓરમાન બેહેન. -son, s. ઓરમાન છોકરો. -stone, s. પગથિયું.[વાંઝીયાપણું.

Sterile, *a.* વેરાન;વાંઝણી. Sterility, *s.* ઉજડપણું;

Stern, *a.* વહાણનોપાછલોભાગ.2 *a.* કરડું,માયાહીન.

Steward, *s.* ઘરનો કારભારી.-ship, *s.* દીવાનગિરી.

Stick, *s.* લાકડી, કાઠી. 2 *v.* ચોંટાડવું; ચોંટવું.

Stickle, *v.* આગ્રહ કરવો. Sticky, *a.* ચિકણું.

Stiff, *a.* અક્કડ;કઠણ,ઘટ્ટ;હઠીલું;અપ્રશસ્ત;ઉપરઉપરનું.

Stiffness, *s.* અક્કડાઈ; કડકપણું; હઠીલાઈ.

Stifle, *v.* ગુંગળાવવું; દાબી રાખવું; સંતાડવું.

Stigma, *s.* ડાઘ,કલંક;ઠપકો.-tize, *v.*કલંક લગાડવું.

Still, *s.* દારૂ કાઢવાનું યંત્ર. 2 *a* મુગું, શાંત;નિરૂપદ્રવ. 3 *v.* શાંત કરવું. 4 *ad.* હજુ સુધી; તથાપિ. -born, *a.* મુવેલું જન્મેલું.

Stillness, *s.* શાંતિ, નિરાંત; સ્તબ્ધતા, નિર્વાતપણું.

Stimulate, *v.*ઉશ્કેરવું;ઉત્તેજનઆપવું; ચેતનાઆણવી.

Stimulation, Stimulus, *s.* ઉત્તેજન; ચેતનાવર્ધન.

Sting, *s.* ડંખ, દંશ; મર્મ. 2 *v.* ડંખવું; બળવું, દુ:ખ પામવું. [વાસઆવવી.

Stingy, *a.* કંજુસ, કૃપણ. Stink, *s.* બદબો. 2 *v.*

Stipend, *s.* મુસારો, પગાર. Stipendary, *s.* પગારદાર માણસ.

[ઠરાવ; સાટું.

Stipulate, *v.* કરાર કરવો. Stipulation, *s.* કરાર,

Stir, *s.* ગડબડ, ધામધુમ. 2 *v.* ડોહોલવું; ઉશ્કેરવું.

Stirrup, *s.* પાવડો, પેંગડું, રિકાબ.

Stitch, *s.* ટેભો, ટાંકો; કળતર, સૂળ. 2 *v.* ટાંકોમારવો; સાંધવું.

[ખાનદાન. 2 *v.* ભરવું.

Stock, *s.* ઝાડનું થડ; દાંડો, ખુંટો; પુંજી; સંગ્રહ;

Stockade, *s* લડકકોટ. stocking, *s.* પગનાંમોજાં.

Stomach, *s.* પેટ, જઠર; ભુખ, રૂચી; ગર્વ; ગુસ્સો.

Stone, *s.* પથ્થર, પાષાણ; ઠળીયો; પથરી. (precious–) જવાહીર. 2 *a.* પથ્થરનું. 3 *v.* પથ્થરકેંકવો, કાંકણ કરવું. –cutter, *s.* સલાટ. –fruit, *s.* ઠળીયાવાળું ફળ.–hearted, *a.* નિર્દય. –pecker, *s.* પથ્થર ફોડનારૂં પક્ષી છે. –work, *s.* ફરસબંદીનુંકામ.

Stony, *a.* પથ્થરનું; ઘણા પથરાવાળું.

Stool, *s.* પાટલો, બાજઠ; ઝાડો, દસ્ત, પેટ. [મારવી.

Stoop, *s.* વાંકુ વળવું; ઝડપ. 2 *v.* વાકું વળવું, નમવું; ઝડપ

Stop, *s.* ખોટી, અટકાવ, રોકાણ; વિરામ; મુકામ, ઠેકાણું; વાંધો. 2 *v.* અટકાવવું, રોકવું; અટકવું; થોભવું.

Stoppage, *s.* રોકાણ, અટકાવ. Stopper, *s.* બુચ, ડાટો.

Store, *s.* સંગ્રહ; વખાર, ભંડાર; સામગ્રી, સામાન.

2 *v.* સંગ્રહ કરવો; વખારમાં ભરવું. –house, *s.* વખાર; ભંડાર. –keeper, *s.* ભંડારી, વખારીયો.
Storm, *s.* વાદળ, તોફાન; દંગો, રીસાદ;આફત. 2 *v.*
Stormy, *a.* તોફાની; જોસ્સા ભરેલું. [છાપો મારવો.
Story, *s.* માળો, મેડો; કથા, વાર્ત્તા; તપસીલ; હેવાલ.
Stout, *a.* જોરાવર, મજબૂત, જબ્બર, જબરૂં.
Stove, *s.* ચુલો; ભઠ્ઠી. Straggle, *v.* રઝળવું, ભટકવું.
Straight, *a.* સરખું, પાધરૂં, દુરસ્ત. 2 *ad.* તરત, લાગલુંજ. –en, *v.* સીધું કરવું. –forward, *a.* પાંસરૂં, વ્યાજબી. –way, *ad.* તત્કાળ, તરતજ.
Strain, *s.* ચમક, આચકો; તાણ; ગીત, ગાયન; વલણ. 2 *v.* ચાળવું; ખેંચવું; ગળવું; જોરથી તણાવવું; ગળવું; માથાફોડ કરવી, શ્રમ લેવો.
Strainer, *s.* ગળનાર; ચાળણી, ગળણી.
Strait, *s.* સામુદ્રધુની; સંકટ. 2 *a.* સાંકડું; અઘરૂં.
Straighten, *v.* અડચણમાં નાખવું; સાંકડું કરવું.
Strand, *s.* કાંઠો,તીર;દોરીનુંપીંડું.2*v.*કાંઠાપર ચઢાવવું.
Strange, *a.* પરદેશી; પારકું; ચમત્કારિક; તરેહવાર.
Stranger, *s.* પરદેશી; મુસાફર; પરોણો, મેહેમાણ.
Strangle, *v.*ગુંગળાવીમારીનાખવું.Strap,*s.*ચામડાનો
Stratagem, *s.* ઉપાય, યુક્તિ; દાવપેચ,કપટ. [પટો.
Stratum, *s.* પડ, થર. Straw, *s.* પરાળ; તલભાર.

Streak, *s.* લીસોટો, પટો. 2 *v.* પટો પાડવો.
Stream, *s.* નાળું, નદી; વેગ; ઓઘ. 2 *v.* વેહેવું.
Streamer, *s.* નિશાન, વાવટો. Street, *s.* પોળ, મો- [હોલ્લો, શેરી.
Strength, *s.* જોર,બળ, સામર્થ્ય; કસ.
Strengthen, *v.* મજબુત કરવું; પુષ્ટી આપવી; ધીરજ દેવી.
Strenuous, *a.* ઉદ્યોગી. Stress, *s.* બોજ,ભાર; તાણ.
Stretch, *v.* વિસ્તારવું, લંબાવવું; તાણવું; જોર કરવું; [વેહેવું.
Strew, *v.* વેરવું; વિખરવું, પાથરવું.
Strict, *a.* કરડું, સખ્ત, કઠણ; બરોબર, ચોકસ.
Strictly, *ad.* સખ્તપણે.
Stride, *s.* ફલંગ. 2 *v.* ફલંગ મારવી.
Strife, *s.* કજીયો, ઝગડો; સ્પર્ધા, હરીફાઈ.
Strike, *v.* મારવું, ઠોકવું; પીટવું; ભાસવું, માલમ પડવું; તાજુબ થવું. (–against) અથડાવવું. (–off) છેકી નાખવું, ચેરવું. (–out) કાઢી નાંખવું.
String, *s.* દોરી, સુતળી,તાંત,હાર,નાડું. 2 *v.* પોરવવું; [તાર બાંધવો.
Strip, *s.* કટકો, પટ્ટી. 2 *v.* ઉઘાડું કરવું.
Stripe, *s.* પાટો; ફટકો. 2 *v.* ફટકો મારવો.
Stripling, *s.* છોકરો. Strive, *v.* ઉદ્યોગ-યત્ન કરવો.
Stroke, *s.* ફટકો, ટોલ્લો; ધપ્પો; કાપો. 2 *v.* પંપાળવું.
Stroll, *s.* સેહેલ, ફરવું. 2 *v.* સેહેલ કરવી.
Strong, *a.* જોરાવર,બળવાન;જબ્બર;કડવું; વજનદાર.

Structure, *s.* ઈમારત, બાંધણી; બાંધો; રચના.
Struggle, *s.* માથાફોડ; કજીયો, ટંટો. 2 *v.* તરફડવું.
Strumpet, *s.* કસબણ, રાંડ, છીનાળ સોદ્દી બૈરી.
Strut, *s.* ઠમકો, નખરાં. 2 *v.* નખરાં કરવાં.
Stubborn, *a.* હઠ્ઠી, જીદ્દી; મજબુત, જબ્બર.
Stubbornness, *s.* હઠ્ઠ, હુજત, મમત, જીદ્દ.
Student, *s.* નિશાળિયો, શિષ્ય, વિદ્યાર્થી, શિખનાર.
Studious, *a.* વિદ્યાભ્યાસી; ઉદ્યોગી, મેહેનતું. [કરવો.
Study, *s.*વિદ્યાભ્યાસ,ભણતું;અધ્યયન.2*v.*શિખવું;વિચાર
Stuff, *s.* કાપડ; માલમતા; જીદંગી.2*v.*ઠાંસવું.[ખાવી.
Stumble, *s.* ઠોકર, ઠેસ; ભૂલ.2*v.*ઠોકરમારવી; ઠોકર
Stumbling-block,-stock, *s.* અટકાવ, હરકત.
Stump, *s.* ખુંટો; ઠુંઠું. Stun, *v.* બેહેરા કરવું.
Stupefaction, *s.* અચેતના, સુસ્તપણું.
Stupefy, *v.* મૂર્ખ બનાવવું; સુસ્તકરવું.
Stupendous, *a.* અદ્ભૂત, આશ્ચર્યકારક, ઘણું મોહોટું.
Stupid, *a.* અજ્ઞાન, મૂર્ખ; જડ, મૂઢ, મંદ.
Stupidity, *s.* મૂર્ખાઈ; નાદાની.Stupor, *s.* બેશુદ્ધિ.
Sturdy, *a.* જોરાવર;પુષ્ટ.Stutter, *v.* તોતડું બોલવું.
Sty, *s.* ડુક્કરખાનું; આંખ પર થતી આંજણી.
Style, *s.* ધાટી, ઢપ,છટા;રીત;ખિતાબ. 2 *v.* નામદેવું.
Subdivide, *v.*વિભાગકરવો.Subdivision,*s.*વિભાગ.

Subdue, *v.* જીતવું, તાબે કરવું, સ્વાધીન કરી લેવું.
Subject, *s.* પ્રજા, રૈયત;વિષય. 2 *a.* તાબેદાર,યોગ્ય.
3 *v.* તાબે કરવું; જીતવું.–matter, *s.* બાબત,વિષય.
Subjection, *s.* અમલનીચે લાવવું;પરતંત્રતા,તાબેદારી.
Subjoin, *v.* પાછળથી સાંધવું.
Subjugate, *v.* તાબે કરવું.
Subjunctive, *s.* સંશયાર્થ.Sublimate, *s.* રસકપુર.
Sublime, *a.* ઉમદા, ઉંચું; ઉત્કૃષ્ટ, મોહોટું.
Sublimity, *s.* ઉંચાપણું.Submarine, *a.* સમુદ્રમાંનું.
Submission, *s.* તાબેથવું; તાબેદારી, આધિનતા.
Submissive, *a.* તાબેદાર, આધીન.
Submit, *v.* બીજાને સોંપવું; દબીજવું; શરણ જવું.
Subordinate, *a.* હાથ નીચેનું; તાબેદાર; અમુખ્ય.
Subordination, *s.* તાબેદારી, આધીનતા;ઓછીજરૂર.
Subscribe, *v.* સહી કરવી, ઉઘરાણું કરવું;માન્યકરવું.
Subscriber, *s.* સહીકરનાર;ઉઘરાણાની ટીપમાંભરનાર.
Subscription, *s.* ઉઘરાણું, સહી, ખત, હસ્તાક્ષર.
Subsequent,*a.*પછીથયેલું,આવતું.–ly,*ad.*પાછવાડેથી.
Subsidiary, *a.* સાહ્યકારી.Subsidy, *s.* પૈસાનીમદદ.
Subsist, *v.* હોવું; ગુજરાન થવું–ચાલવું.
Subsistence, *s.* અસ્તિત્વ;ગુજરાન; જીવનવસ્તુ. [પન.
Substance, *s.* મતલબ, સારા પદાર્થ, સારાંશ; આય·

Substantial, *a.* વાસ્તવિક, અવેજદાર; કસદાર; ખબરદાર.
Substantially, *ad.* ખરેખર, વાસ્તવિક. [*s.* નામ.
Substantiate, *v.* ખરૂં કરીઆપવું. Substantive,
Substitute, *s.* અવેજી, બદલી. 2 *v.* બદલામાં આપવું.
Substitution, *s.* અદલાબદલ. Subterfuge, *s.* બાહાનું.
Subtile, *a.* બારીક; નાજુક. Subtility, *s.* બારીકાઈ;
Subtract, *v.* કાઢવું, લઈજવું; બાદ કરવું. [બુદ્ધિ.
Subtraction, *s.* કાઢવું, લેવું; બાદ, બાકી.
Suberb, Suberbs, *s.* ઉપનગર, પરૂં, શાખાપુર.
Subversion, *s.* નાશ, વિધ્વંસ; ઉંધુંવાળવું.
Subvert, *v.* પાયમાલ કરવું, બગાડવું; ઉંધુંવાળવું.
Succeed, *v.* બદલે આવવું; પછવાડે થવું; સાધવું.
Success, *s.* ફતેહ, યશ, જય; સિદ્ધિ.
Successful, *a.* ફતેહમંદ, સફળ; કૃતાર્થ.
Succession, *s.* પરંપરા; હાર, માળા; વંશાવળી.
Successive, *a.* ચાલતુંઆવેલું.–ly, *ad.* એકપછીએક.
Successor, *s.* વારસ. Succour, *s.* મદદ. 2 *v.* મદદ
Such, *a.* એવું; તેવું. Suck, *v.* ચુસવુંધાવવું. [આપવી.
Suckling, *s.* ધાવતું, ધાવણું. Suction, *s.* ચુસવું તે.
Sudden, *a.* ઓચિંતું, આકસ્મિક.–ly, *ad.* એકાએક.
Sue, *v.* ફરીયાદી કરવી; અર્જ-વિનંતી કરવી.
Suffer, *v.* સોસવું, ખમવું, વેઠવું; પરવાનગી આ-

પડ્વી; દુ:ખ ભોગવવું.
Sufferer, s. ખમનાર,ભોગવનાર;પરવાનગી આપનાર.
Suffering, s. દુ:ખ, ક્લેશ; પરવાનગી. [કાબેલિઅત.
Suffice, v. પુરૂં થવું. Sufficiency, s. પુરતાપણું;
Sufficient, a. બસ, પુરતું; યોગ્ય, લાયક.
Suffocate, v.ગુંગળાવવું. Suffocation, s.ગુંગળાવું.
Suffrage, s. સંમતિ, વિચાર, અનુમતિ, મત.
Sugar, s. ખાંડ; બુરૂ. 2 v. ખાંડ પાવી.–cane, s.
સેરડી.–candy, s. ખડી સાકર.–mill, s. કોલુ઼ં.
Suggest, v. ચેતવવું.–ion, s. સુચના, ચેતવણી.
Suicide, s.આપઘાત,આત્મઘાત; આત્મહત્યા કરનાર.
Suit, s. જોડ; અર્જ, કજીઓ; ખટલો. 2 v. યોગ્ય
Suitable, a. યોગ્ય, લાયક. [કરવું; બંદબેસતું.
Suitor, s. અરજદાર; માંગનાર. [ડવો, મેલું કરવું.
Sullen, Sulky, a. ચીડિયું. Sully, v. ડાઘ લગા-
Sulphur, s. ગંધક.
Sultry, a. ગરમ, ઉન્હુ, ઉખણુ, બાફમારતું.
Sum, s. સરવાળો, એકંદર; રકમ. 2 v. સરવાળો કરવો.
Summary, s. સંક્ષેપ,સારાંશ. 2 a.સંક્ષિપ્ત,ટુંકામાં.
Summer, s. ઉનાળો, ગ્રીષ્મકાળ.
Summit, s. શિખર, ટોચ.
Summon, s. સમન કરવો. Summons, s.સમન.

Sun, *s.* સૂર્ય, સુરજ; તાપ,તડકો. -beam, *s.* સૂર્યનું કિરણ. -burnt, *a.* સૂર્યના તાપથીકાળું પડેલું.-day, *s.* આતવાર, રવીવાર. -dial, *s.* છાયાયંત્ર.
Sundry, *a.* પરચુરણ, નાના પ્રકારનું, ભાતભાતનું.
Sunflower, *s.* કમળમુખી. Sunrise, *s.* સૂર્યોદય.
Sunset, *s.* સૂર્યાસ્ત. Sunshine, *s.* તડકો, તાપ.
Sup, *v.* ઘુંટડો ભરવો.2 *v.* રાત્રે જમવું, વાળું કરવું.
Superabundance, *s.* અતિશયપણું, પેટપૂર.
Superannuated, *a.* વયાતીત, ઘણુંજ જઈફ.
Supersede, *v.* બરતરફ કરવું, ખસેડવું.
Superstition, *s.* વેહેમ, ધર્માંધપણું; ખોટો ધર્મ.
Superstitious, *a.* વેહેમી,ધર્માંધ,અતિભાવિક,ભોળું.
Supervisor, *s.*ચોકસી રાખનાર. Supper, *s.*ખાનું.
Supplant, *v.* ઠોકર મારી પાડવું,પેટપર પગ મુકવો.
Supplement, *s.* પુરવણી.
Suppliant, *a.* વિનંતી કરનાર.
Supplicate, *v.* અરજ કરવી, વિનવું, કરગરવું.
Supplication, *s.* વિનંતી, અરજ,પ્રાર્થના,કાલાવાલા.
Supply, *s.* ભરતિયું,પુરાવો,ભરતી. 2 *v.* પુરૂપાડવું.
Support, *s.* ગુજરાન; આધાર, આશ્રય. 2 *v.* આધાર આપવો; પોષવું, પાળવું; પકડવું, ખમવું.
Supportable, *a.* સહન કરી શકાય એવું, ટકી શા-

કાય એવું. [આણવું.
Suppose, *v.* ધારવું, વિચારવું; તર્ક કરવો; મનમાં
Supposition, *s.* ધારણા, કલ્પના, તર્ક, અટકળ.
Suppress, *v.* નરમ કરવું, બેસાડી દેવું; દાબવું, છુપાવવું.
Supremacy, *s.* શ્રેષ્ટપણું, ઐશ્વર્ય, મુખ્યતા; ચઢતી, અ-
Supreme, *a.* મુખ્ય, શ્રેષ્ટ; પરમ અવધિનું. [ધિકાર.
Sure, *a.* ખચિત, નક્કી.–ly, *ad.* ખચિત, બેશક.
Surety, *s.* ખચિતપણું; નિશ્ચય; જામીન, જામીનગિરી.
Surface, *s.* સપાટી; પૃષ્ઠ, ઉપલો ભાગ.
Surfeit, *s.* ટેર, આફરો. 2 *v.* ગળાસુધી ખાવું.
Surge, *s.* મોજું, ઉછાળો. Surgeon, *s.* શસ્ત્રવૈદ્ય.
Surgery, *s.* શસ્ત્ર વૈદુ. Surly, *a.* ચીડિયો, ગંધાતો.
Surmise, *s.* અટકળ, કલ્પના; વેહેમ, અંદેશો. 2 *v.*
Surmount, *v.* ચઢીબેસવું. [કલ્પનાકરવી; વેહેમઆવવો.
Surname, *s.* અટક. 2 *v.* અટક આપવી.
Surpass, *v.* ચઢીયાતાં થવું.
Surplus, *s.* શિલક. 2 *a.* ફાલતું. [રાવું.
Surprise, *s.* અચરત, વિસ્મય; ગભરાટ. 2 *v.* ગભ-
Surprising, *a.* અજાએબ જેવું, વિસ્મય ઉત્પન્ન ક-
Surrender, *v.* સોંપવું, પરસ્વાધીન કરવું. [રનારૂં.
Surround, *v.* ઘેરી લેવું.–ing, *a.* ચારમેરનું ઘેરનારૂં.
Survey, *s.* માપણી; ચોકસી, તપાસ. 2 *v.* તપા-

સવું; જમીન માપવી.
Surveyor, *s.* માપણી કરનાર; ચોકસી રાખનાર.
Survive, *v.* પાછળ જીવવું.
Survivor, *s.* પાછળ જીવનાર.
Susceptible, *a.* આપવા જોગ; નાજુક; લાયક.
Suspect, *v.* શક આણવો; અવિશ્વાસ રાખવો;અટ-
Suspend, *v.*લટકાવવું;મુલતવી રાખવું. [કળ બાંધવી.
Suspense, *s.* અનિશ્ચય, મોહોગમ.
Suspension, *s.* મોકુફી, ટાંગવું; મોઘમ રાખવું.
Suspicion, *s.*વેહેમ,સંશય,અંદેશો; અવિશ્વાસ;તર્ક.
Suspicious, *a.* વેહેમી, સંશય ભરેલું, શક ભરેલું.
Sustain, *v.* પોશવું, પાળવું; ખમવું; નિભાવવું.
Sustenance, *s.* ખોરાક;ગુજરાન.Swagger, *v.* ફુલ-
Swallow, *s.* ગળું; ચકલી. 2 *v.* ગળી જવું.[મારવી.
Swamp, *s.* ભીની-હવાવાલીજગ્યા.Swan,*s.* રાજહંસ.
Swarthy, *a.* કાળું, ઝાંખું. Swathe, *s.* બાળોતિ-
યું. 2 *v.* લપેટવું. [મન વાળવું; અમલ કરવો.
Sway, *s.* અમલ, અધિકાર; વજન; સપાટો. 2 *v.*
Swear, *v.* સમ ખવડાવવા; સોગન ખાવા.
Sweat, *s.* પરસેવો, સ્વેદ. 2 *v.* પરસેવો થવો;ભારે
Sweep, *v.* ઝાડવું, ઝાડુ કહાડવું. [ઉદ્યોગ થવો.
Sweeper, *s.* વાળનાર, ઝાડુ કાઢનાર; ભંગીયો.

Sweet, *s.* સુખ; પ્યારો. 2*a.* મિઠું, મિષ્ટ; વાહાલું.
Sweeten, *v.*ગળ્યું કરવું.Sweetheart,*s.*પ્રિયા,પ્યારી.
Sweetish, *a.* થોડું ગળ્યું.Sweetmeat, *s.* મિઠાઈ.
Sweetness, *s.* મિઠાસ, ગળપણ, મધુરતા, માધુર્ય.
Swell, *s.* સોજો; પૂર, રેલ; મોજું. 2 *v.* સોજો આ-
વવો; પૂર આવવું; વધારવું; સુજવું.
Swelling, *s.* સોજો; વધવું, ફુલવું, ઉપસી આવવું.
Swift, *a.* જલદ,ઉતાવળો.–ly, *ad.* જલદીથી,ઉતાવળે.
Swiftness, *s.* વેગ, દોડ, જલદી, ઉતાવળ, ચાલાકી.
Swim, *v.*તરવું;લપસવું.Swimmer, *s.* તરનાર,તારો.
Swindle, *v.* ધુતવું. Swine, *s.* ડુક્કર, ભુંડ.
Swing, *s.* ઝોકો, ઝોળો,હિંડોળો. 2 *v.* હિંચકાખાવા;
Switch, *s.* છડી, સોટી. 2 *v.* છડીથી મારવું. [ઝુલવું.
Swoon, *s.* મુર્છા, બેશુદ્ધિ. 2 *v.* મૂર્છા આવવી.
Swoop, *s.* ઝડપ, ઝપાટો. Sword, *s.* તરવાર.
Sycophant, *s.* ખુશામતિયો. Syllable,*s.*અક્ષર,પદ.
Syllogism, *s.* ન્યાય, અનુમાનનો એક પ્રકાર.
Sylvan, *a.* જંગલી, રાની, વનાચારી.
Symbol, *s.* નિશાની, ચિન્હ. –ical, *a.* લાક્ષણિક.
Symmetry, *s.* આકારશુદ્ધિ, અંગસંજોગ.
Sympathize, *v.* દયા આવવી; સરખું લાગવું.
Sympathy, *s.* દયા; સ્વભાવનું સરખાપણું.

Symptom, s. ચિન્હ, લક્ષણ. Synod, s. સભા.
Synonym, s. પર્યાય. -ous, a. એક અર્થનું.
Synopsis, s. સારાંશ. Syntax, s. વાક્યવિચાર.
Syringe, s. પિચકારી. 2 v. પિચકારી મારવી.
Systematical, a. વ્યવસ્થિત.
Systematize, v. ગોઠવણ કરવી.

T.

Tabernacle, s. તંબુ, ડેરો; દેવલ, દેહેરૂં.
Table, s. મેજ, ટેબલ; સપાટી.-cloth, s. ટેબલપર પાથરવાનું કપડું.-land, s. ડુંગરપરની સપાટ જમીન
Tablet, s. લખવાની પાટી, પત્ર.
Table-talk, s. જમતી વખતે થતી વાતચીત.
Tabour, s. મૃદંગ. Tacit, a. છાનું, ગુપ્ત.
Tacitly, ad. છાનુંમાનું.
Taciturn, a. અલ્પભાષી, મુગું.
Tackling, s. વહાણના દોરડા વિગેરે સામાન.
Tactics, s. સૈન્ય રચના, કવાયત.
Tail, s. પુંછડી, પુંછ; છેડો. -cut, a. બાંડું.
Tale, s. વાત, કાહાણી; ગણત્રી.-bearer, s. ચાડીયો.
Talent, s. અક્કલ, બુદ્ધિ: ગુણ. -ed, a. બુદ્ધિવાન.
Talents, s. અક્કલ, બુદ્ધિ. Talisman, s. જાદુગર.
Talk, s. વાતચીત, સંભાષણ; અફવા. 2 v. વાતચીત

કરવી. (-to) શિખામણ દેવી, ઠપકો દેવો.
Talkative, *a.* બહુબોલો, વાચાળ, બોલકણો.
Tall, *a.* ઉંચુ, લાંબું. Tallow, *s.* ચરબી.
Tallow-chandler, *s.* મીણબત્તી બનાવનાર.
Talon, *s.* પંજો, નખ. Tamarind, *s.* આંબલી.
